આધ્યાત્મિક કેડી

"ભાવાંજલિ ગ્રંથ"

કેડી

ગ્રંથ

Scanned by CamScanner

પૂજ્ય મા ગાયત્રી.

પૂજ્ય શ્રી શાસ્ત્રીજી.

તા-૭ ૮- ૧૮-૮૦.

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

ઈ. સ. ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશ અનુસાર પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીએ લોકસેવાના કાર્યનો આરમ્ભ કર્યો છે. મનુષ્ય ઇશ્વરાભિમુખ બને, માતાજીનું શરણું સ્વીકારી માનસિક શાંતિ પ્રાપ્ત કરે, એ માટે સમાજના ઉત્થાન અને વિશ્વના કલ્યાણાર્થે ગુરુદેવ પોતાની આત્મિક ને અધ્યાત્મિક શકિતનો વિનિયોગ કરી રહ્યા છે. એમની આત્મિક ને આધ્યાત્મિક શકિતનો લાભ વિશાળ જનસમુદાય લઈ શકે તે માટે તા. ૭ મી સપ્ટેમ્બરના પૂ. ગુરુદેવના જન્મદિન નિમિત્તે પ્રસ્તુત અંકનું પ્રકાશન કરતાં આનંદ અનુભવું છું. ગાયત્રી મહામંત્રની ઉપાસનામાં સહાયભૂત થઈ શકે એવી માહિતી તેમજ મા ગાયત્રીની કૃપાપ્રસાદીની અનુભૂતિઓ શ્રદ્ધાળુ સાધકોને પ્રેરક ને માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા છે.

—સમ્પાદક

: સમ્પાદક :

કૈલાસબહેન પરીખ

( મેનેજિંગ ટ્રસ્ટી )

: પ્રકાશક :

ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ
C/o. કૈલાસબહેન પરીખ
મેટ્રન ક્વાર્ટર્સ
ન્યુ બોયઝ મેડીકલ હોસ્ટેલ સામે,
ન્યુ સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ.

: મુદ્રક :

શિલ્પ આર્ટ
૧૨/૧૫૧૫, કલાર્ક રોડ,
શાહપોર,
સુરત.
☎
૨૩૫૭૮

Scanned by CamScanner



પરમ તેજદાત્રી મા ગાયત્રી

Scanned by CamScanner



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

## ગાયત્રી-ફાઉન્ડેશન

'સન્દેશ'ની 'અગોચર મનની અજાયબી'ના ગાયત્રી ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીએ માર્ચ ૧૯૭૫ થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન વિનામૂલ્યે કરી રહયા છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, આંધ્ર, તામીલનાડુ વગેરે પ્રદેશોમાં પૂ. શ્રી. ની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.



અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂ. શ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળથી માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

અમદાવાદમાં નિયમિત રીતે પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ ચાલે છે. આબાલ-વૃદ્ધ, જ્ઞાતિ, જાતિ અને ધર્મનાં બંધનો સિવાય કોઈપણ વ્યક્તિ પૂજ્ય શ્રી શાસ્ત્રીજી પાસેથી માર્ગદર્શન મેળવે છે.

છેલ્લાં પાંચ વર્ષથી વહેતી કાર્યધારાનો લ્હાવો વિશાળ જનસમુદાયે લીધો છે અને હજુ પણ લઈ રહયાં છે. પૂજ્યશ્રીનાં માર્ગદર્શન, જીવનજળ અને શક્તિપ્રદાનની સારવાર માટે લોકો મોટી સંખ્યામાં એકત્રિત થાય છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો બહોળા જનસમુદાયને લાભ મળી શકે અને પૂજ્યશ્રીની વિરલ અપ્રાપ્ય આધ્યાત્મિક શક્તિનો લ્હાવો સહુકોઈ વ્યક્તિને જ્ઞાતિ, જાતિ અને ધર્મના ભેદભાવ વગર મળી શકે તે આશય-થી એક ઉપાસક ભાઈ કે જેઓ પૂજ્યશ્રીના માર્ગદર્શનથી મા ગાયત્રીના કૃપ-પાત્ર બની શકયા, તેઓશ્રીએ ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

Scanned by CamScanner

આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :

(૧) ગરીબ તથા જરૂરિયાતવાળાં માણસોને હરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈપણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) મેડીકલ, વૈદ્યકીય તથા આરોગ્ય ક્ષેત્રમાં મદદ કરવી.
આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાંઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને હરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું વગેરે.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને અમારા આ પ્રયાસને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ
ટ્રસ્ટીઓ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ.

સરનામું
**કે. એન. પરીખ**
આસી. મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ,
અસારવા, અમદાવાદ-૧૬.

હાર્દિક શુભેચ્છા સાથે

ઓફિસ : ૩૮૭૨૧૬
ઘર : ૫૪૫૦૨

# પારી ચંદુલાલ આશારામ

**શ્રોફ એન્ડ કમિશન એજન્ટ**

**૧૩, નગરશેઠ માર્કેટ, રતન પોળ,**
**અ મ દા વા દ.**

આધ્યાત્મિક

Scanned by CamScanner



# ભાવાંજલિ

આધ્યાત્મિક અને આત્મિક શક્તિના પરમોત્કૃષ્ટ સ્થાને બિરાજેલ ગાયત્રીના પ્રખર ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીના નામથી ભારતની પ્રજા સુપેરે પરિચિત છે. એમનું કાર્ય અદ્વિતીય, અનોખું અને અપૂર્વ છે. આજની સામાજિક, વૈશ્વિક અને ધાર્મિક પરિસ્થિતિ જોતાં એમાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા છે. આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે. એ આધ્યાત્મિકતાની પ્રસ્થાપના દ્વારા જ સમસ્ત માનવચેતનાનો સમુદ્ધાર કરી શકાશે.

પૂ શાસ્ત્રીજી સરળ અને સાચી આધ્યાત્મિકતાનું નિદર્શન કરી રહ્યા છે. પોતાની સમસ્ત આધ્યાત્મિક અને આત્મિક શક્તિ દ્વારા લોક–કલ્યાણાર્થે પોતાનું જીવન સમર્પી દીધું છે ગાયત્રી–મહામંત્રના જપનો આદેશ આપીને પ્રત્યેક વ્યક્તિના માનસમાં આધ્યાત્મિકતાનું ઉત્થાન, ભક્તિના સંસ્કારનું સિંચન કરતા જાય છે. વ્યક્તિના જીવનને ભૌતિક રીતે તો સમૃદ્ધ કરે જ છે, પરન્તુ એમની ગાયત્રીમય ચેતનામાંથી સ્રવતાં ગાયત્રીનાં સ્પંદનો દ્વારા મનુષ્યને ભક્તિ અને શ્રદ્ધાનાં અનેકવિધ પરિમાણો અને પરિણામો અનુભવવા મળે છે. આપણે સૌએ આવા પ્રખર સિદ્ધપુરુષને ગુરુ તરીકે પ્રાપ્ત કર્યા છે એ આપણા સૌના પરમ સૌભાગ્યની અને મા ગાયત્રીની અસીમ કૃપા છે.

પૂ.શ્રીનું કાર્ય અતિ વિરલ અને દુર્લભ છે. એમનું માર્ગદર્શન, એમનો આદેશ, એમનાં સૂચનો મનુષ્યને માટે શ્રેયસ્કર છે. મા ગાયત્રીના ચરણકમળમાં આપણે સૌ મસ્તક ઝૂકાવી નમ્ર અભ્યર્થના કરીએ કે અમારા ગુરુદેવને વધુ ને વધુ આધ્યાત્મિક અને આત્મિક શક્તિઓ ને સિદ્ધિઓ પ્રાપ્ત થાય, એમના કાર્યની ક્ષિતિજો વિસ્તરતી રહે, એમના માર્ગદર્શન હેઠળ સમસ્ત વૈશ્વિક ચેતનાનો ઉદ્ધાર થાય, માત્ર ભારત જ નહિ, સમગ્ર વિશ્વનો ખૂણેખૂણો ગાયત્રી–મંત્રથી ગૂંજતો અને શાસ્ત્રીજીના નામથી ગાજતો રહે ! ગુરુદેવ, અમારું હૃદય આપના ચરણ-કમળમાં સમર્પિત કરીએ છીએ. અમારા સૌના જીવનપથ પર પ્રત્યેક પગલે માની કૃપા અને આપના આશીર્વાદનું અમીવર્ષણ થતું રહે એવી નમ્ર પ્રાર્થના. અમે સૌ આપનાં બાળકો આપના ચરણકમળમાં અમારી ભાવાંજલિ અર્પણ કરીએ છીએ એનો આપ સ્વીકાર કરો એ જ અભ્યર્થના.

લિ.

આપનાં બાળકો

Scanned by CamScanner

# ઈષ્ટ ઉપાસનામાં શ્રદ્ધા અને શરણાગતિનું મહત્ત્વ

સામ્પ્રતકાલીન સંકુલ સમાજરચના અને જટિલ જીવનરીતિને કારણે માનવજીવન અનેકવિધ વિકટ પ્રશ્નો, મૂંઝવણો, ગૂંચવણો અને વ્યથા-વેદનાની ભીંસમાં ભીંસાતું જાય છે. એમાંથી માનસિક શાંતિ મેળવવા માટે ઇશ્વર-ભકિત કે માનવીના પોતાના કોઇપણ ઇષ્ટ દેવ-દેવીની ઉપાસના શ્રેષ્ઠ માધ્યમ બની રહે છે. અજંપાથી ભરેલા માનવજીવન માટે ઈશ્વરોપાસના એક મહત્ત્વનું અવલમ્બન છે. ઈશ્વરભકિત દ્વારા ગમે તેવી વિષમ પળોમાં ય માનવી એનો ઉકેલ મેળવી શકે છે. જીવન-સંગ્રામમાં ઝઝૂમવાનું બળ પ્રાપ્ત કરી શકે છે. પરન્તુ એમાં શ્રદ્ધા અને શરણાગતિ અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ-ભાવે કરાતી ઉપાસના માત્રનું સત્પરિણામ આવે છે. સમસ્ત જીવનને પ્રભુચરણે સમર્પિત કરીને કરાતી ભકિત અનેકવિધ પરિમાણો સર્જે છે ને માનવજીવનને સમૃદ્ધ ને ઊર્ધ્વાભિમુખ બનાવે છે. ઇશ્વરભકિત કે પોતાના કોઇપણ ઇષ્ટ દેવદેવીની ઉપાસનાનો મૂળભૂત પાયો શ્રદ્ધા ને શરણાગતિ છે.

એ રીતે જોઇએ તો અનાદિકાળથી ગાયત્રી-ઉપાસના થતી આવી છે. આપણા અનેક પ્રાચીન-અર્વાચીન ઋષિમુનિઓએ પણ ગાયત્રી-ઉપાસના કરીને વિરલ ને વિલક્ષણ શકિત મેળવી છે, તેથી ગાયત્રી-મંત્ર ને તેની ઉપાસનામાં અપરિમેય શકિત સમાયેલી છે એમાં તો બેમત છે જ નહિ. ગાયત્રી-ઉપાસનાનો પણ મૂળભૂત પાયો શ્રધ્ધા અને શરણાગતિ જ છે.

**ગાયત્રી વેદજનની ગાયત્રી પાપનાશિની ।**
**ગાયત્ર્યાસ્તુ પરં નાસ્તિ દિવિચેહ ચ પાવનમ્ ॥**

ગાયત્રી વેદમાતા છે. પાપનો નાશ કરનાર છે. ત્રિલોકમાં ગાયત્રીથી મહાન બીજું કોઈ નથી.

**ગાયત્ર્યાં વર્ણમેકૈકં સાક્ષાત્ દેવસ્વરૂપમ્ ।**
**તસ્માદુચ્ચારણાન્તસ્ય ત્રાણમેવ ભવિષ્યતિ ॥**

ગાયત્રી-મંત્રનો એક એક અક્ષર દેવસ્વરૂપ છે. તેનો ઉચ્ચાર કરતાં જ ઉપાસકનો ઉધ્ધાર થાય છે. **ગાયત્રી ઉપાસનાનો અધિકાર સર્વને છે.**

આ ગાયત્રી-મંત્ર અને એની ઉપાસના વિશે વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે ગાયત્રી મંત્રનો અધિકાર માત્ર દ્વિજોને જ છે, અન્ય જ્ઞાતિનાં લોકો ગાયત્રી ન કરી શકે. ગાયત્રી સ્ત્રીઓથી થાય જ નહિ. એના જેવું મોટું પાપ બીજું કોઈ નથી, ગાયત્રી તો અમુક પ્રકારના વિધિવિધાનથી જ કરવી જોઇએ. એ સિવાય

Scanned by CamScanner

એનો કોઈ અર્થ નથી. ગાયત્રી કરવામાં જો કંઇ ભૂલ થાય તો એનું પરિણામ ખૂબ ખરાબ આવે.

પૂ. શ્રી શાસ્ત્રીજી તો સ્પષ્ટ જ કહે છે કે ગાયત્રી કરવાનો અધિકાર મનુષ્ય માત્રને છે. માણુસ જન્મે નહિ, પણ કર્મે બ્રાહ્મણ હોવો જોઇએ. મનુષ્ય પોતાના ઉચ્ચ ને સાત્ત્વિક સંસ્કારોથી જ શોભે છે નહિ કે એના જન્મથી. ગાયત્રી–મંત્ર એ વેદોકત પ્રાર્થના છે. પોતાને સદ્‌બુદ્ધિ આપવા માટે ભગવાન સવિતા નારાયણને એમાં પ્રાર્થના કરવામાં આવી છે. ભગવાનની પ્રાર્થના કરવામાં, ભગવાનની પાસે જવામાં કોઈપણ પ્રકારનો ભેદભાવ ન હોઈ શકે. તેથી કોઇપણ પ્રકારના જ્ઞાતિ–જાતિ–ધર્મ કે સમ્પ્રદાયના ભેદભાવ વિના ગાયત્રી કરવાનો પ્રત્યેક મનુષ્યને અધિકાર છે. જે કોઈ માનવી અન્ય કોઈપણ સમ્પ્રદાયનો હોય અને અન્ય કોઈપણ પોતાના ઇષ્ટ દેવ–દેવીની પૂજા–આરાધના કરતો હોય તો પણ એની સાથે સાથે ગાયત્રી કરી શકે છે, મંત્રજપ કરી શકે છે, એમાં કોઈપણ પ્રકારની શંકાને કે ભેદભાવને અવકાશ નથી.

ગાયત્રીની આપણે માતા સ્વરૂપે આરાધના કરીએ છીએ તેથી મા પાસે એના બાળકને જવામાં કોઈ ભેદભાવ હોઇ શકે ખરો? મા–બાળકનો સમ્બન્ધ સ્થાપી શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક ગાયત્રી–મંત્ર કરવાની પ્રમુખ શરત છે. એનાથી કોઇ વિપરીત પરિણામ નથી આવતું કોઇપણ પ્રકારનું અનિષ્ટ નથી સર્જાતું.

## મંત્રજપની પદ્ધતિ: શ્રદ્ધા ને શરણાગતિ

પૂ. શ્રી શાસ્ત્રીજી મા ગાયત્રીના આદેશથી ત્રિપદા ગાયત્રી મહામંત્રનો જપ કરવા સૂચવે છે.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય
ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥

ગાયત્રી મંત્રજપ કરવા માટે બ્રાહ્મમુહૂર્ત–સવારે ચારથી સાતનો સમય અતિ ઉત્તમ છે. પરન્તુ એટલી વહેલી સવારે જો શકય ન બને તો, બને એટલી વહેલી સવારે શૌચ–સ્નાનાદિથી પરવારી, સ્વચ્છ કપડાં પહેરી શકય ને સુલભ હોય તો માતાજીનો ફોટો સામે રાખી, દીવો, ધૂપ, અગરબત્તી કરીને દર્શના



Scanned by CamScanner

આસન પર પૂર્વાભિમુખ બેસી, ત્રિપદા ગાયત્રી મહામંત્રની ત્રણ માળા કરવાનો નિત્યક્રમ રાખવો. માળા ફેરવવા માટે ૧૦૮ મણકાની તુલસીની માળા રાખવી. જો સવારે માળા ફેરવવાનું શક્ય ન બને તો આખા દિવસમાં ગમે ત્યારે, સાયંકાળ પહેલાં માળા કરવી. સાયંકાળ પછી માળા કરવી હિતાવહ નથી, માળા ફેરવવા માટે સમય ને સ્થળ નક્કી કરવા આવશ્યક છે.

પૂ. શ્રી શાસ્ત્રીજીનો સ્પષ્ટ આદેશ છે કે ગાયત્રી કરતી વખતે કોઇપણ પ્રકારના વિધિવિધાનમાં પડવાની આવશ્યકતા નથી. કારણ કે વિધિવિધાનની બાહ્ય પળોજણમાં પડવા જતાં મૂળ વાત તો વિસરાઇ જ જાય છે. તેથી શ્રધ્ધા ને શરણાગતિપૂર્વક, મા-બાળકનો સમ્બન્ધ પ્રસ્થાપિત કરી ગાયત્રી-મંત્ર જપ કરવાનો શાસ્ત્રીજીનો આદેશ અ-વિસ્મરણીય છે. અલબત્ત, વિધિવિધાનનું જ્ઞાન હોય, આવડત ને સમજ હોય તો કરવામાં કશો બાધ પણ નથી, પરન્તુ સામાન્ય જનસમાજને માટે વિધિવિધાનની આવશ્યકતા નથી.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને તો કહ્યું જ છે:

મન્મના ભવ, મદ્‌ભકત મદ્યાજી, મામ્ નમસ્કુરુ ।

શ્રદ્ધા અને શરણાગતિ એ ઉપાસનાનો મૂળભૂત પાયો છે.

*With Best Compliments From*

# M/S. Gayatri WOOD WORKS

C-35, M. P. Shah Muni. Udyognagar, Saru Section Road,
JAMNAGAR-361 002.

Manufacturers of :

**Dimond Cutter Tools,**

**Wooden Floaring Tiles & Industrial Cases.**

આધ્યાત્મિક કેડી

Scanned by CamScanner

# ગાયત્રી–ઉપાસકોને પૂ. શ્રી શાસ્ત્રીજીનું માર્ગદર્શન



મા ગાયત્રીના આદેશથી પૂ. શ્રી શાસ્ત્રીજીએ તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૭૯થી લોકસેવાર્થે ગાયત્રી-મહામંત્રના નિદર્શનનું કાર્ય હાથ ધર્યું. વિનામૂલ્યે લોકસેવાનો ભેખ ધરી આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત કંઈ કેટલીયે વ્યક્તિઓનાં દુઃખદર્દ મીટાવી સેવાયજ્ઞમાં આહુતિ આપી છે. તેઓશ્રીના સેવાયજ્ઞમાં કંઇ લાખો માણસોએ ભાગ લીધો છે. ગાયત્રી-ઉપાસકોને માર્ગદર્શક નીવડે તે હેતુથી કેટલીક વીગતો અત્રે પ્રશ્નોત્તર રૂપે રજૂ કરી છે.

**સ.** પૂ. શાસ્ત્રીજી, ગાયત્રી એટલે શું ?

**જ.** ગકારો ગતિદઃ પ્રોક્ત અકારો વિષ્ણુ સ્વયમ્ ।
ત્રસ્ત્રાતા ચ તથા વિદ્ધિ ઈકાર ઇશ્વરઃ સ્વયમ્ ॥

ગ–ગતિ આપનાર, અ–વિષ્ણુનું પરમ પદ.
ત્ર–રક્ષણ કરનાર, ઈ–સાક્ષાત્ ઇશ્વર.

પર બ્રહ્મમાં ગતિ કરાવે છે, ગતિ કરી રક્ષણ કરે છે તે ગાયત્રી કહેવાય.

૨ ગા–સર્વ ગામિની શક્તિ, યત્રી–નિયમન કરનાર.

**અર્થ :** પરબ્રહ્મની સર્વવ્યાપી શક્તિ જે સર્વત્ર ગમન કરે છે અને ક્રિયા માત્ર છે તેને જે નિયમનમાં રાખે છે તે ગાયત્રી.

**સ.** ત્રિપદા ગાયત્રી એટલે શું ? ગાયત્રી સર્વથી શ્રેષ્ઠ શા માટે ?

**જ.** ત્રિપદા નામ ગાયત્રી બ્રહ્મવિદ્યા પુરાતની ।
સસ્તનાપિ ગુણાતીતા પ્રણુવ ત્રય સંયુતા ॥

ત્રણ પ્રણુવ સાથે ત્રણ પદવાળી ગાયત્રી એ પુરાતની બ્રહ્મવિદ્યા છે. એ સગુણ હોવા છતાં પણ ત્રણ ગુણોથી પર–નિર્ગુણ છે,

યથા ચ મધુ પુષ્પેભ્યો ધૃતં દુગ્ધર સાત્પયઃ ।
એવં સર્વ વેદાનાં ગાયત્રીસારમુચ્યતે ॥

જેવી રીતે ફૂલોમાંથી મધ, દૂધમાંથી ઘી તેવી રીતે સર્વ વેદોનો સાર ગાયત્રી છે.

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે :

ગાયત્રી છંદસામહમ્। છંદોમાં ગાયત્રી છંદ હું છું. ગાયત્રી મારું સ્વરૂપ છે.

ગાયત્રીના ચોવીસ અક્ષરો ૨૪ બીજશક્તિઓ છે. માતૃકાઓની મહાશક્તિઓનાં પ્રતીક છે. એ બધાંની ગૂંથણી એવા વૈજ્ઞાનિક ક્રમમાં થઈ છે કે આ

Scanned by CamScanner

મહામંત્રનો ફક્ત ઉચ્ચાર કરવાથી શરીરના જુદા જુદા ભાગોમાં રહેલી ૨૪ મહાન શક્તિઓ જાગૃત થાય છે.

**સ.** ગાયત્રી–મહામંત્રના ત્રણે ચરણનું ઉચ્ચારણ કરવું જરૂરી છે ? આખો મંત્ર ન બોલીએ અને ૐ ભૂર્ભુવઃ સ્વઃ કે ગાયત્રી મા–ગાયત્રી મા કરીએ તો ચાલે ?

**જ.** ગાયત્રી–મહામંત્રના ચોવીસ અક્ષરોનું ઉચ્ચારણ કરવાથી શરીરની ૨૪ શક્તિઓમાં એક પ્રકારનો સંગીતમય ગુંજારવ ઉત્પન્ન થાય છે, જે સાધકને યોગશક્તિ, દિવ્યશક્તિ–સંપન્ન બનાવે છે. સાધકના હૃદયની મલિનતાનો પરદો હટાવે છે. ગાયત્રી–મંત્રના ચોવીસ અક્ષરનો ક્રમ અને ઉચ્ચારણ વાતાવરણમાં પવિત્ર અને શાંતિદાયક પ્રભાવ પ્રગટાવે છે. ઉપાસકના સૂક્ષ્મ મસ્તિષ્ક પર એનો અપ્રતિમ પ્રભાવ પડે છે.



**સ.** ગાયત્રી માતાને પાંચ મુખો શા માટે ?

**જ.** ગાયત્રીના પાંચમુખોમાં અસંખ્ય રહસ્યો ને તત્ત્વો છૂપાયેલાં છે.

અ. ગાયત્રી–મંત્રના પાંચ ભાગ—

(૧) ૐ, (૨) ભૂર્ભુવ સ્વઃ, (૩) તત્સવિતુર્વરેણ્યમ્, (૪) ભર્ગોદેવસ્ય ધીમહિ, (૫) ધિયો યો નઃ પ્રચોદયાત્.

બ. પાંચ દેવતાઓ ગાયત્રીનાં શક્તિકેન્દ્રો કહેવાય છે.

ૐ એટલે ગણેશ. વ્યાહૃતિઓ એટલે ભવાની.

પ્રથમ ચરણ એટલે બ્રહ્મા, બીજુ ચરણ એટલે વિષ્ણુ, ત્રીજું ચરણ એટલે મહેશ.

ગણેશ, ભવાની, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ પાંચ પ્રસિદ્ધ દેવતાઓ ગાયત્રીનાં શક્તિકેન્દ્રો કહેવાય છે.

ક. ચાર વેદ અને પાંચમો યજ્ઞ એમ ગાયત્રીના પાંચ મુખ જેમાં સઘળું જ્ઞાન, વિજ્ઞાન. ધર્મ, કર્મ બીજરૂપે કેન્દ્રિત થયેલું છે.

ડ. આત્માના પાંચ કોષો છે. જેમાં જીવ બંદીવાન થઇ ગયો છે. અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ. કોષ એટલે ખજાનો. આત્માના આ પાંચ કોષોમાં અમૂલ્ય અદ્ભુત ખજાનો છુપાયેલો છે.

Scanned by CamScanner

આ પાંચ કોષો સિદ્ધ કરવાથી અગણિત સુખસંપત્તિ મેળવી શક્ય છે અને સ્વર્ગીય સુખની પ્રાપ્તિ થાય છે. યોગીલોકો, ઉપાસકો આ અનંત આનંદની પ્રાપ્તિ માટે જ તપ કરતા હોય છે. દેવતાઓ આ આનંદને માટે જ મનુષ્યદેહ ઝંખતા હોય છે. પાંચ તત્ત્વ, પાંચ કોષ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, ઉપપ્રાણ. પાંચ તન્માત્રા, પાંચ યજ્ઞ, પાંચ દેવ, પાંચ યોગ, પાંચ અગ્નિ.

પાંચ અંગ, વર્ણ, સ્થિતિ, અવસ્થા, ક્લેશ વિ. અનેક પંચચક્રો ગાયત્રીના પાંચ મુખો સાથે સંબંધ ધરાવે છે; એને સિદ્ધ કરનાર પુરુષાર્થી, વ્યક્તિ, ઋષિ, રાજર્ષિ, બ્રહ્મર્ષિ, મહર્ષિ અને દેવર્ષિ કહેવાય છે. આત્માની ઉન્નતિની આ પાંચ કક્ષાઓ છે ને પાંચ ભૂમિકાઓ છે. જે વ્યક્તિ જે ભૂમિકાને સિદ્ધ કરે તે તે કક્ષાનો ઋષિ બને છે.

પુરાણમાં ભારતભૂમિ ઋષિઓની ભૂમિ કહેવાતી જ્યાં ઋષિથી ઊતરતી કક્ષાનો કોઇ માણસ નહોતો. કલિયુગમાં આ પંચતત્ત્વના અનાદરથી આત્મા ઋષિની કક્ષાએથી ગર્તામાં ધકેલાઇ ગયો છે.

**સ.** જપ અને ધ્યાન એટલે શું ? એ બે વચ્ચે શો ભેદ છે ?

**જ.** જપ એટલે કોઇપણ એક મંત્ર કે ઈશ્વરના નામનું વારંવાર પઠન કરવું, એની માળા ફેરવવી તે. જપ એ ભક્તિનો–ઈશ્વરના નામસ્મરણનો સૌથી સરળ, સહેલો ને શ્રેષ્ઠતમ ઉપાય છે. ખૂબ જ સરળતાથી ઈશ્વરનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકાય છે. જન્મનઃ પાતિ ઇતિ જપ, જન્મજન્માન્તરના ફેરામાંથી મુક્ત કરે તે જપ.

ધ્યાન એ ઈશ્વરના સગુણ સ્વરૂપનું ચિંતન છે.

જપ–સહિત અને જપરહિત બંને રીતે ધ્યાન થઇ શકે.

**સ.** સગુણ અને નિર્ગુણ ધ્યાન એટલે શું ?

**જ.** ભગવાનની મૂર્તિ કે છબીનું ધ્યાન કરવું તેને સગુણ ધ્યાન કહેવાય. શરૂઆતમાં ઉપાસકને સગુણ ધ્યાન જ માફક આવે છે. નિર્ગુણ ધ્યાનમાં પરમાત્માની અનન્તતા, નિત્યતા, શુદ્ધતા, બુદ્ધતા સત્ય આનંદ વગેરે આદર્શ ભાવનાઓનું ધ્યાન કરવું આ ભાવનાઓને તમારી પોતાની સાથે જ સંયોજીત કરો.

આધ્યાત્મિક

Scanned by CamScanner

# ચિત્તની એકાગ્રતા કેવી રીતે સાધી શકાય ?



ભક્તિ માત્ર–પછી તે પોતાના કોઈપણ ઈષ્ટદેવની હોય કે ગાયત્રીની હોય–ભક્તને ચિત્તની એકાગ્રતાનો પ્રશ્ન ખૂબ સતાવતો હોય છે. લગભગ પ્રત્યેક મનુષ્યને ચિત્તની એકાગ્રતા કેળવવામાં મુશ્કેલી નડે છે. પૂજામાં બેસતાં, મંત્રજપ કરતી વેળા અનેક જાતના વિચારો મન પર કાબૂ જમાવે છે.

ચિત્તની એકાગ્રતા કેળવવી એ ઘણું દુષ્કર છે. સૌ પ્રથમ તો સહુ કોઈને એકાગ્રતા કેળવવામાં મુશ્કેલી પડે જ પડે. આપણા સિદ્ધપુરૂષોને પણ ચિત્તની એકાગ્રતા કેળવવામાં મુશ્કેલી તો પડી જ છે. મનને જાતે જ કેળવવું પડે છે. તાત્કાલિક વિચારોનું ભારણ દૂર નથી થતું. છતાં વિચારો આવે ત્યારે પણ મંત્રજપ તો ચાલુ જ રાખવા. વિચારો આપોઆપ દૂર થઈ જશે ને મંત્રજપમાં ચિત્ત એકાગ્ર થશે. શરૂશરૂમાં મનના વિચારોને કાબૂમાં રાખવા કોઈપણ સાધકને મુશ્કેલ બને છે. પણ દરરોજની ટેવથી ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. કોઈપણ કાર્ય માટે પ્રેમ, લગની, જવાબદારી હોય તો જ એકાગ્રતા કેળવી શકાય. આપણા બધાનો લૌકિક અનુભવ હશે કે ઓફિસમાં કે ધંધામાં, અમુક વખતે એટલા બધા ગરકાવ થઈ ગયા હોઈએ છીએ કે આગળ–પાછળની પરિસ્થિતિનો આપણને ખ્યાલ નથી રહેતો. સ્થળ ને સમય પણ વિસરાઈ જવાય છે.

મંત્રજપ કરતી વખતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં રાખવાં આવશ્યક છે.

(૧) અલગ શાંત ઓરડો કે જગ્યા જ્યાં માણસોની અવરજવર ન હોય.

(૨) ધૂપ–દીપ કરવો જેથી વાતાવરણ આહ્લાદક રહે.

(૩) બ્રાહ્મમુહૂર્તમાં મંત્રજપ શરૂ કરો. સવારના ૪ થી ૭ નો સમય ઉત્તમ કહેવાય.

(૪) માતાજીની–આરાધ્ય દેવની મૂર્તિ કે ફોટો નજર સમક્ષ રાખો.

(૫) આપને અનુકૂળ હોય તે આસનમાં [સ્વસ્થ, ટટ્ટાર, મસ્તક, ડોક તથા ધડ ટટ્ટાર રહે તેમ બેસો, ટેકો લઈને કે અઢેલીને બેસવું નહિ.

(૬) આંખો બંધ રાખો, સુગમતાપૂર્વક બે ભ્રૂકુટિઓ વચ્ચેનો ભાગ ત્રિકુટિ પર ધ્યાન કેન્દ્રિત કરો. મૂર્તિ કે છબીની માનસિક કલ્પના કરવી.

(૭) એકલા રહીને જ બ્રહ્મ સાથે સંપર્ક સાધો.

(૮) મન સાથે ખેંચતાણ કરવી નહિ, શરીર ઢીલું રાખવું.

Scanned by CamScanner

(૯) અર્થપૂર્વક મંત્રજપનું ઉચ્ચારણ કરવું.

(૧૦) હોઠ હલાવ્યા વિના માનસિક જપ કરવા પ્રયત્ન કરવો.

(૧૧) મનને શાંત કરો. વિચારને રોકો.

(૧૨) મનને દબાવવા માટે ઉગ્ર પ્રયત્ન કરવો નહિ. મન વિચારોનાં વમળ સાથે એકદમ દોડાદોડ કરે તો થોડો સમય તેને તેમ કરવા દો કે જેથી મનનો પ્રયત્ન પૂરો થઇ જાય. ધીરે ધીરે વિચારો શાંત થઈ જશે અને મન તમારી આજ્ઞાની રાહ જોશે. મનને વશ કરવામાં સમય લાગશે. જેમ જેમ પ્રયત્ન કરતાં જશો તેમ તેમ તે તમને વશ થતું જશે.

(૧૩) ભગવાનના દિવ્ય ગુણો જેવા કે નિર્વિકાર, સર્વજ્ઞ, સર્વશકિતમાન, શુદ્ધ, સર્વવ્યાપી, પૂર્ણ વિ. ગુણોનું ચિંતન કરવું.

(૧૪) ઉત્તમ વિચારોને મનમાં આવવા દો. ભગવાનની છબીનું તથા મંત્રનું વારંવાર એકચિત્તે ધ્યાન કરો.

(૧૫) શરીરને વારંવાર હલાવવું કે ખંજવાળવું નહિ. સ્થિર બેસી ધીરે ધીરે શ્વાસ લેવો, ઢીલાં કપડાં પહેરવાં.

(૧૬) પૂર્વાભિમુખ, દર્ભના આસન પર બેસી મંત્રજપ કરવા.

(૧૭) ધ્યાન કર્યા સિવાય એક પણ દિવસ જવો જોઈએ નહિ. સાત્વિક ખોરાક ખાવો. સાત્વિક જીવન જીવવું.

(૧૮) મન થાકી જાય ત્યારે થોડો આરામ કરવો, ખુલ્લી હવામાં જવું, વાતાવરણ બદલવું.

તમારા મનને માત્ર મા ગાયત્રી–ઇષ્ટદેવના વિચારોમાં જ નિમગ્ન રાખશો તો જલ્દીથી નિર્વિકલ્પ અવસ્થા પર પહોંચી શકશો.

× × ×

"ચલં વાતે ચલં ચિત્તમ્"

"પાતંજલ યોગદર્શન"

# ગાયત્રી–અનુષ્ઠાન



નિયત સમયમાં શિસ્તબદ્ધ રીતે પ્રયોજેલી ઇષ્ટ ઉપાસનાને અનુષ્ઠાન કહેવાય.

અનુષ્ઠાનમાં રોજની અમુક માળા નક્કી કરી અમુક જ સમયમાં પૂરી કરવી જોઇએ. અનુષ્ઠાન ત્રણ પ્રકારે થઈ શકે છે.–લઘુ અનુષ્ઠાન અનુષ્ઠાન ને પુરશ્ચરણ. લઘુ અનુષ્ઠાન ચોવીસ હજાર જપનું હોય છે, એમાં રોજની ૨૭ માળા નવ દિવસ કરવાની હોય છે. અનુષ્ઠાન સવા લાખ જપનું હોય છે, એમાં રોજની ૩૩ માળા ૨૪ દિવસ કરવાની હોય છે. ચોવીસ લાખ જપનું એક પુરશ્ચરણ ગણાય છે. બની શકે તો બ્રાહ્મમુહૂર્તમાં માળાનો પ્રારંભ કરવો. જો તેમ ન બને તો બને તેટલી વહેલી સવારે શૌચ સ્નાનાદિથી પરવારી માતાજીના ફોટા સમક્ષ બેસી શકય અને અનુકૂળ હોય તો ધૂપ–ઘૃતદીપ–અગરબત્તી પ્રગટાવી, પૂર્વાભિમુખ દર્ભના આસન પર બેસી મંત્રજપ કરવા. અનુષ્ઠાન કરતી વેળા અન્ય કોઈપણ પ્રકારના વિધિવિધાનમાં પડવાની આવશ્યકતા નથી. માત્ર શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક, મા–બાળકનો સમ્બન્ધ પ્રસ્થાપિત કરી અનન્યભાવે મંત્રજપ કરશો તો જરૂરથી એનું સત્પરિણામ આવશે. માતાજીની કૃપાની અનુભૂતિઓ થશે.

અનુષ્ઠાન કરતી વખતે કોઇપણ પ્રકારની શરત ન રાખવી. સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિથી, મા–બાળકનો સમ્બન્ધ સ્થાપી, મંત્રજપ કરવા. જીવનના ગમે તેવા અટપટા પ્રશ્નોમાં સચોટ માર્ગદર્શન મળશે, સુખદ ઉકેલ આવશે. કારણ કે માને પોતાના બાળકની સર્વ જરૂરિયાતોની ખબર હોય જ છે. એની બધી જ મુશ્કેલીઓની જાણ હોય છે તેથી એ યોગ્ય સમયે યોગ્ય માર્ગ–ઉકેલ કરી જ આપે છે. આપણે તો માત્ર શરણાગતિ જ રાખવાની આવશ્યકતા છે. જિંદગી આખી માને ચરણે સમર્પિત કરી દેવી. મા પોતાના બાળકનું કદી ખરાબ તો ન જ કરે એ દેખીતી વાત છે. માત્ર સાચા દિલથી–ભાવથી ભકિત કરવી જરૂરી છે. જો તમે શરત મૂકો, આટલા જપ કરું છું. મારું કામ થવું જોઇએ એ વાત જ ખોટી છે. એ તો શેઠ અને નોકરના સમ્બન્ધ જેવી વાત છે. ને એ રીતે શેઠ કંઈ નોકરની બધી જ વાતો માગણીઓ પૂરી નથી કરતા. તેથી મહત્ત્વ શરણાગતિ ને વિશ્વાસનું છે.

અનુષ્ઠાન કરતી વખતે નક્કી કરેલી માળા પૂરી કરવા માટે એકસરખું બેસી ન શકાય તો થોડીક માળા સવારે, બાકીની બપોરે એમ અવકાશે પૂરી કરી

Scanned by CamScanner

શકાય. વચ્ચે ઊઠવું હોય તો ઊઠી શકાય. પરંતુ માળાનો ક્રમ એ માટે નક્કી કરવો જરૂરી છે. સૂર્યાસ્ત પહેલાં જ માળા પૂરી કરવી જોઈએ. સમય, સ્થળ ને માળાનો ક્રમ નક્કી કરવાના રહે છે. અનુષ્ઠાન કરતી વખતે કેટલાક નીતિનિયમો જાળવવા જોઈએ. શારીરિક–માનસિક પવિત્રતા જાળવવી જોઈએ.

વર્ષની ચાર નવરાત્રી—પોષ, ચૈત્રી, અષાઢ ને આસો. આસો માસના નવરાત્રનું અનુષ્ઠાન શ્રેષ્ઠ છે, છતાં અનુષ્ઠાન કોઈપણ દિવસે, કોઈપણ મહિને થઇ શકે છે–સૌ સૌની ઇચ્છા મુજબ. એમાં કોઈ જ વિધિવિધાનની આવશ્યકતા નથી. મહત્ત્વ માત્ર શ્રદ્ધા ને શરણાગતિનું છે. સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિભાવે કરેલું અનુષ્ઠાન ફળે જ છે. એનો લાભ મળે જ છે–ભૌતિક અને આધ્યાત્મિક બંને રીતે.

●

અહંકાર ન મળે ઉરમાં, વાણીમાં ન મળે વિલાસ,
આંખડિયે અમૃત ઝરે, તને નમું શાસ્ત્રીજી આજ.

*

સુખિયા આ સંસારમાં, જીવતાં માનવ–લોક,
ઓશિયાળાનો આશરો, શાસ્ત્રી જેવા કોક.

*

આંખ્યુંમાં અમૃત ઝરે, વાણીમાં ઝરે વિવેક,
હૈડે ભંડાર હેતનાં, એવા દેવ નરેન્દર એક.

*

દર્શન કરતાં દુઃખ હરે, પૂરે મનની આશ,
શાસ્ત્રીજીના ધામમાં કોઈ ન થાય નિરાશ.

—શ્રી રતિકુમાર વ્યાસ

આધ્યાત્મિક

Scanned by CamScanner

# મા ગાયત્રીની કૃપાથી નવી જિન્દગી મળી !



અમેરિકામાં રહેતા શ્રી પ્રીતમભાઈનો ગ્રોસરી અને સાડીઓનો વેપાર છે અને ન્યૂયોર્ક તથા ન્યુજર્સીમાં તેમના સ્ટોર આવેલા છે. પ્રીતમભાઈ સશક્ત અને તંદુરસ્ત હતા. પરન્તુ એક વખત તેમના મોઢા ઉપર સોજા આવ્યા. ત્યાં ડોકટરને બતાવ્યું તો કહ્યું કે, ખાવામાં કંઈ આવી ગયું હશે. પરંતુ બે અઠવાડિયાં વીત્યા છતાં પણ તેમનો સોજો ઊતર્યો નહિ. જેથી શ્રી પ્રીતમભાઈનો ભાણો કે જે ત્યાં ડોકટર છે તેમણે સલાહ આપી કે 'એક્સ-રે' કઢાવો. એક્સ-રેમાં આવ્યું કે ફેફસામાં ગાંઠ છે. પછી પ્રીતમભાઇને હોસ્પીટમાં દાખલ કર્યા અને રેડીએશનની ટ્રીટમેન્ટ આપી અને બધી જ જાતનાં ટેસ્ટ કર્યા અને ગાંઠ એવી જગ્યા પર ફેફસામાં આવેલી કે ઓપરેશન થઈ શકશે નહિ એવું ડોકટરોએ જાહેર કર્યું. અને ડ્રગની ટ્રીટમેન્ટ ચાલુ રાખી.

આ વાત જાણી પ્રીતમભાઈના સગાંવહાલાં ખૂબ જ ચિંતાતુર રહેતાં. આ અરસામાં લંડનમાં રહેતા. પ્રીતમભાઈનાં બહેન શાંતાબહેન કે જેઓ લંડનમાં દર રવિવારનું 'સન્દેશ' જે અમદાવાદથી નીકળે છે તે વાંચે છે. તેમાં તેમણે શાસ્ત્રીજીનો લેખ વાંચ્યો અને તરત જ તે પેપરનું કટીંગ કાપી અમેરિકા મોકલી આપ્યું અને શાસ્ત્રીજીનો સંપર્ક સાધવા જણાવ્યું.

શ્રી પ્રીતમભાઇએ તેમનાં સાળી કે જેઓ વડોદરામાં રહે છે તેમને જણાવ્યું કે, શાસ્ત્રીજીને મળો અને બધી વીગત જણાવો. આ બાબતની જાણ થતાં પ્રીતમભાઈનાં સાળીએ અમદાવાદની 'સંદેશ' ની ઓફિસને ફોન જોડયો અને સરનામું મેળવ્યું અને બીજે જ દિવસે શાસ્ત્રીજીની મુલાકાત લીધી. શાસ્ત્રીજીએ તેમની વાત સાંભળી કહ્યું : 'હાલમાં તો અમેરિકા આપ 'જીવનજળ' મોકલી શકો તેમ હો તો 'જીવનજળ' મોકલી આપો. પેલાં બહેને આગ્રહ કર્યો કે તમો પ્રીતમભાઇને 'શકિતપ્રદાન' ની સારવાર આપો. શાસ્ત્રીજીએ કહ્યું 'હાલમાં શકિતપ્રદાનની સારવારમાં પૂરતા માણસો છે તેથી સમય નથી. આપ ફરીથી મળજો. આમ તે બહેન બે-ત્રણ વખત શાસ્ત્રીજીને મળ્યાં. અને પ્રીતમભાઈની સારવાર માટે વિનંતી કરતાં રહ્યાં. શાસ્ત્રીજીને દયા તો ઘણી આવે પણ તેઓ શું કરે ? કારણ કે તેમની પાસે સેંકડો માણસો સારવાર માટે તો રાહ જોતાં જ હોય છે.

જ્યારે તે બહેન ૭૭ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં શાસ્ત્રીજીને મળવા આવ્યાં ત્યારે તેમના મુખ પર વિષાદ હતો અને તેમણે કહ્યું, "શાસ્ત્રીજી, આપ

Scanned by CamScanner

સમય નહિ આપો તો પ્રીતમભાઈ નજીકના ભવિષ્યમાં જ આ દુનિયા છોડી ચાલી જશે. આ કેસ ગંભીર છે. અમો બધા ખૂબ જ ચિંતાતુર છીએ. હાલમાં પ્રીતમભાઇ લંડન આવેલા છે જો આપ સમય આપો તો હું લંડન ફોન કરી તેમને અત્રે બોલાવી લઉં."

શાસ્ત્રીજીએ એકદમ આંખો બંધ કરી થોડી સેકંડો બાદ આંખ ખોલી અને પછી ડાયરી લઈ તારીખો જોઈ કહ્યું કે ૭૭ ઓગસ્ટની ૨૦ મી થી ૨૬ મી ઓગસ્ટ સુધી 'શકિતપ્રદાન'ની સારવાર માટે પ્રીતમભાઇને અત્રે બોલાવી લો. તે બહેને તરત જ વડોદરા જઈને લંડન ફોન કર્યો અને નકકી કર્યા મુજબ લંડનથી પ્રીતમભાઈ અને તેમનાં ધર્મપત્ની તાબડતોબ અત્રે આવી પહોંચ્યા. અત્રે આવ્યા બાદ તેઓશ્રી શાસ્ત્રીજીને મુલાકાતના સ્થાને મળ્યા. શાસ્ત્રીજીએ કહ્યું કે શકિત-પ્રદાનની સારવાર હું ઘરે આપું છું માટે આપ મારા ઘરે દરરોજ સાંજના ૭ થી ૮ વાગ્યાના સુમારે આવી જજો.

પ્રીતમભાઈએ કહ્યું કે હું વડોદરાથી રોજ આવ-જા કરું તો કાંઈ વાંધો ? શાસ્ત્રીજીએ કહ્યું કે, મારે તો આપનું કામ સાંજના ૭ થી ૮ ની વચ્ચે છે. જેથી આપ તે સમય દરમ્યાન આવી જજો. આમ પ્રીતમભાઇએ તા. ૨૦-૮-૭૭ થી ૨૬-૮-૭૭ સુધી શાસ્ત્રીજી પાસે આવીને શકિતપ્રદાનની સારવાર લીધી. ૨૬-૮-૭૭ ના રોજ સાંજના સારવાર બાદ શાસ્ત્રીજીએ પ્રીતમભાઈને કહ્યું કે હવે આપ કાલે આવજો. એકસ-રે કઢાવજો અને મને ખબર આપજો.

પ્રીતમભાઇએ વડોદરા જઇને તેમનો એકસ-રે લેવડાવ્યો તો ડોકટરે એકસ-રે જોઇને કહ્યું કે શાના માટે એકસ-રે કઢાવ્યો છે, ત્યારે તેમણે બધી વીગત કહી તો ડોકટરે કહ્યું કે, તમોને ફેફસામાં કોઇ જાતની ગાંઠ જ નથી. આ સાંભળી પ્રીતમભાઈ અને તેમનાં સગાંવહાલાં ખૂબ જ ખુશ થયાં અને શાસ્ત્રીજીને આ બાબતના ફોનથી ખબર આપ્યા- ત્યારે શાસ્ત્રીજીએ એટલું જ કહ્યું કે, ગાયત્રી-માતાની આરાધના ચાલુ રાખજો.

પ્રીતમભાઈ ફરીથી રુબરુ શાસ્ત્રીજીને મળવા આવ્યા અને આભાર માનવા લાગ્યા ને નવું જીવન પ્રાપ્ત થયાનો આનંદ માણવા લાગ્યા. ત્યારે શાસ્ત્રીજીએ



Scanned by CamScanner

મૃદુ સ્વરે કહ્યું, 'ભાઈ આભાર તો માનવો રહ્યો 'ગાયત્રી-માતા'નો. હું તો એક માધ્યમ તરીકે જ કાર્ય કરી રહ્યો છું.

શાસ્ત્રીજીએ પ્રીતમભાઇને સૂચન કર્યું કે, તમો અમેરિકા જઈને ફરીથી એક્સ-રે લેવડાવશો. અમેરિકા ગયા બાદ પ્રીતમભાઈએ ફરીથી એક્સ-રે લેવડાવ્યો. તો ત્યાં પણ ગાંઠ નથી એવું ડોકટરોએ જાહેર કર્યું અને આશ્ચર્ય પામી ગયા. ત્યારબાદ પ્રીતમભાઈએ ગાયત્રી-માતાના આ બનેલ ચમત્કારની વાત કરી તો ત્યાંના ડોકટરોએ પણ શાસ્ત્રીજીની મુલાકાત માટે ઇચ્છા પ્રદર્શિત કરી.

આજે પ્રીતમભાઇ અમેરિકામાં હોવા છતાં પણ નિયમિત ગાયત્રી-માતાની આરાધના ચાલુ રાખી છે અને નવી જિંદગી મળી છે તેનો સદુપયોગ કરી રહ્યા છે.



卐

---

હતો, મારો અહમનો રોજનો વે'વાર તૂટી ગયો,
ત્યાં મળી ખબર કે મારો ને તેનો અસલી શરૂ થયો.
આ તોડ ને એ જોડમાં, અંતે થાકી જવું પડયું,
આ હૃદયને પણ સાથમાં ઘણું સહી જવું પડયું.

અટૂલ જુગારી છું ને કંઈ યે દાવ ખેલું છું,
(ને) કોઈ મોટા દાવમાં ખુદ જુગાર બનીને બેસું છું;
છે ખરાખરીનો દાવ આજે, લ્યો ! અહંકારને ખેલું છું,
ને ગણ્યા ગાંઠયાં આ નામોમાં, મારું પણ એક ઉમેરું છું.

વીતી ગઈ જો રાત, સૂરજને માણને પ્રીતે !
ઓળખ મળી પરાણે, નાતો જોડને હેતે !
છેડતાં સરગમ પછી હૃદયને વાર નહીં લાગે,
(અરે એ) ઓળખને પણ અંતે પ્રીત બનતાં વાર નહીં લાગે.

卐

# ગાયત્રી મંત્ર : સ્ત્રીઓનો અધિકાર

સ્ત્રી ને પુરૂષ સંસારરથનાં બે ચક્રો છે. બંનેની આવશ્યકતા છે. બંને એકબીજા વિના અપૂર્ણ છે, પરસ્પર એકમેકનાં પૂરક છે. આદિકાળથી સ્ત્રીને શક્તિ રૂપે, દેવી તથા માતા રૂપે બિરદાવવામાં આવી છે.

ભારતવર્ષના પૌરાણિક ઈતિહાસમાં ધાર્મિક, આધ્યાત્મિક ને ઈશ્વરપ્રાપ્તિ માટેનાં કાર્યોમાં સ્ત્રીને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. સ્ત્રી-શક્તિના સંગ વગર યજ્ઞકાર્ય અધૂરું રહેતું. બ્રહ્માને પ્રાયશ્ચિત રૂપે આદરેલા યજ્ઞનું સમ્પૂર્ણ ફળ મેળવવા માટે સ્ત્રી શક્તિની જરૂર પડી ને ગાયત્રીને શક્તિરૂપે સ્થાપી યજ્ઞ પૂર્ણ કર્યો.

ઋગ્વેદની ઋષિકાઓની સૂચિ બ્રહ્મદેવતાના ચોવીસમા અધ્યાયમાં ૧૯ સ્ત્રીઓનાં નામ આપેલાં છે કે જેઓ પુરુષોની માફક યજ્ઞ કરતી અને કરાવતી હતી. યજ્ઞવિદ્યા અને બ્રહ્મવિદ્યામાં નિપુણ સ્ત્રીઓ પતિ, પુત્ર અને પિતાને માર્ગદર્શન આપતી હતી.

મનુની પુત્રી ઇડાએ પોતાના પિતાને યજ્ઞ સંબંધી સલાહ આપી હતી. પ્રાચીનકાળમાં સ્ત્રીઓ ગૃહસ્થાશ્રમની સાથે સાથે બ્રહ્મપરાયણ પણ રહેતી હતી. યાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયીને બ્રહ્મવાદિની તરીકે વર્ણવેલી છે. શંકરાચાર્યજીએ બ્રહ્મનો અર્થ વેદ કર્યો છે અને બ્રહ્મવાદિનીનો અર્થ 'વેદનું પ્રવચન કરવાવાળી' કર્યો છે. પુરૂષની જેમ સ્ત્રીઓ પણ બ્રહ્મચારિણી રહીને આત્મનિર્માણ ને પરમાર્થ સંપાદન કરતી હતી.

(૧) ભરદ્વાજની કન્યા શ્રુતવતી બ્રહ્મચારિણી (અવિવાહિત) રહી વેદાધ્યયન કરતી હતી.

(૨) સિદ્ધ નામની બ્રાહ્મણીએ કૌમાર્ય અવસ્થામાં વેદાધ્યયન કરી મુક્તિ મેળવી હતી,

(૩) સુલભા નામની બ્રહ્મવાદિનીએ રાજા જનક સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો. તેણીએ પોતાના શબ્દોમાં જણાવ્યું છે કે હું પ્રસિદ્ધ ક્ષત્રિય કુળમાં જન્મી મારે લાયક પતિ ન મળવાથી ગુરૂ પાસેથી શાસ્ત્રજ્ઞાન મેળવી મેં સંન્યાસ લીધો છે.



Scanned by CamScanner

સુલભાએ યાજ્ઞવલ્કય જેવા ઋષિ સાથે શાસ્ત્રાર્થ કરી જીત મેળવી હતી.

(૪) શંકરાચાર્યજીને ભારતીદેવી સાથે શાસ્ત્રાર્થ કરવો પડયો હતો. તેના પ્રશ્નનો ઉત્તર આપવા માટે શંકરાચાર્યજીને એક માસની મુદત માગવાની ફરજ પડી હતી.

આ પ્રમાણે નૈષ્ઠક, બ્રહ્મવાદિની. બ્રહ્મચારિણી સ્ત્રીઓ અગણિત હતી. આ ઉપરાંત ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં અગણિત સ્ત્રીઓએ બ્રહ્મચારિણી રહી વેદશાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું.

ઋગ્વેદ ૧–૧–૫ ની ટીકા કરતાં મહર્ષિ દયાનંદે જણાવ્યું છે કે જે કન્યા ચોવીસ વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક સંપૂર્ણ વેદવિદ્યાઓ ભણે છે તે મનુષ્ય જાતિની શોભા છે.



જો સ્ત્રી ઉપર શાસ્ત્રાધ્યયન માટે પ્રતિબંધ હોત તો યાજ્ઞવલ્કય અને શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થમાં ટક્કર લેનારી સ્ત્રીઓ કયાંથી હોત ? પ્રાચીન કાળમાં સ્ત્રીપુરુષોને વેદાધ્યયન માટે સમાન સગવડ રાખવામાં આવી હતી.

વેદોમાં સ્ત્રીલિંગી મંત્રો નારીએ જ બોલવાના હોય છે. કાઠકસંહિતા ૫–૪–૨૩ માં સ્ત્રીની ઈશ્વર–પ્રાર્થના નીચે પ્રમાણે છે,

આપ વેદ છો. સર્વશ્રેષ્ઠ ગુણો તેમજ ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનાર છો !...હું જ્ઞાનલાભને માટે આપને સારી રીતે પ્રાપ્ત કરૂં ! વેદ મને તેજસ્વી, કુળને ઉત્તમ બનાવનાર, ઐશ્વર્ય વધારનાર, જ્ઞાન આપે. વેદ મને વીરશ્રેષ્ઠ સંતાન આપે.

સ્મૃતિરત્નમાં આદેશ છે કે પુરૂષોની માફક સ્ત્રી પણ વેદાધ્યયન તથા વૈદિક કર્મકાંડ કરી શકે છે. ઉર્વશી, યત્રી, શચિ વિ. ઋષિકાઓને આ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. યમસ્મૃતિમાં કહેલું છે કે જેવી રીતે સ્ત્રીઓને વેદકાર્યો કરવાનો અધિકાર છે તેવી જ રીતે બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનો પણ અધિકાર છે.

વસિષ્ઠસ્મૃતિ–૨૧/૭ માં આદેશ છે કે જો સ્ત્રીને પતિ તરફ દુર્ભાવ આવે તો તે પાપના નિવારણ અર્થે ૧૦૮ વાર ગાયત્રી જપ કરવો. હિન્દુ વિશ્વવિદ્યાલયમાં કુમારી કલ્યાણદેવી નામની છાત્રાને વેદ કક્ષામાં દાખલ થવા માટે ઉપસ્થિત થયેલ

Scanned by CamScanner

ભારે ઉહાપોહ, વાદવિવાદ અને ગંભીર વિચારણાઓને અંતે સનાતન ધર્મના પ્રાણ મનાતા વિશ્વવિદ્યાલયના પ્રસિદ્ધ સ્થાપક મહાત્મા પંડિત મદનમોહન માલવિયાએ તેણીને વિશ્વવિદ્યાલયમાં વેદકક્ષામાં દાખલ કરી અને શાસ્ત્રીય આધાર પર એવો નિર્ણય કર્યો કે વિશ્વવિદ્યાલયોમાં સ્ત્રીઓને વેદાધ્યયન પર પ્રતિબંધ રહેશે નહિ. સ્ત્રીઓ પણ પુરૂષોની માફક વેદાધ્યયન કરી શકશે. અન્ય જાતિ તથા ધર્મનાં ભાઈબહેનો તથા આબાલવૃદ્ધ સર્વને ગાયત્રી–મંત્રનો અધિકાર છે.

ગાયત્રી–મંત્રજપ બ્રાહ્મણોનો જ અધિકાર છે એવું શા માટે ? વ્યક્તિ જન્મે નહિ, કર્મે બ્રાહ્મણ હોવી જોઈએ. પુરાણોમાં જન્મ અનુસાર કર્મની ગૂંથણી હતી. અને તેનું યથાર્થ આચરણ થતું હતું. પુરાણોક્ત સીમિત વાડાઓ જ્યારે અસીમિત થઈ ગયા છે ત્યારે ધર્મનું બંધન કે મર્યાદિતપણું અસ્થાને છે.

આ સંગમયુગમાં ધર્મ, જાતિ કે લિંગનાં બંધન વગર દરેક વ્યક્તિ ગાયત્રી–મંત્રજપ કરી શકે છે. ગાયત્રી–મહામંત્રને કશાનો જ દોષ કે બાધ લાગતો નથી. ધર્મ અને જ્ઞાતિના વાડાઓ તો માનવસર્જિત છે. દરેક ધર્મના મૂળભૂત સિદ્ધાંતો તો એક જ છે. ગીતામાં કહ્યું છે કે :

આકાશાત્ પતિતં તોયમ્ યથા ગચ્છતિ સાગરમ્ ।
સર્વદેવ નમસ્કારઃ કેશવમ્ પ્રતિ ગચ્છતિ ॥

આકાશમાંથી પડેલું પાણી (વરસાદ) જેવી રીતે એકત્ર થઈને સાગરમાં જ જાય છે તેવી રીતે બધા જ દેવોને કરેલા નમસ્કાર ભગવાન શ્રીકૃષ્ણને જ પહોંચે છે.

મારા મન્તવ્ય પ્રમાણે વિશ્વબંધુત્વની ભાવના કેળવી ગાયત્રી–મંત્રજપ બધાં જ કરી શકે છે. ધર્મ, જાતિ કે રાષ્ટ્રનાં બંધન તેની આડે આવી શકે નહિ.

સૂર્ય નિયમિત રીતે બધાંને અજવાળે છે. હિન્દુ ધર્મમાં સૂર્યપૂજા થતી હોવા છતાં સૂર્ય ઈતર ધર્મ કે જાતિને પોતાના પ્રકાશથી અલિપ્ત રાખતો નથી તો પછી આપણે અલિપ્ત રહેવાની શી જરૂર ?

ગાયત્રી–મંત્રજપના અધિકારનો વિચાર કર્યા વગર જેને સદ્‌બુદ્ધિ મેળવવાની, પોતાનું ને પારકાનું કલ્યાણ સાધવાની ઈચ્છા છે તથા આ લોક અને પરલોકમાં સુખશાંતિની અભિલાષા છે તેવા દરેક ભાઈબહેનને ગાયત્રી મંત્રજપ કરવાનો અધિકાર છે.

卐

ભગવાન શંકર કહે છે : શક્તિ વિનાનો હું શબવત છું.



Scanned by CamScanner



પૂ. શ્રી શાસ્ત્રીજીની કાર્યપ્રણાલીમાં 'શક્તિસિંચન' એક મહત્વનું ને નોંધપાત્ર પામ્યું છે. તસ્વીરમાં પૂ. શ્રી શાસ્ત્રીજી પોતાની આત્મિક ને આધ્યાત્મિક શક્તિથી ગાયત્રી-મંત્રના આંદોલનો દ્વારા ઉપાસકોમાં આ રીતે શક્તિનું સિંચન કરે છે. બાજુની ખુરશીમાં પૂ. બહેન બેઠેલા જણાય છે.



પૂ. શ્રી ના ગાયત્રી-મંત્ર નિદર્શનના કાર્યક્રમાં દરમ્યાન પૂ. બહેન ઉપાસકોને પૂ. શ્રી એ આપેલ માર્ગદર્શન અને સૂચનોનો અમલ કેવી રીતે કરવો તે સમજાવે છે. તસ્વીરમાં પૂ. શ્રી એ મુલાકાતીને આપેલ માર્ગદર્શન અને સૂચનોની વિગતો સમજાવતાં પૂ. શાસ્ત્રીજીનાં બહેન. બાજુમાં પૂ. શાસ્ત્રીજીની પુત્રી પિન્કુ છે.

Scanned by CamScanner



પૂ. શ્રી શાસ્ત્રીજીની વ્યક્તિગત મુલાકાતની એક ઝલક
પૂ. શ્રી ની સમીપ બેઠેલા સૂરતની ટેક્ષટાઈલ મિલના મેનેજિંગ ડિરેક્ટર અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી ભૂપેન્દ્રભાઈ કાપડિયા



પૂ. શ્રી નાં દર્શન, મુલાકાત અને માર્ગદર્શન માટે ભાવિકોએ આ રીતે હારબંધ ઊભા રહી પોતાનો ક્રમ આવતાં પૂ. શ્રી પાસે જઈ શકે છે.

Scanned by CamScanner

# પૂ. શાસ્ત્રીજીની કાર્યપ્રણાલી

આધ્યાત્મિક કેડી

અત્યારે આપણે એક પ્રકારના સંક્રાન્તિકાળમાં જીવી રહ્યા છીએ. કલિયુગની ઘડીઓ ગણાઈ રહી છે. વિશ્વનું નવસર્જન થવાની તૈયારી છે. પરમાત્માએ સાક્ષાત્ પૃથ્વી પર અવતરવાનું છે. પરમાત્માના આગમનની તૈયારી લોકમાનસમાં આધ્યાત્મિક પરિવર્તન લાવીને કરવાની છે. માનવજીવનનાં હ્રાસ થયેલા મૂલ્યોની સંથાપના કરવાની છે. અનેક પ્રકારનાં અનિષ્ટોઃ પ્રદૂષણોના નાશ કરવાનો છે. એને માટે ઇશ્વરના દૂતોનું સૌ પ્રથમ આગમન થાય છે. એઓ આવાં પ્રદૂષણોનો નાશ કરી સૃષ્ટિના વાતાવરણને સ્વચ્છ, સુઘડ ને પવિત્ર બનાવે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ચતુર્થ અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે :

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥**

જ્યારે જ્યારે ધર્મમાં ગ્લાનિ પ્રવર્તે છે, અધર્મનો ઉત્કર્ષ થાય છે, ત્યારે (અધર્મનો નાશ કરવા) હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥**

સજ્જનોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગ જન્મ લઉં છું.

## ભારતીય આધ્યાત્મિકતાઃ ગાયત્રી ઉપાસનાની પુનઃસ્થાપના

આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે. પરન્તુ એ આધ્યાત્મિકતા પ્રત્યે સમ્પૂર્ણ દુર્લક્ષ સેવાતાં વિવિધ પ્રકારનાં અનિષ્ટો–પ્રદૂષણોનો ફેલાવો થવા માંડયો. એ અનિષ્ટોના નિવારણાર્થે આધ્યાત્મિકતાની પુન પ્રતિષ્ઠાની આવશ્યકતા ઊભી થઇ. એ આધ્યાત્મિકતાને પુનઃ પ્રતિષ્ઠિત કરવા માટે ભારતની પવિત્ર ભોમકા પર અનેક તપસ્વી સન્તોએ પોતાની પ્રખર તપશ્ચર્યાના સ્વકીય બળે પોતાના પ્રયત્નોનો પ્રારંભ કરી દીધો છે ને એમ આધ્યાત્મિક ક્રાંતિનું પ્રખર મોજું ભારતની ભૂમિને ચારેકોરથી ઘેરી રહ્યું છે.

## ગાયત્રી ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

ભારતની આ આધ્યાત્મિક ક્રાંતિમાં ગાયત્રી–ઉપાસના શિરમોર રહી છે. આ આધ્યાત્મિક ક્રાંતિમાં ગુજરાત પ્રખ્યાતના પ્રખર તપસ્વી પૂ. શ્રી શાસ્ત્રીજીનો ફાળો

Scanned by CamScanner

અમૂલ્ય છે. ગાયત્રી–મહામંત્ર ને તેની ઉપાસનાના સરળ ને સચોટ માર્ગનું નિદર્શન કરનાર આ સિદ્ધપુરૂષનું કાર્ય ધ્યાનાર્હ ને પ્રશંસનીય છે.

શૈશવથી જ માતાપિતાના સંસ્કારબળે યજ્ઞોપવિત ધારણ કરતાં જ એમણે ગાયત્રી ઉપાસનાનો પ્રારંભ કર્યો. ગાયત્રી મહામંત્રના સંસ્કાર એમના અસ્તિત્વના અણુએ અણુમાં વ્યાપેલા છે. શાસ્ત્રીજી આમ તો ગૃહસ્થાશ્રમી છે, તેથી એક ગૃહસ્થ તરીકે બજાવવી પડતી બધી જ જવાબદારી એમણે પણ અદા કરવાની છે. ઈશ્વિરની ભકિત કરવા માટે સંસાર છોડવાની અનિવાર્ય આવશ્યકતા નથી. સંસારમાં રહીને પણ સાંસારિક ફરજો બજાવતાં બજાવતાં પણ મા ગાયત્રીની એમણે સંપૂર્ણ શ્રદ્ધા ને પ્રપત્તિભાવે આરાધના આરંભી. સંસારમાં રહેવા છતાં, સંસારથી સંપૂર્ણપણે વિમુખ થઈને, એઓ ઉત્તરોત્તર આરાધના કરતા જ ગયા. અન્તે મા ગાયત્રીની કૃપાના શ્રેષ્ઠ માધ્યમ બન્યા. મા ગાયત્રી એમના ઊંડા અંતઃકરણની આરાધનાથી પ્રસન્ન થયાં. પૂ. શાસ્ત્રીજીને મા ગાયત્રીનો સાક્ષાત્કાર ઈ. સ ૧૯૬૭ માં થયો ને ઉત્તરોત્તર એમાં વધારો જ થતો ગયો. મા ગાયત્રીએ શાસ્ત્રીજીને પોતાનું પ્રિય પાત્ર બનાવી એના માધ્યમ દ્વારા સમગ્ર ગુજરાત તેમ જ મહારાષ્ટ્રની જનતાને ગાયત્રી–અભિમુખ કરી, એટલું જ નહિ, ભારતનાં અન્ય શહેરો તેમ જ અલ્પાંશે પરદેશમાં પણ ગાયત્રીનો પ્રચાર કરવામાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો છે.

## શાસ્ત્રીજીની નિષ્કામ ઉપાસના

શ્રીમદ્ ભગવદ્ગીતાના નિષ્કામ કર્મયોગને શાસ્ત્રીજીએ સમ્પૂર્ણપણે પોતાના જીવન અને કાર્યમાં ઉતાર્યો છે. એમણે તો ઉપાસનાના આરમ્ભથી જ નિષ્કામ-ભાવે સંપૂર્ણ શ્રદ્ધાથી માની ભકિત કરી છે ને કરતા રહ્યા છે. એમાં સંસારનાં કોઈ ભૌતિક સુખની અપેક્ષા નહોતી કે અન્ય કોઈ કામનાની પૂર્તિ અર્થે પણ એમણે મા ગાયત્રીની આરાધના કરી નહોતી. માનવી જ્યારે નિષ્કામ ભકિત આદરે છે ત્યારે એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. એની નિષ્કામ ભકિત ઊર્ધ્વગામી બને છે. શાસ્ત્રીજીને પોતાની આરાધનાના પરિપાકરૂપે મા ગાયત્રીનો સાક્ષાત્કાર થયો એમાં એઓ પોતાના પૂર્વભવનાં પુણ્ય કર્મોનો ફાળો મહત્ત્વનો ગણે છે.

શાસ્ત્રીજીની આ ઉપાસનાની વિલક્ષણતા કે વિશિષ્ટતા તો એ છે કે એમણે માની આ કૃપાપ્રસાદીનો, માના આ સાક્ષાત્કારનો વિનિયોગ પોતાના ભૌતિક

Scanned by CamScanner

સુખની પૂર્તિ અર્થે ન કરતાં માનવજાતના કલ્યાણ અર્થે કર્યો.

## શાસ્ત્રીજીનો જપયજ્ઞ

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને યજ્ઞોના અનેક પ્રકારો વર્ણવ્યા છે, જેવા કે દ્રવ્યયજ્ઞ તપયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ વગેરે. દસમા અધ્યાયના પચ્ચીસમા શ્લોકમાં વિભૂતિઓનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : યજ્ઞાનામ્ જપ યજ્ઞો સ્મિ । યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે. જપ એટલે ઇશ્વરના કોઈપણ એક નામનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કર્યા કરવું તે. એમાં ભકતને અનેરો આનંદ આવે છે. એથી ભકત ને ઈશ્વરનું સામીપ્ય પ્રસ્થાપિત થાય છે. જન્મનઃ પાતિ ઇતિ જપ. જે જન્મજન્માન્તરના ફેરામાંથી મુકત કરે છે તે જપ.

શાસ્ત્રીજીએ આ જપયજ્ઞ આદર્યો છે. માનવજાતના કલ્યાણ અર્થે. માનવની અનેક મુશ્કેલીઓનો, દુઃખોનો, આપત્તિઓનો, આધિ, વ્યાધિ, ઉપાધિનો આ જપયજ્ઞમાં હોમ કરી રહ્યા છે ને એ રીતે માનવજીવનને સુખી ને સમૃદ્ધ કરવામાં પોતાની આરાધનાને ગતિશીલ બનાવી છે.

## ગાયત્રી–મહામંત્રનું માર્ગદર્શન

માતાજી તરફથી કોઈપણ વ્યકિતની મુશ્કેલીમાં ઉપકારક નીવડે તેવા આદેશો–સંકેતો પ્રાપ્ત થાય છે, તદનુસાર શાસ્ત્રીજી પ્રત્યેક વ્યકિતને વ્યકિતગત મુલાકાત આપી દરેક માનવીને તેમની મુશ્કેલીઓ અંગે ગાયત્રી–મહામંત્રનું નિદર્શન કરી રહ્યા છે. ગાયત્રી–મહામંત્રનો જપ કરવાનો આદેશ આપી રહ્યા છે. ગાયત્રી–મહામંત્ર અંગે સરળ ને સચોટ માર્ગદર્શન આપી એક એક વ્યકિતને મા ગાયત્રીને શરણે વાળતા જાય છે. શાસ્ત્રીજીએ પોતે એક માધ્યમ બની–નિમિત્ત માત્ર બની, ગાયત્રી–મહામંત્રનો અહાલેક જગાવ્યો છે. આજે પણ એમના માર્ગદર્શન હેઠળ અનેક લોકો ગાયત્રી–ઉપાસનામાં પ્રવૃત્ત થઈ રહ્યા છે.

## સંપૂર્ણ શરણાગતિને પ્રાધાન્ય

પૂ. શાસ્ત્રીજીનું દૃઢ મન્તવ્ય છે તેમજ એમની જીવનપ્રણાલી પ્રત્યક્ષ પ્રમાણ છે કે ગાયત્રી માતાની ઉપાસના કરી આત્મકલ્યાણ માટે કોઈપણ વ્યક્તિએ સંસારનો ત્યાગ કરવાની કે વિધિવિધાનમાં પડવાની આવશ્યકતા નથી. માત્ર સંપૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ સ્વીકારી નિરંતર મંત્રજપ કરવાથી માણસનાં કુકર્મો

Scanned by CamScanner

ધીમે ધીમે નાશ પામે છે. પુણ્યકર્મ સંચિત થાય છે, આત્મકલ્યાણ સધાય છે, મોક્ષ પ્રાપ્ત થાય છે.

## વિરલ ઉપાસક: અનોખી કાર્યપ્રણાલી

પૂ. શાસ્ત્રીજીની ઉપાસના વિરલ, અદ્ભુત ને અસાધારણ છે. એમની ઉપાસનાનો અભિગમ સાચે જ સરાહનીય છે. એઓ કોઈ પાસેથી કોઈપણ પ્રકારની ફી કે દાનદક્ષિણા લેતા નથી, તેમ જ કે ફળફળાદિ અન્ય કોઈ ભેટ-સોગાદ પણ સ્વીકારતા નથી. સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિથી સંત્રસ્ત બનેલો માનવી જ્યારે એમની પાસે જાય છે ત્યારે શાસ્ત્રીજી પ્રત્યેક માનવીને ભાવથી આવકાર આપે છે. દરેકની સાથે સમભાવપૂર્વક વર્તે છે. તેઓ દરેકને મા ગાયત્રીનું શરણું સ્વીકારવાનું કહે છે. કોઈપણ માનવીનું કોઈપણ કાર્ય જ્યારે પોતાના માર્ગદર્શનથી પાર પડે છે ત્યારે તેનો યશ તેઓ પોતે નથી લેતા, પણ એને તેઓ "મા ગાયત્રીની કૃપા" કહીને ઓળખાવે છે. માતાજી સાથે તેઓ નિરંતર મનોમન સંવાદ કરતા જ રહે છે. એમનું ચૈતસિક અનુસંધાન હંમેશ મા ગાયત્રી સાથે જ હોય છે. તેઓ જે કંઈ બોલે છે તે સિદ્ધ થઈને જ રહે છે તે એમની ઉપાસનાની સિદ્ધિનો પુરાવો છે. એમનામાં લેશ માત્ર અહમ્‌ભાવ નથી. એઓ નિર્મળ, નિર્મોહી, નિરહંકારી છે. અત્યંત વિનમ્ર, નિખાલસ ને પ્રેમાળ છે. આપણા મનની વાત કહેવાનો વિચાર માત્ર કરતા હોઈએ ત્યાં જ તેઓ આપણા મનની વાત સામેથી કહે છે ને આપણી મૂંઝવણોનું નિરાકરણ કરી આપે છે. મનનું સમાધાન કરી આપે છે. ઉપાસકનું આવું વિરલ વ્યક્તિત્વ બીજે ક્યાંય જોવા નથી મળ્યું.

## શાસ્ત્રીજીની ઉપાસનાની વિલક્ષણ સિદ્ધિ

શાસ્ત્રીજી મિતભાષી છે. એઓ કોઈની સાથે વધારે વાત નથી કરતા. પણ એમને એક જ શબ્દ કે વાક્યમાં પણ સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આવી જાય છે. વ્યક્તિનું ચારિત્ર્ય, તેનાં કર્મોનું ટેલિવિઝન કોઈપણ વ્યક્તિ, બાબત, ઘટના કે સ્થળ સાથે સંલગ્ન એવી ગુપ્ત-અગોચર માહિતી એઓ એમની નજર સામે ફિલ્મનાં દશ્યોની જેમ જોઈ શકે છે. તદનુસાર જ એઓ દરેકને માર્ગદર્શન આપે છે તેથી એક, દોઢ કે બે મિનિટની મુલાકાતમાં એઓ સમસ્ત પરિસ્થિતિનો તાગ પામી જાય છે એ એમની સિદ્ધ ઉપાસનાની વિલક્ષણતા છે. શાસ્ત્રીજીનું દઢ મંતવ્ય છે કે પૂર્વજન્મનાં કર્મો પ્રમાણે જ બધું થાય છે. પૂર્વજન્મનાં સારાં-માઠાં કર્મોનું નિવારણ ગાયત્રી-મંત્રજપથી થઈ શકે છે, શાસ્ત્રીજી મંત્રજપના

આધ્યાત્મિક કે

Scanned by CamScanner

સમયની જે સૂચના આપે છે તે સમયમાં માણસનાં કર્મો બળી જાય છે. એનું પુણ્ય સંચિત થવા માંડે છે તેથી માણસને એનાં કર્મો મુજબ મંત્રજપનું વહેલું કે મોડું ફળ તો અવશ્ય મળે જ છે.

## જીવનજળ

પૂ. શ્રી શાસ્ત્રીજીના જપયજ્ઞની આગવી વિલક્ષણતા તે એમનું જીવનજળ. અસાધ્ય એવા શારીરિક–માનસિક રોગો માટે શાસ્ત્રીજી અભિમંત્રિત જીવનજળ આપે છે. એ જળ એમના આદેશા નુસાર અલેવાનું હોય છે. તદુપરાંત તેઓ અન્ય સૂચનો પણ કરે છે. એ સૂચનો કોઈ અનુભવી તબીબ કે વૈદનાં હોય તેવાં લાગે. પણ એઓ કોઇ તબીબ નથી કે વૈદ પણ નથી કે એમનો એવો કોઈ અભ્યાસ પણ નથી. પરંતુ મા ગાયત્રી તરફથી તેઓ જે સૂચનો પ્રાપ્ત કરે છે તે મુજબ તેઓ આદેશ આપે છે. એનાથી દર્દીને ખૂબ જ રાહત થાય છે. તબીબોએ સૂચવેલી દવાઓ કે ઇંજેકશનોથી જે માંદગી કાબૂમાં નથી આવતી તે એમના 'જીવનજળ'થી દૂર થાય છે.

## શક્તિપ્રદાનની સારવાર

ડોકટરોના નિદાનની પરિસીમા વટાવી ગયેલા અસાધ્ય એવા શારીરિક–માનસિક રોગો માટે જીવનજળ ઉપરાંત શાસ્ત્રીજી શકિતપ્રદાનની સારવાર આપે છે. આ રોગોમાં વંધ્યત્વ, મધુપ્રમેહ, કેન્સર બ્લડપ્રેસર, લકવો, વા, હૃદયરોગ વગેરેનો સમાવેશ થાય છે. આવા રોગો માટે જ્યારે તબીબી પ્રત્યેક ઉપચારો કરવા છતાં કોઈ અર્થ નથી સરતો ને દર્દી સમ્પૂર્ણ લાચાર–નિઃસહાય બની જાય છે, તબીબો જ્યારે કોઈ નિદાન નથી કરી શકતા ત્યારે શાસ્ત્રીજી માતાજીના આદેશ અનુસાર શકિતપ્રદાનની સારવાર આપે છે. રોગને જડમૂળથી નાબૂદ કરે છે. દર્દી ક્રમશઃ રાહત ને મુકિત મેળવે છે.

શકિતપ્રદાનની આ સારવાર માટે શાસ્ત્રીજીએ માતાજીના આદેશ અનુસાર ચોકકસ પ્રકારની વ્યવસ્થા કરી છે. તેથી સારવાર લેવા માટે દર્દીએ એમના અમદાવાદના નિવાસસ્થાને જવું આવશ્યક બની રહે છે. શકિતપ્રદાનની આ સારવાર પણ એઓ નિઃશુલ્ક આપે છે, જે માનવસેવાનું ઉમદા ને ઉદાત્ત દૃષ્ટાંત પૂરું પાડે છે.

## શાસ્ત્રીજીનો આદેશ

સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત એવા લોકોને પોતાના જપયજ્ઞ દ્વારા શાતા અર્પવા માટે, માનવજાતના કલ્યાણ અર્થે આ ઉપાસક અવનિ પર



Scanned by CamScanner

ઊતરી આવ્યા છે. સામ્પ્રતકાળમાં અનેકાનેક વૈજ્ઞાનિક સંશોધનો થતાં રહે છે, લોકો ભૌતિકતા તરફ દોટ મૂકી રહ્યા છે, અનિષ્ટ તત્ત્વોનું વર્ચસ્વ વધતું જાય છે એવા સમયે એનાથી બચવા ઈશ્વરાભિમુખ બનવાનો, મા ગાયત્રીને શરણે જવાનો આદેશ શાસ્ત્રીજી આપે છે. શાસ્ત્રીજી ગાયત્રી-ઉપાસના, ગાયત્રી-મંત્રજપનો તદ્દન સરળ ને સચોટ માર્ગ દર્શાવે છે જેને આચરણમાં મૂકવા સામાન્ય જન-સમુદાય, શિક્ષિત-નિરક્ષર, આબાલવૃદ્ધ સૌને સુગમ ને સરળ પડે છે. તેથી જ એમનું માનવ-સેવાનું આ કાર્ય અનોખું, અદ્‌ભુત ને વિરલ બની રહ્યું છે. પૂ. શાસ્ત્રીજીને કીર્તિની કોઇ અભીપ્સા નથી કે ભૌતિક કામનાની કોઈ આકાંક્ષા નથી. એઓ સંસારનિર્લેપ બનીને મા ગાયત્રીના ચરણ ને શરણમાં લીન બની રહે છે. એમનો એક માત્ર શુભ આશય ગાયત્રી- મહામંત્રનો પ્રચાર ને પ્રસાર કરવાનો છે. લોકોને ગાયત્રી-અભિમુખ બનાવવાનો છે. સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ-ભાવે જેમ બને તેમ વધુ ને વધુ નિરંતર ગાયત્રી-મંત્રજપ કરવાનો શાસ્ત્રીજીનો આદેશ અવિસ્મરણીય છે.


WITH BEST Compliments from

23597
32149
Resi. PBX 1-2-3
Telegram : "Bamaniaco"

Gandhi Thakordas Amthabhai

Wholesale Kirana Merchant

&

Commission Agent

Buranpuri Bhagol,
SURAT-395003.


આધ્યાત્મિક કેડી

# કર્મને આધીન મનુષ્યજીવન



શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહિ. અર્થાત્ કર્મ કરતાં મનુષ્યે ફળની અપેક્ષા ન રાખવી.

કર્મની ગતિ અતિ ગહન છે, અટપટી છે. સુખ અને દુઃખ એ કર્મનું ફળ છે.

દરેક મનુષ્યે કર્મનાં ફળ તો ભોગવવાં જ પડે છે. તદનુસાર જ એને સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. કર્મના સિદ્ધાંત અનુસાર જ એને જીવન પ્રાપ્ત થાય છે. તો પ્રશ્ન થાય કે આ 'કર્મ' એટલે શું ? 'કર્મ'ના એ સમગ્ર સિદ્ધાંતની અહીં વિશદ ચર્ચા રજૂ કરી છે.

દુન્યવી દૃષ્ટિએ અતિ પાપી માણસ અતિ સુખ ભોગવે છે અને અતિ પુણ્યશાળી માણસ અતિ દુઃખી હોય, અરે, એને અન્ન અને દાંતને વેર હોય–ખાવાનાં સાંસાં પડતાં હોય ત્યારે સહજ રીતે જ ઈશ્વરમાંથી આપણી શ્રદ્ધા ડગી જાય છે આપણને લાગે કે ભગવાન જાગે કે ઊંઘે છે. સૃષ્ટિના સંચાલનને કોઈ કાયદો કાનૂન લાગુ પડે કે નહિ, બસ, બધું અંધેર જ ચાલે છે !

વહાલાં બાળકો, ભગવાનને ત્યાં સ્પષ્ટ ન્યાય છે. ભગવાનને ત્યાં દેર પણ નથી અને અંધેર પણ નથી. સૃષ્ટિ સંચાલનના કાયદા બહુ જ સ્પષ્ટ અને લાગવગશાહી વગરના છે.

કર્મના ચક્રમાં ફરતી વ્યક્તિ કે જેને કર્મના સિદ્ધાંતનો ખ્યાલ નથી તે સામાન્ય રીતે ઇશ્વરને દોષિત ઠેરવે છે. આવી વ્યક્તિઓના સામાન્ય પ્રશ્નોનો પરિચય આપું તો ઘણીવાર સાંભળવા મળે છે કે—

ગુરુદેવ, આ જન્મમાં કોઈપણ જાતનું પાપકર્મ નથી કર્યું, છતાં પણ આ શારીરિક અસાધ્ય રોગ થવાનું કારણ શું ?

ઘરમાં પત્ની, બાળકો વગેરે હોવા છતાં જરા પણ મનમેળ નથી કે માનસિક શાંતિ નથી.

ઘરમાં આધ્યાત્મિક વાતાવરણ હોવા છતાં બાળકમાં આવા ગંદા સંસ્કારો ક્યાંથી ?

આ દુઃખ ક્યાં સુધી ભોગવવાનું ?

એક જ માતાપિતાનાં બાળકોમાં એક ભાઈ મોટરગાડી, બંગલા ને દોમદોમ સાહ્યબીમાં જીવે છે, જ્યારે બીજા ભાઈની પરિસ્થિતિ અતિ સામાન્ય

Scanned by CamScanner

છે, ત્રીજો ભાઈ ખોડવાળો ને રોગી છે.

આવા આવા અનેક પ્રશ્નો મનુષ્યના જીવનમાં ઉદ્‌ભવતા હોય છે, જે કર્મની ગતિ સાથે સંકળાયેલા છે.

મનુષ્યજીવન ત્રણ પ્રકારનાં કર્મો સાથે સંકળાયેલું છે.

(૧) ક્રિયમાણ કર્મ (૨) સંચિત કર્મ (૩) પ્રારબ્ધ કર્મ.

**ક્રિયમાણ કર્મ :** માણસ સવારથી રાત સુધી, જન્મથી મૃત્યુપર્યન્ત જે જે કર્મ કરી તેનું ફળ ભોગવે તે બધાં જ ક્રિયમાણ કર્મ કહેવાય. ક્રિયમાણ કર્મ હમેશાં ફળ ભોગવીને જ શાંત થાય. દા. ત. ભૂખ લાગી, ખાધું, ભૂખ શાંત થઇ ગઈ. અપશબ્દ બોલ્યા. વળતો અપશબ્દ મળ્યો.

**સંચિત કર્મ :** કેટલાંક ક્રિયમાણ કર્મ તરત જ ફળ ન આપે પરન્તુ ફળ પાકતાં વાર લાગે. કર્મનું ફળ પાકતાં વાર લાગે ત્યાં સુધી એ કર્મ સિલકમાં રહે, સંચિત રહે. સમય આવ્યે તેનું ફળ પાકે. દા. ત. પરીક્ષાનું પેપર એપ્રિલમાં લખ્યું અને રીઝલ્ટ જૂનમાં આવે. બાજરી આજે વાવે તો ૯૦ દિવસે પાકે.

ક્રિયમાણ ફળ રૂપે દશરથ રાજાને શ્રવણના માબાપ દ્વારા લાગેલો શ્રાપ અમુક વખતે ફળ સ્વરૂપે પાકયો, રામચન્દ્રજી વનવાસ જતાં પુત્રવિરહની આગમાં દેહ છોડયો. વગેરે.

આમ દરરોજના અપરિપકવ ક્રિયમાણ કર્મ સંચિત થઈને કાળે કરી ફળ આપે તેને સંચિત કર્મ કહેવાય. ફળ આપવાની પ્રક્રિયા સુધી જે કર્મ સંચિત થઈને પડયું રહે તેને સંચિત કર્મ કહેવાય.

**પ્રારબ્ધ કર્મ :** સંચિત કર્મ પાકીને ફળ આપવા તૈયાર થાય તેને પ્રારબ્ધ કર્મ કહેવાય. જન્મજન્માંતરના સંચિત કર્મના ઢગ પાકીને ફળસ્વરૂપે તૈયાર થાય અને પ્રારબ્ધ રૂપી ફળ ભોગવવા શકિતમાન બને. પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે તેને અનુરૂપ શરીર, સગાં સંબંધી આપ્તજન, પતિપત્ની, સંતાન, માતાપિતા વગેરે પ્રાપ્ત થાય છે મનુષ્યને જીવનકાળ દરમ્યાન પ્રારબ્ધકર્મ ભોગવવું જ પડે છે. અધૂરું રહેલું પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે મનુષ્યને જન્મજન્માન્તરના ચક્રમાં ફરવું પડે છે. દરેક જન્મનાં સંચિત કર્મો પાકીને પ્રારબ્ધરૂપે ફળ આપવા તૈયાર થતાં જાય તેમ તેમ જીવને અનંતકાળ સુધી દેહ



Scanned by CamScanner

ધારણ કરવો પડે.

પુનરપિ જનન પુનરપિ મરણં...

આમ જન્મમરણના ચકડોળમાં ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મના ચકરાવામાં જીવને અટવાવું પડે છે અને જીવનો મોક્ષ થવા દેતાં નથી.

ક્રિયમાણ કર્મ જેટલાં અને જેવી રીતે કરો તેટલું જ અને તેવી રીતનું પ્રારબ્ધ નિર્માણ થાય, અને તેટલું જ પ્રારબ્ધ ફળ મળે. જન્મ લેતી વખતે જેટલું સંચિત કર્મ પાકીને ફળ આપવા પ્રારબ્ધ બન્યું હોય તેટલું જ પ્રારબ્ધ કર્મ ભોગવવાને અનુરૂપ દેહ અને સગાંસંબંધી મળે.

"ઋણુ રે સંબંધે આવી મળે, સુત, વિત, દારા ને દેહ."

અને ઋણાનુબંધ પૂરાં થતાં તૂર્ત જ છુટકારો થાય છે.

**સ.** પૂ. ગુરુદેવ, જો આપણે પ્રારબ્ધ કર્મ પ્રમાણે જ ભોગવવાનું હોય તો પછી પુરુષાર્થનું મહત્ત્વ ક્યાં આવ્યું ?

**જ.** લૌકિક દાખલો આપું તો પ્રારબ્ધ કર્મ પ્રમાણે તમને નોકરી મળી પરન્તુ તેને નેકથી ટકાવી રાખવી તે પુરુષાર્થ. પ્રારબ્ધ પ્રમાણે તમને બંગલો, મોટરગાડી વગેરે મળ્યું પરન્તુ તેને સાચવી રાખવું, તેનો સદ્ઉપયોગ કરવો તે પુરુષાર્થ, પ્રારબ્ધ કર્મ ભોગવવા તમે સાત્ત્વિક કે દૂષિત રાહ અપનાવો તે તમારા પોતાના પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. 'Man is the architect of his own fortune.'

**સ.** પૂ. ગુરુદેવ, દેહ ધારણ કરી કર્મના ચક્રમાં જ જો ફરવાનું હોય તો પછી મોક્ષ ક્યારે અને કેવી રીતે મળે ? આપણે આ જન્મમાં કોઈ કર્મ જ ન કરીએ તો કર્મ સંચિત થવાનો સવાલ જ ઊભો ના થાય અને પ્રારબ્ધ ફળરૂપે ભોગવવું ન પડે, અને દેહ પણ ધારણ કરવો ન પડે.

**જ.** જન્મથી મરણપર્યન્ત ઐચ્છિક કે અનૈચ્છિક કર્મ તો કરવાં જ પડે છે. હા, ક્રિયમાણ કર્મ તમે એવાં કરો કે જે સંચિત કર્મમાં જમા થવા ન પામે, પરન્તુ તાત્કાલિક ફળ આપીને શાંત થઈ જાય.

નીચેની પરિસ્થિતિમાં કરેલાં કર્મ સંચિત થતાં નથી.

૧. અભાન દશામાં, ૨. મનુષ્યોત્તર યોનિમાં, ૩. નિષ્કામ ભાવે કરેલાં કર્મ,

Scanned by CamScanner

૪. નિરભિમાનપણે કરેલાં કર્મ, ૫. વિશ્વના કલ્યાણ માટે કરેલાં કર્મ, ૬. બાળક દશામાં કરેલાં કર્મ, ૭. ફરજની રુએ કર્તાપણાના અભિમાન વગર કરેલાં કર્મ.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે :

ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।
શરીરમાત્રાપિ ચ તે ન સિધ્યેત સકર્મણઃ ॥

કોઈપણ માણસ એક ક્ષણ પણ કર્મ કર્યા સિવાય રહી શકતો નથી. તે કર્મ ના કરે તો તેની જીવનનાવ અટકી પડે.

**સ.** જન્મજન્માન્તરના કર્મના ચક્રમાંથી માણસ બહાર જ ન આવી શકે-છૂટી જ ન શકે તો મોક્ષ કયારે મળે ?

**જ.** ક્રિયમાણ કર્મને નિયંત્રિત કરવા અને પ્રારબ્ધ કર્મને ભોગવી લેવાં તે કદાચ મનુષ્યથી શક્ય બને પરન્તુ સંચિત કર્મો કે જે ફળસ્વરૂપે પરિપકવ થયાં નથી અને જેનું ફળ ભોગવવાનું હજુ બાકી છે તેમાંથી છૂટવા માટે જ્ઞાનમાર્ગ એક અનોખું સાધન છે.

યથૈધાંસિ સમિધ્ધોગ્નિઃ । ભસ્માત કુરુતેર્જુનઃ ।
જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ । ભસ્મસાત્ કુરુતે તથા ॥

જીવને તેના બ્રહ્મસ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન થાય એટલે (અહમ્ બ્રહ્માસ્મિ) તેનાં સંચિત કર્મો બળી જાય અને મોક્ષનાં દ્વાર નજીક આવીને તે ઊભો રહે. પ્રારબ્ધ કર્મને સહજ રીતે ભોગવવા માટે ભક્તિમાર્ગ અપનાવવો જરૂરી છે.

જીવને સત્ ચિત્ આનંદ સ્વરૂપનું ભાન-જ્ઞાન કરાવવા માટે સાચા માર્ગદર્શનની જરૂર પડે છે. કર્મબંધનમાંથી છૂટી અને મોક્ષ મેળવવા માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં ત્રણ માર્ગ બતાવ્યા છે : ક્રિયમાણ કર્મ માટે કર્મ માર્ગ, સંચિતકર્મ માટે જ્ઞાન માર્ગ, પ્રારબ્ધકર્મ માટે-ભક્તિમાર્ગ.

આમ પરમાત્માને પ્રાપ્ત કરવાના ઉપરોકત ત્રણ માર્ગો અનુક્રમે અર્જુને કર્મમાર્ગ દ્વારા, ઉદ્ધવજીએ જ્ઞાનમાર્ગ દ્વારા, અને વિદુરજીએ ભક્તિમાર્ગ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો.

ઋણ રે સંબંધે આવી મળે, સુત, વિત, દારા ને દેહ.

આધ્યાત્મિક કે

Scanned by CamScanner

# સાક્ષાત્કાર

ધીમે ધીમે ઉઘડતા જતા શરદઋતુના સ્વચ્છ આકાશમાં તારલા ટમકી રહ્યા હતા. કૂતરાના ભસવાના અવાજથી શાસ્ત્રીજીની આંખ હમણાં જ ઊઘડી ગઈ હતી. ઘરનું બારણું ઉઘાડી ઓટલે આવી એમણે કૂતરાને બુચકારો કર્યો કે તરત એ શાંત થઇ પગથિયાં ઉપર આગલા પગ તાણી બેસી પડ્યું. જાણે શાસ્ત્રીજીને પ્રણામ કરતું ન હોય એમ માથું ભોંય પર અડાડી એ ટગર ટગર શાસ્ત્રીજીની સામે તાકી રહ્યુ. કૂતરા તરફ એક અનુકંપાભર્યો દૃષ્ટિપાત કરી શાસ્ત્રીજીએ નજરને ઊંચે આસમાનમાં નોંધી.

શ્રાદ્ધ પક્ષના દિવસો હતા. ટમટમતા તારલાની ઝીણી ઝબક જ્યોતિમાં જાણે પૂર્વજોનો કૃપાકટાક્ષ વાંચતા હોય એમ શાસ્ત્રીજી માણસ ઉપર પૂર્વ-પુરુષોના અગણિત ઉપકારોના વિચારે ચઢી ગયા. માણસ આજે જે કાંઇ છે, આજે એ જે કંઈ ભોગવે છે એ બધું યે એને ઉપલબ્ધ કરી આપવામાં કંઈ કેટકેટલા માનવીઓનો પરસેવો, કેટકેટલા પૂર્વજોનો પરિશ્રમ અને પુરુષાર્થ છે, પણ માણસ એનો કદી વિચાર કરે છે ખરો ? દૂધ-ચોખાનો વાસ કાગડાઓને નાંખીને જાણે એ પોતાના કર્તવ્યને પૂરું થયેલું ગણે છે. પરંપરાગત રીતે શ્રાદ્ધની ઉજવણી કરીને જાણે પૂર્વજોના ઋણમાંથી છૂટી જાય છે. આકાશમાં તગતા તારલિયામાં શાસ્ત્રીજી પોતાના દાદા પૂજાલાલજીની પ્રેમભરી આંખો શોધી રહ્યા હતા.

થોડીક પળો આમ પૂર્વજોના ઋણ-સ્વીકારની ઊંડી ગહન કૃતજ્ઞતાની લાગણીમાં રમમાણ રહ્યા બાદ શાસ્ત્રીજી બાકીની ઊંઘ પૂરી કરવા ફરી ઘરમાં પ્રવેશ્યા. દિવસ આખો પૂજાપાઠ અને મુલાકાત તેમ જ ગાયત્રી-શકિતપ્રદાનની સારવાર આપવામાં જ વીતતો હોઈ ઊંઘ તો પથારીમાં પડતાં વેંત જ આવી જતી હતી. કૂતરાએ નિદ્રાભંગ ન કરાવ્યો હોત તો દિનભર પ્રેમાનુકંપા વરસાવતાં એ નેત્રો તો સવારે વહેલા બ્રાહ્મમુહૂર્તમાં જ ઊઘડવાનાં હતાં. શાસ્ત્રીજી ઘરમાં આવ્યા, પોતાના સૂવાના ખંડ તરફ વળતાં એમણે માતાજીના ખંડમાં અજવાળું જોયું. એ ખંડ કેવળ ગાયત્રી શકિતપ્રદાનની સારવાર માટે જ વપરાતો હતો. એમાં કોઈ કદાપિ સૂતું નહિ. ખૂણામાં મૂકેલી ખુરશીમાં મુલાકાતીને બેસાડતા. સામે માતાજીનું નાનકડું મંદિર હતું. શાસ્ત્રીજીની નજર મુલાકાતીની વાતો સાંભળતી વેળાએ પણ મોટેભાગે તો એ મંદિરમાંની મા ગાયત્રીની છબી પર જ મંડાયેલી રહેતી. રંગીન ટ્રાન્સપેરન્ટ એ તસવીરની પાછળ વીજળીનો ગોળો હતો. માની તસવીરની આરપાર રેલાતાં રહેતાં એ પ્રકાશકિરણોમાં શાસ્ત્રીજીને પ્રેરણા લાધ્યા કરતી. ખંડમાં સામે જ એક પલંગની ઉપર દરદીના માથા તરફ માતાજીની



Scanned by CamScanner

એક છબી હતી અને એની નીચે રાખેલા વિવિધ રંગના ચાર ગોળા સારવાર દરમિયાન વારાફરતી ઝબૂકતા રહેતા. વીજળીની આ લાઈનનો પ્લગ રોજ રાત્રે સૂવા જતી વખતે શાસ્ત્રીજી પોતે પોતાને હાથે જ કાઢીને જતા. એમના ચોકસાઇભર્યા સ્વભાવ અનુસાર આજે પણ એમણે પ્લગ જાતે જ બંધ કર્યો હતો. ઘરમાં તો સૌ ઊંઘતાં હતાં, ત્યારે માતાજીના ખંડમાં અજવાળું કયાંથી ?

કુતૂહલથી શાસ્ત્રીજી એ ખંડમાં પ્રવેશ્યા અને જોયું તો પ્લગ ભેરવેલો હતો અને લાઈટની સ્વીચ પાડેલી હતી. માતાજીના મંદિરમાં રોશની ઝગમગી રહી હતી. આમ કોણે કર્યું હશે, એમ શાસ્ત્રીજી વિચારતા હતા, ત્યાં એક ઝબકારો થયો. ખંડ આખામાં જાણે અલૌકિક રોશનીનું તેજ ઝળહળી ઊઠયું અને પછી એ તેજપુંજ સમેટાઈને પેલા પલંગ પર પહોંચી ગયો.

અંજાઈ ગયેલી આંખો ઊઠાવી શાસ્ત્રીજીએ પલંગ પર દૃષ્ટિ કરી. ઓહો ! એમના મુખમાંથી આશ્ચર્યનો ઉદ્‌ગાર સરી પડયો. સમસ્ત ચેતનાતંત્ર ઝણઝણી ઊઠયું. નાડીઓમાં વહેતું લોહી વેગથી વહેવા લાગ્યું. મસ્તકના કેશ અને શરીરના રોમેરોમમાં એક અજબની પુલકિતતા પ્રકટી ઊઠી. આંખો આર્દ્ર બની ગઈ. કંઠ રૂંધાઇ ગયો. ગતિ સ્થિર થઇ ગઈ. પલકો અનિમેષ બની ગઇ. ચિત્ત એકરૂપ થઈ એ તેજપુંજમાં એકાકાર થઈ ગયું !

અચરજની લાગણી શમતાં શાસ્ત્રીજીના મનમાં ધન્યતાનાં પૂર ઊમટયાં. કૃતકૃત્યતાનાં મોજાં ઊછળ્યાં. ઓહ ! કંઈ કેટલા જન્મનું પુણ્ય આજે પ્રગટ સ્વરૂપે આંખ સામે આવ્યું હતું ! કંઈ કેટલાયે જન્મનું સુકૃત જાણે સાકાર બની અવતારને અજવાળવા આંખ સામે ખડું હતું ! મા ગાયત્રીની કૃપાના અનેક ચમત્કારો શાસ્ત્રીજીએ અનુભવ્યા હતા. વિવિધરૂપે માનાં દર્શન પણ કર્યાં હતાં. પણ આજે તો મા જાણે નિરાંત જીવે સામે આવી બેઠાં હતાં. માના મુખ પરનું તેજ અલૌકિક હતું. મોં પર રમતું સ્વર્ગીય સ્મિત પાવનકારી હતું સમગ્ર સ્વરૂપમાંથી પ્રગટતી આભા અને સ્ફુરતી વિમલ અપૂર્વ સૌરભ વાતાવરણને કોઈ અવનવું શાતાકારી રૂપ બક્ષી રહ્યાં હતાં. (મનુષ્યરૂપે પંચમુખને સ્થાને એક જ ચહેરો અને ચહેરા ઉપર ઝળહળ તેજ.)

એકીટશે માના દર્શન કરી રહેલા શાસ્ત્રીજીની ચિત્તતંત્રીએ વિચારમાં ગતિ કરી કે તરત પહેલો વિચાર એમને ઘરનાં સૌને તાબડતોબ જગાડી દેવાનો

Scanned by CamScanner

આવ્યો. આ અલૌકિક લહાવો ફરી પાછો ક્યારે મળે, એવું વિચારતાં એ ઘરનાંને બૂમ પાડવા ગયા, ત્યાં એમના વિચારને સમજી જઈ મનાઈ ફરમાવતાં હોય તેમ માએ નાક આગળ તર્જની ધરી 'ચૂપ રહેવાની' સંજ્ઞા કરી. માની ઇચ્છા અને એના આદેશને સર્વોપરી, આખરી ને કલ્યાણકારી સમજનારા શાસ્ત્રીજી અટકી ગયા, અને સીધા જ માનાં ચરણોમાં ઝૂકી પડ્યા.

માતાજી બેઠાં જ રહ્યાં. શાસ્ત્રીજીએ બંને હાથે એમના પગ પકડી લીધા. માતાજી એમનાં એમ જ બેઠાં રહ્યાં. માના પ્રગટ સ્વરૂપની ઝાંખી કરતા અને માના ચરણસ્પર્શથી પરમ ધન્યતાનો અનુભવ કરતા શાસ્ત્રીજી જાણે સમાધિમાં પડી ગયા. માએ એમને માથે હાથ મૂક્યો. સમાધિમાંથી જાગ્યા હોય તેમ શાસ્ત્રીજીએ માના મુખારવિંદ પર દૃષ્ટિ કરી, હાથ તો એમના માખણથી યે મુલાયમ એવાં માનાં ચરણોને ઝાલીને જ રહ્યા હતા. માએ માથે હાથ ફેરવતાં પૂછ્યું, 'બોલ, તારે શું જોઈએ છે ?'

શાસ્ત્રીજીને શું જોઈએ ?

માની ભક્તિ, ગાયત્રીની ઉપાસના એમણે કશું મેળવવા કરી હતી ? ત્રીસ-ત્રીસ વર્ષથી એકધારી ચાલતી આ તપસાધના કશુંક ભૌતિક, પાર્થિવ, દુન્યવી સુખ મેળવવા કરી હતી ? અભાવથી અકળાઈને, દુઃખી દુભાઈને, લોભ-લાલચથી લપટાઈને એમણે શું માનું શરણું ગોત્યું હતું ?

ના, ના, ના, એમને કંઈ જ જોઈતું નહોતું. એમણે માથું હલાવી ના પાડી. આંખમાંથી અમૃતધાર વરસાવતાં મા કહે, "તારે મોક્ષ પણ ન જોઈએ ? મોક્ષ તો માગ ! મૃદુ, આર્દ્ર સ્વરે શાસ્ત્રીજી કહે, 'મા, મારે મોક્ષ પણ ન જોઈએ,"

'તો તારે જોઈએ છે શું ?'

'તારી ભક્તિ, જનમોજનમ તારી ભક્તિ અને...' શાસ્ત્રીજી અટકી ગયા.

સર્વજ્ઞ એવાં મા હસીને કહે, 'અને શું ? બોલ.'

'અને, બને તો દીનદુઃખિયાંની સેવા, મારા માનવબંધુઓની સુશ્રુષા.' શાસ્ત્રીજીએ નમ્રતાથી, ખંચકાતા કહ્યું.

'તું દરેક કસોટીમાંથી પાર ઊતર્યો છે, નરેન્દ્ર.' માએ શાસ્ત્રીજીને માથે

Scanned by CamScanner

હાથ પસવારતાં કહ્યું. 'અને નોકરીની ચિંતા કરતો નહીં.' શાસ્ત્રીજીની આંખમાં એકાએક આંસુઓ ધસી આવ્યાં. ચિત્તને છાને ખૂણે પડેલી એક આછેરી વિમાસણને ઝડપી લઈ માએ અભયવચન ઉચ્ચાર્યું હતું. માતાજીની એ અપરંપાર દયાનો ખ્યાલ શાસ્ત્રીજીને હચમચાવી ગયો. બંને હાથે આંખનાં આંસુ લૂછી શાસ્ત્રીજીએ ઊંચે જોયું તો... તો મા અદૃશ્ય !

શાસ્ત્રીજી અવાક્ થઇ ગયા. તો શું પેલી છેલ્લી વાત કરવા માતાજી આજે પધાર્યાં હતાં. એક મસમોટો પ્રશ્ન મનને મથી રહ્યો.

૫ મી સપ્ટેમ્બર, ૧૯૭૯ ની રાત હતી. આવતી કાલે તો શાસ્ત્રીજી સોમથી શુક્ર દરરોજ બારથી ચાર ભાવિકજનોને મુલાકાત આપવાનું નકકી કરીને બેઠા હતા. માતાજીએ એ માટે સંકેત પણ આપી દીધો હતો. માનો આદેશ માથે ચઢાવી શાસ્ત્રીજી પોતાના કાર્યનો સુવ્યવસ્થિત આરમ્ભ કરવાના હતા. અમદાવાદના પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર 'સન્દેશે' એની જાહેરાત પણ કરી દીધી હતી.

એક બાજુ માના ભકતોને, શ્રદ્ધાળુઓને સહાયભૂત થવાનો આનંદ-ઉમંગ હતો. ને બીજી બાજુ ? આટલાં બધાં વર્ષોની નોકરીનો વિચાર ! નોકરી છોડી દઈ પૂરા કલાક માની ઉપાસના અને શક્તિપ્રદાનની સારવારમાં જ વીતાવવાનો શાસ્ત્રીજીનો સંકલ્પ હતો; પણ પેલી નોકરીનો વિચાર મનમાં કદીક ઢુંકી પણ જતો... તો શું એટલે જ માએ આજે, પાંચમીની રાત્રે પ્રત્યક્ષ દર્શન દીધાં હશે ? શાસ્ત્રીજી વિમાસણમાં પડી ગયા. ઘરનાંને ઉઠાડી આ અલૌકિક અનુભવની જાણ કરવાનો વિચાર એમને સ્ફુર્યો કે એ દોડયા. ઘરનાંને સૌને જગાડયાં તો ખરાં, પણ માની કૃપાના અવતરણનું વર્ણન કરવા જતાં જ એમનું હૈયું હાથ ન રહ્યું, કંઠ ગદ્દગદ્દ થઈ ગયો, આંખો ઊભરી પડી... સ્વસ્થ થઈ એમણે આખી યે ઘટના વર્ણવી ત્યારે ઘરનાંના આનન્દનો કોઇ પાર નહોતો...સૌની આંખોમાં આંસુ માતાં નહોતાં. રોમેરોમમાં હર્ષ સમાતો નહોતો...

આજે પણ શાસ્ત્રીજી આ અનુભવ વર્ણવે છે ત્યારે ભાવાવેશની એ સ્થિતિમાં ઊભરી આવતી આર્દ્રતા, પ્રગટ થતી પુલકિતતા, નિખરી રહેતી નમ્રતા અને હૈયાને હચમચાવી મૂકતી પરમ ધન્યતા વિલોકનીય, આદરણીય અને ચિર-સ્મરણીય બની રહે છે.

卐



Scanned by CamScanner

# પૂ. શાસ્ત્રીજીના 'જીવનજળ' દ્વારા જયન્તીલાલનાં ધર્મપત્નીને નૂતન જીવન પ્રાપ્ત થયું !

પૂ. શાસ્ત્રીજી વિરલ, અદ્‌ભુત ને પ્રખર ગાયત્રી-ઉપાસક છે. એમની ઉપાસના અપરિમેય છે. એમના વ્યકિતત્વમાં આશીષની અમીધારા સદસર્વદા સ્રવતી જ રહે છે. માનવજાતનું કયાણુ કરવા તેમ જ તેને સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુકત કરવા તેઓ સદા તત્પર રહે છે. ગાયત્રી માતાજીની પ્રખર ઉપાસનાને પરિણામે કોઇપણુ માનવીની કોઈપણુ મુશ્કેલીમાં ઉપકારક ને માર્ગ-દર્શક બની શકે તેવા સંકેતો એમને માતાજી તરફથી પ્રાપ્ત થાય છે. એથી પ્રત્યેક વ્યકિતને વ્યકિતગત મુલાકાત આપી તેમની મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન આપે છે, મંત્રજપ કરવા સૂચવે છે. વ્યક્તિને અંતઃકરણના ઊંડાણુથી આશીર્વાદ પાઠવે છે.

પરન્તુ શાસ્ત્રીજીની એક બહુ મોટી વિલક્ષણુતા કહો તો વિલક્ષણુતા ને સિદ્ધિ કહો તે સિદ્ધિ તે એમનું 'જીવનજળ'. ડોકટરોના નિદાનની પરિસીમા વટાવી ગયેલા અનેક માનસિક, શારીરિક રોગો માટે શાસ્ત્રીજી 'જીવનજળ' આપે છે. ને એ રોગો સારા થાય છે. કેન્સર, લકવા, હાર્ટએટેક, બ્લડપ્રેસર, વા જેવા અનેક અસાધ્ય રોગોમાં દર્દીને ચોક્કસપણે ગાયત્રીમંત્રથી તેમજ એમના 'જીવન-જળ'થી રાહત પ્રાપ્ત થાય છે. પૂ. શાસ્ત્રીજી પાસે એવા તો કેટલાય અનુભવો છે કે અસાધ્ય રોગોમાં ડોકટરોએ હાથ ધોઈ નાખ્યા હોય, દર્દીને સારું થવાની કોઈ શકયતા જ ન હોય, કે મૃત્યુની માત્ર પ્રતીક્ષા જ કરવાની હોય એવાં દર્દીઓને શાસ્ત્રીજી શકિતપ્રદાનની સારવાર પણુ આપે છે ને માનવી એથી રોગમુકત બને છે. એનો રોગ જડમૂળથી નાબૂદ થાય છે એ વાત વધુ મહત્ત્વની છે.

એકવાર શાસ્ત્રીજીએ મુંબઇમાં ગાયત્રી-નિદર્શનનો જાહેર કાર્યક્રમ ગોઠવ્યો હતો. કાંદીવલીના શ્રી જયંતીલાલ એલ. કઢી શાસ્ત્રીજીની મુલાકાતે ગયા. એમના ધર્મપત્નીને છેલ્લાં પંદર વર્ષથી ફીટ આવતી હતી. અનેક ઉપચારો કર્યા, અનેક હોંશિયાર અનુભવી ડોકટરોની દવાઓ કરી પણુ એનાથી કશો જ અર્થ સરતો નહોતો પંદર પંદર વર્ષથી સતત આવતી ફીટને કારણે જીવનમાં એક પ્રકારની નિરાશા–હતાશા આવી ગઇ હતી કશું સૂઝતું જ નહોતું, પણુ પરમાત્મા સૌનું રક્ષણુ કરે છે. દરેકનો જાણ્યે–અજાણ્યે હાથ ઝાલી લે છે. જે એને ભજે છે તેનું એ કલ્યાણુ કરે છે. જે એને નથી ભજતા એનું પણુ કલ્યાણુ કરે છે. પણુ આ પંદર પંદર વર્ષથી અસાધ્ય રોગથી હારેલા દમ્પતીને અચાનક જ શાસ્ત્રીજીના મુંબઈના આગમનની જાણુ થઈ. શાસ્ત્રીજીની જયંતીલાલે મુલાકાત

Scanned by CamScanner

લીધી. શાસ્ત્રીજીનાં ચરણોમાં પ્રણામ કરી પત્નીની અસાધ્ય માંદગી વિશે માર્ગદર્શન માગ્યું. શાસ્ત્રીજીએ પ્રસન્ન વદને આશીષ આપી ગાયત્રીની ત્રણ માળા કરવા કહ્યું ને સાથે જીવનજળ આપ્યું. જયંતીલાલે સંપૂર્ણ શ્રદ્ધાથી, શરણાગતિથી મંત્રજપ ચાલુ કર્યા. પત્નીને જીવનજળ આપવા માંડયું ને એમના સાનન્દાશ્ચર્ય વચ્ચે પત્નીને અસાધ્ય રોગમાંથી ક્રમશઃ રાહત પ્રાપ્ત થવા માંડી. ધીમે ધીમે સંપૂર્ણપણે સારું થઈ ગયું. જયંતીલાલનાં પત્ની રોગમુકત બની ગયાં.

'જીવનજળ' શબ્દનો અર્થ કરીએ તો સમજાશે કે જે જળ માનવીને નૂતન જીવન અર્પણ કરે છે. જે જળ માનવીના વેરવિખેર–વિચ્છિન્ન થઈ ગયેલા જીવતરમાં નૂતન પ્રાણનો સંચાર કરે છે. જે જળ માનવીના મૂરઝાઇ ગયેલા જીવતરમાં નવી જ તાજગી–પ્રફુલ્લિતતા આણે છે તેનું નામ 'જીવનજળ.'

આ રીતે 'જીવનજળ'ની વ્યાખ્યા–શબ્દાર્થને પ્રસ્તુત કિસ્સામાં સંપૂર્ણપણે ચરિતાર્થ થતા જોઈ શકાય છે. પંદર પંદર વર્ષથી ફીટનો અસાધ્ય રોગ, એ રોગમાં તબીબોની ફી, દવાનો ખર્ચ તેમજ અન્ય નાનીમોટી મુશ્કેલીઓ એમના જીવનને કેટલું દુઃખી બનાવ્યું હશે એની તો કલ્પના કરવી રહી, એ તો જેના પર વીતે તે જ જાણે પરંતુ શાસ્ત્રીજી જેવા પ્રખર ઉપાસકની આશીષ, મા ગાયત્રીની સંપૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારેલી શરણાગતિને કારણે આવા અસાધ્ય રોગમાંથી મુકિત મળી.

આમ, શાસ્ત્રીજીનું માર્ગદર્શન ને મા ગાયત્રી પ્રત્યે અતૂટ શ્રદ્ધા રાખી મંત્રજપ કરવામાં આવે તો માનવીને પ્રત્યેક સાંસારિક વિષમતા–આધિ–વ્યાધિ–ઉપાધિમાંથી મુકિત મળે છે. જીવન પ્રફુલ્લિત ને સુમેળભર્યું બને છે.

卐



Scanned by CamScanner

# ગાયત્રી-ઉપાસના આત્મસંયમી બનાવી જીવનમાં શાશ્વત સુખ અર્પે છે !

ઇશ્વરભકિત-પોતાના કોઈપણ ઇષ્ટદેવની ઉપાસના કે ગાયત્રીની આરાધનાનું હંમેશ સત્પરિણામ આવે જ છે એ નિઃશંક છે. એક યા અન્ય મિષે કરાતી તપશ્ચર્યા માનવીના જીવનને નર્યું સાત્વિક અને ઊર્ધ્વગામી બનાવે છે. માનવ-જીવનના ભૌતિક અભાવોની પૂર્તિ તો થાય જ છે, એ તો એક ગૌણ વાત બની જાય છે. એ તો ભકિતનું-તપશ્ચર્યાનું ઉપલી સપાટીનું આચમન કર્યું કહેવાય. ભૌતિક સુખોપભોગમાં જ જીવનની અને ભકિતની ઇતિશ્રી નથી. ઉપાસના માત્ર એનાં ઊંડાં અવગાહન કરાવી જીવનના સ્થૂલ વિકાસથી પર એવો સૂક્ષ્મ વિકાસ સાધે છે. તપશ્ચર્યા માનવીને સુવર્ણની જેમ તપાવી તપાવીને વિશુદ્ધ બનાવે છે. માનવીના જીવનમાં સત્ તત્ત્વના, સાત્વિકતાના અલૌકિક પ્રકાશનો આવિર્ભાવ થાય છે. ભકિત માનવદેહનું ને એથી યે વિશેષ આત્માનું શુદ્ધિકરણ-ઊર્ધ્વીકરણ કરે છે. જીવનની સફળતામાંથી ઉખેડીને સૂક્ષ્મતા પ્રતિ ગતિ કરવા માટે એના સમગ્ર માનસનો પલટો કરાવે છે. એના આચારવિચારનું પરિવર્તન કરી સર્વ રીતે માનવીને સંયમી બનાવે છે. એક પ્રકારની ચૈતસિક ઋજુતા કેળવાય છે.

શ્રદ્ધાપૂર્ણ હૃદયે ઇશ્વરચરણે ગયેલો જીવ કદી દુઃખી થતો નથી. હજાર હાથવાળો પરમાત્મા એનું સર્વ રીતે રક્ષણ કરે છે. પરમ તેજમયી ગાયત્રી પોતાના પ્રકાશ વડે એના જીવનમાં અંધકારને લેશ માત્ર પ્રવેશવા દેતી નથી. વિનાશને કે અધોગતિને પન્થે ચાલતા માનવીને પોતાને પણ ખબર ન પડે એ રીતે એને વિનાશકતામાંથી, અધોગતિની સમ્ભાવનાઓમાંથી ઉગારીને, પ્રગતિની, ઊર્ધ્વતાની ક્ષિતિજો પર લાવીને મૂકી દે છે.

ભકિતનું આ એક સૂક્ષ્મ છતાં બહુ મોટું ફલસ્વરૂપ છે.

તપશ્ચર્યા કરતા, ગાયત્રીની ઉપાસના કરતા કોઇ માનવીને જ્યારે કોઈ સિદ્ધપુરુષ-સન્તના આશીષ મળે છે. એના સત્સંગનું-સાન્નિધ્યનું સાતત્ય સાંપડે છે, સન્ત પ્રત્યેના પૂજ્ય આદર ભાવમાંથી સન્તનો જે પ્રેમ માનવી સમ્પાદન કરે છે એ પ્રેમનિર્ઝરમાંથી માનવીનું જીવન સાત્વિકતાથી લહેકતું ને મહેકતું બને છે. સન્તના આશીષ એના જીવનને વીંટળાયેલા રહેતા હોઈ એના જીવનની અહંકારતામાંથી માનવી ઊગરી જાય છે.

ભાઇશ્રી ચિરાગભાઈએ અશાંત ચિત્તાવસ્થામાં ગાયત્રીની શરણાગતિ સ્વીકારી.



Scanned by CamScanner

ગાયત્રીનું ચિન્તનમનન કરતા. વ્યવસ્થિત ગાયત્રી–મંત્રજપથી વેગળા હતા. પૂ. શ્રી શાસ્ત્રીજીનો 'ધર્મસન્દેશ'માં પ્રગટ થયેલ વાર્તાલાપ વાંચી એમના દર્શનની ઉત્કંઠા જાગી. આકસ્મિકપણે જ પૂ. શ્રી શાસ્ત્રીજીના દર્શન ને સત્સંગનો અસાધારણ લાભ મળ્યો. એમની સાથે આત્મીયતા કેળવાતી ગઇ. પછી એમના જીવનમાં કેવો વળાંક આવ્યો તે જોઈએ.

ભાઈશ્રી ચિરાગભાઈ આમ તો પ્રૌઢાવસ્થાએ પહોંચેલ સજ્જન વેપારી. વેપાર પણ સારો ચાલે. પત્ની પણ પ્રેમાળ ને સહનશીલ તેથી દામ્પત્યમાં સુમેળ પણ સારો. પ્રૌઢાવસ્થાએ પહોંચેલ આ નિ:સંતાન દમ્પતીના જીવનમાં અન્ય કોઈ અભાવ નહોતો. પણ ભાઇશ્રી ચિરાગભાઈને છેલ્લાં પચ્ચીસ વર્ષથી દારૂનું વ્યસન હતું. દારૂની લતે ચઢેલા મિત્રવર્તુળની સાથે એમનું પણ દારૂનું વ્યસન દિનપ્રતિ-દિન વધતું જ ગયું ને એક ક્ષણ એવી આવી કે દારૂ એમને માટે અનિવાર્ય બની ગયો. દારૂ વિના એમને લેશમાત્ર ચેન પડતું નહોતું. સ્વભાવ અત્યંત ક્રોધી ને રુક્ષ બની ગયો હતો. એ બધો જ ક્રોધ ને રુક્ષતા પત્ની પર ઠલવાતા. પાર વિનાના ક્રોધિત પતિને પત્ની મૂંગે મોઢે સહી લેતી. પતિને દારૂના વ્યસનમાંથી છોડાવવા બનતા પ્રયાસ પણ કરતી પણ એને એમાં નિષ્ફળતા મળતી.

...એમ કરતાં કરતાં ચિરાગભાઈએ ગાયત્રીની શરણાગતિ સ્વીકારી પૂજ્ય શાસ્ત્રીજીનો પરિચય થયો. એમનાં દર્શન કર્યાં ને પછી તો એમને દિનપ્રતિદિન સત્સંગનો વધુ ને વધુ લાભ મળતો ગયો. શાસ્ત્રીજી સાથે કંઇક આત્મીયતા પણ કેળવાઈ. માનવ–મનના અસત્ તત્ત્વો ઉપાસના ને સન્તોના સાન્નિધ્યમાં લેશમાત્ર ટકી શકતાં નથી. પૂ. શ્રી શાસ્ત્રીજીનું સાન્નિધ્ય સેવતા ચિરાગભાઈના મનમાં એક ભીતિ સતત સળવળ્યા કરતી કે પોતાના દારૂના વ્યસનની વાત રખે ને પૂ. શ્રી શાસ્ત્રીજી જાણી જશે તો ? એટલું જ નહિ, પૂ. શ્રી શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં આવતા ચિરાગભાઇના મનોપટ પર દારૂના વ્યસનની નિરર્થકતા અથડાવા લાગી. પણ એમનું ચિત્ત એ છોડવા તો તૈયાર નહોતું જ...

એક દિવસ પ્રાતઃકાળે માતાજી સમક્ષ ગાયત્રી–મહામંત્રના સ્વરોમાં લીન બનેલા શાસ્ત્રીજીના મંત્રજપના સ્વરો અવરોધાયા. ધ્યાનભંગ થયો. કોઈક અગોચર શબ્દો સંભળાયા. આદેશ પ્રાપ્ત થયો. સંકેત મળ્યો ચિરાગભાઈના દારૂના વ્યસનનો. 'ચિરાગભાઈએ દારૂના વ્યસનમાંથી મુકત થવું જરૂરી છે.'

Scanned by CamScanner

માતાજીનો આદેશ માથે ચઢાવી, ચિરાગભાઈને દારૂના વ્યસનમાંથી મુકત કરવાનો માતાજી સમક્ષ મનોમન સંકલ્પ કરી એઓ પુનઃ ગાયત્રી–જપમાં લીન બની ગયા.

ચિરાગભાઈને દારૂના વ્યસનમાંથી મુકત થવા કેવી રીતે જણાવવું તેના વિચારમાં શાસ્ત્રીજી પડયા. હવે બન્યું એવું કે ચિરાગભાઈના એક નિકટના મિત્ર હિમાંશુભાઈને સ્વપ્નમાં શાસ્ત્રીજીનાં દર્શન થયાં. સ્વપ્નમાં શાસ્ત્રીજીએ હિમાંશુભાઈને કહ્યું : 'ચિરાગભાઈ દારૂ શા માટે પીએ છે ? એમને બંધ કરવા કહો.' આટલું કહી શાસ્ત્રીજી હિમાંશુભાઈના સ્વપ્નલોકમાંથી અદશ્ય થઈ ગયા. આંખ ઊઘડી ત્યારે હિમાંશુભાઈને કશું સમજાયું નહિ. ચિરાગભાઈને એમના દારૂના વ્યસનની વાત ગળે ઊતરી નહિ. એમણે એ તરફ ખાસ લક્ષ ન આપ્યું. માની લીલા અકળ છે. ચાર દિવસ પછી હિમાંશુભાઈને શાસ્ત્રીજીનાં પુનઃ સ્વપ્નમાં દર્શન થયાં. એમણે હિમાંશુભાઈને કહ્યું : 'તમે ચિરાગભાઈને કહ્યું નથી ?' હિમાંશુભાઈએ જવાબ વાળ્યો : 'મારા માનવામાં નથી આવતું, આપ જાતે જ સીધું કહો ને.' શાસ્ત્રીજીએ હિમાંશુભાઈને આજ્ઞા કરી : 'તમે જ કહો. તમને અગાઉ પણ મેં કહેલું તે કેમ કહ્યું નહિ ?...'

શાસ્ત્રીજીની આજ્ઞા હોઈ હિમાંશુભાઈએ સંકોચાતા સંકોચાતા ચિરાગભાઈને શાસ્ત્રીજીના સ્વપ્નદર્શનની તેમ જ તેમના આદેશની વાત કરી. ચિરાગભાઈ પોતે સ્પષ્ટવકતા ને સત્યપ્રિય હોઈ એમણે તરત જ એ વાતનો એકરાર કર્યો.

ચિરાગભાઈની ચૈતસિક ભૂમિકા પર દૈવી અને આસુરી વૃત્તિઓનું દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. સંકલ્પ–વિકલ્પનો પારાવાર સંઘર્ષ મનમાં ચાલતો હતો. એક બાજુ દારૂના વ્યસનમાંથી મુકત થવું અતિ દુષ્કર લાગતું હતું, પણ પૂ. શાસ્ત્રીજી માટે એટલો આદરભાવ કે એમના આદેશની અવગણના શી રીતે થાય ? ક્રમશઃ પ્રયત્ન કરતાં કરતાં એમણે સદંતર દારૂ પીવો બંધ કર્યો. એમના આશ્ચર્ય વચ્ચે એમને અનોખા પ્રકારની શારીરિક–માનસિક પ્રફુલ્લતા ને શાંતિ લાગવા માંડયા. અશાંતિ દૂર થઈ.

દારૂના વ્યસનમાંથી મુકત થયા પછી મંત્રજપ ચાલુ કર્યા. અસ્વસ્થતા લાગવા માંડી. મગજ પર ભાર લાગતો. અશાંતિ લાગતી. અકળ ને અગમ્ય

ાધ્યાત્મિક કેદી

Scanned by CamScanner

એવી શારીરિક માનસિક વેદના થતી. વિના કારણ નજીવી વાતમાં ક્રોધાન્વિત બની જતા. પત્ની સાથે વિના કારણ ખિજાઈ જતા. અકારણ રડવું આવતું. એક દિવસ અકળાઇને શાસ્ત્રીજીને વાત કરી ને ડૂસકે ડૂસકે રડી પડયા. શાસ્ત્રીજીએ એમની સમગ્ર હકીકત શાંતિથી એકાગ્ર ચિત્તે સાંભળી, આશ્વાસન આપી કહ્યું : 'ચિરાગભાઈ, તમારી દેહશુદ્ધિ–આત્મશુદ્ધિ થઇ રહી છે. ચિંતા ન કરશો. જપ ચાલુ રાખજો એક તરફ આ પરિવર્તનની પ્રક્રિયા ચાલે છે તો બીજી તરફ ચિરાગભાઈના વિરોધીઓએ એમના દારૂના વ્યસનને કારણે પોલીસને હવાલે કરવા ષડયંત્ર રચ્યું હતું. પણ એમણે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા કરી હોઇ દારૂને હાથ પણ ન અડાડયો. એમના મિત્રો તેમજ વિરોધીઓ સર્વ આશ્ચર્યચકિત થઈ ગયા. વિરોધીઓએ રચેલ ષડયંત્ર નિષ્ફળ નીવડયું. જો આ તબકકે ચિરાગભાઈ દારૂના વ્યસનમાંથી મુકત ન હોત તો કદાચ જેલના સળિયા પાછળ ધકેલાઇ ગયા હોત. ઇજ્જત આબરુ ધૂળમાં મળી હોત. જીવન વિનાશકતાની ઊંડી ખીણમાં ધકેલાઈ ગયું હોત, જ્યાંથી પાછા ફરવું મુશ્કેલ હતું.

વ્યસન–મુકત થયા પછી ચિરાગભાઈની બધા જ પ્રકારની દૈહિક–ચૈતસિક સંક્ષુબ્ધતાઓ વિલીન થઈ ગઈ એમનો ક્રોધી સ્વભાવ અત્યંત શાંત ને ઋજુ બની ગયો. જીવનના પ્રત્યેક વ્યવહારમાં સાહજિક્તા ને સ્વાભાવિકતા આવ્યા. પત્ની સાથેના વ્યવહાર-વર્તનમાં ક્રોધને સ્થાને પ્રેમાળતા, શાંતિ ને ઋજુતા આવ્યા.

ઉપાસના, પછી તે ગાયત્રીની હોય કે પોતાના કોઈપણ ઈષ્ટદેવની હોય, માનવીનું કવચની જેમ રક્ષણ કરે છે. આપણે ત્યાં કહેવત છે ને કે પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય પણ પ્રકૃતિનું પરિવર્તન થઈ શકે છે. જીવનમાં ઉપાસના કરતાં કરતાં કોઇ સિદ્ધપુરૂષ–સંતનું સાન્નિધ્ય–આશીષ–સત્સંગ માનવીની પ્રકૃતિનું આમૂલ પરિવર્તન કરવા સમર્થ છે.

卐



Scanned by CamScanner

## ગાયત્રી-ઉપાસના દ્વારા નન્દિની અને વ્રજભૂષણનું પુનર્મિલન થયું !

ડિસેમ્બર માસની ૧૩ મી તારીખ. સાંજનો સમય છે. શાસ્ત્રીજી કામધંધેથી પરવારી ઘેર આવી પહોંચ્યા છે. સાયંપ્રાર્થનાની તૈયારી ચાલી રહી છે, ત્યાં ત્રીસેક વર્ષનાં એક બહેન આંગણે આવી ઊભાં રહ્યાં. દેખાવ અને પહેરવેશ ઉપરથી સુખી ઘરની લાગતી એ સ્ત્રીની સૂરત પર ઉદાસીની ઘેરી છાયા અંકાયેલી હતી.

'કોનું કામ છે બહેન ?' સંકોચથી ઊભેલી સ્ત્રીને શાસ્ત્રીજીએ પ્રશ્ન કર્યો.

'ગાયત્રી-ઉપાસક શાસ્ત્રીજીને મારે મળવું છે ?'

'આવો.' કહી શાસ્ત્રીજીએ એ બહેનને આવકાર આપ્યો. અસ્તાચળ તરફ જતાં સૂરજના આછાં અજવાળાં એ ઉદાસ સ્ત્રીની આસપાસ ગ્લાનિની વધુ ઘેરી આબોહવા ઊભી કરતાં હતાં.

શાસ્ત્રીજીએ બહેનને આવવાનું કારણ પૂછ્યું કે તરત ઘણીવારનો દાબી રાખેલો ગળાનો ડૂમો જાણે છૂટી ગયો. બહેન ચોધાર આંસુએ રડવા લાગી. શાસ્ત્રીજીએ એને રડવા દીધી. પછી ડૂસકાં આછરતાં પાણી મંગાવી એને આપ્યું અને કહ્યું, "બહેન, તમે મા ગાયત્રીને પાળો છો. એને આંગણે આંસુ ન શોભે, મનને કાબુ કરી કંઇક વાત કરો. આપણને સૌને સહાય કરનારી મા આપણે માથે બેઠી જ છે. તે તમારા દુઃખનો તોડ કાઢશે. માટે મૂંઝાયા વિના મોકળે મને તમારી વાત કરો."

સ્વસ્થ થઈ એ બહેને પોતાની વાત આરંભી, 'મહારાજ, મારું નામ નન્દિની છે. હું ડબલ ગ્રેજ્યુએટ છું. મારા પિતાશ્રી પણ એક અગ્રગણ્ય વેપારી છે. ભાઈઓ પણ સારી નોકરીઓ પર સ્થિર થયા છે. બહેનો પણ સુખી છે. ફક્ત દુઃખ મારે એકલીને છે અને મારે દુઃખે મારા મા-બાપ, ભાઈ-બહેન સૌ દુઃખી થાય છે,"

'એવું તમને શું દુઃખ છે ?'

'આજથી સાત વર્ષ પહેલાં મારું લગ્ન એક ખાનદાન કુટુંબમાં થયું હતું. મારા પતિનું નામ વ્રજભૂષણ છે, તેમને સારી નોકરી છે. મહિને પંદરસો રૂપિયાનો પગાર છે. લગ્ન પછી અમારું ગૃહજીવન ખૂબ સારી રીતે ચાલતું

Scanned by CamScanner

હતું પણ...”

“પણ શું ?”

“મારે સાસરે સંયુક્ત કુટુંબ છે. ઘરમાં મારાં જેઠાણીનું ચલણ છે. મારાં જેઠાણી મારા પતિને વારેવારે મારી વિરૂદ્ધ ઉશ્કેર્યા કરતાં. જાત જાતની વાતે એમની કાનભંભેરણી ચાલુ જ હોય. આમ છતાં દિવસો વીત્યે જતા હતા. મારી જેઠાણી સાથે મારે કદીક ઝઘડો થતો પણ એમની સોથે કદી ઝઘડો થયો નહોતો.

એક દિવસ નાનકડા ઝઘડામાં મારી જેઠાણી સાથે વધારે પડતી બોલચાલ થઈ. મારી સહનશક્તિની જાણે હદ આવી ગઇ હતી એટલે એ જ વખતે હું મારા પિયેર ચાલી ગઈ. એ વાતને આજે છ વર્ષનાં વહાણાં વાઈ ચૂકયાં છે, પરન્તુ મારો અને મારા પતિનો મેળાપ થઈ શકયો નથી. મેળાપ કરવાના બધા જ પ્રયત્નો અત્યાર સુધીમાં નિષ્ફળ ગયા છે હાલમાં હું પણ નોકરી કરું છું અને માસિક આઠસો રૂપિયા કમાઉં છું. મા ગાયત્રી ઉપર મને ઘણી શ્રદ્ધા છે. એટલે આપની પાસે માતાજીના આશીર્વાદ માગવા આવી છું. આપ જો કૃપા કરો તો...”

‘કૃપા તો બહેન, માતાજીની. એની દયાથી જ જગમાં સૌ કોઇ ઉજળું છે. મારા જેવા માનવીઓ તો માત્ર નિમિત્તરૂપ છે. માની કૃપાનાં માત્ર મધ્યમ છે. આપણે સૌએ કૃપા તો એની જ યાચવાની છે. આટલું બોલી મા ગાયત્રીની છબી સામે જોતાં શાસ્ત્રીજી આંખ મીંચી ગયા. થોડી વારે આંખ ખોલી એમણે કહ્યું, ‘બહેન, દરરોજ સવારે મા ગાયત્રીની પંચ માળા નિયમિત કરવાનું રાખજો. માની સંપૂર્ણ શરણાગતિથી એકચિત્તો એની ઉપાસનામાં મન પરોવો. એકાદ મહિના પછી અહીં આવજો.’

બહેને નમસ્કાર કરી રજા લીધી. આ બનાવના પંદર દિવસ પછી એક રાત્રે શાસ્ત્રીજીને ભાસ થયો કે પેલી બહેનના પતિ એમને મળવા આવ્યા છે. તેઓ શાસ્ત્રીજી સાથે વાતચીત કરે છે. ત્યાં જ નન્દિનીબહેન પોતે જ ત્યાં આવી ચઢે છે. શાસ્ત્રીજીની હાજરીમાં બન્નેનું આકસ્મિક મિલન થાય છે. મા ગાયત્રીની છબી સામે જ બન્ને જણુ બેઠા છે. બન્નેની આંખમાંથી એકધારો અશ્રુપ્રવાહ વહે છે. ત્યારબાદ થોડીવારે તેઓ એકમેકની ખબરઅંતર પૂછે છે.



Scanned by CamScanner

શાસ્ત્રીજી બન્નેને માતાજીનો પ્રસાદ એની આશીષરૂપ આપે છે.

બીજે દિવસે સવારે શાસ્ત્રીજીએ કુટુંબના સભ્યોને રાત્રે પોતાને થયેલા ભાસની વાત કરી. કયા શુભ દિને આ બનાવ બને છે તેની રાહ જોવા લાગ્યા. દિવસો વીતતા હતા. એક રવિવારે શાસ્ત્રીજી બેઠા હતા. ત્યાં એમને સંકેત થયો કે આવતી કાલે એ બન્ને જણુ વારાફરતી અહીં આવશે.

બીજે દિવસે સોમવારે બરોબર સાંજના સાત વાગ્યે એક ભાઈ મોટર લઈ શાસ્ત્રીજીનું ઘર શોધતાં આવી પહોંચ્યા. મોટરનો અવાજ સાંભળી શાસ્ત્રીજી બહાર ઓટલે ગયા અને આગંતુકને આવકારતાં કહ્યું, 'આવો વ્રજભૂષણભાઈ, હું તમારી જ રાહ જોઉં છું.' વ્રજભૂષણ આભો બની એમની સામે જોઈ રહ્યો. પછી થોડી વારે એણે કહ્યું, 'એક અઠવાડિયાથી આપની હું શોધ ચલાવું છું.'

'મારી નહિ નન્દિનીની ! નન્દિનીની શોધ કરવાની છે ભાઇ...' એમ કહી શાસ્ત્રીજીએ વ્રજભૂષણને ખભે હાથ મૂકયો. એકાએક ઉભરાઈ આવેલા અશ્રુપ્રવાહથી મૂક બની જઈ વ્રજભૂષણ પ્રણામ કરી ઊભો રહી ગયો. શાસ્ત્રીજીએ એને ઘરમાં દોરી જતાં કહ્યું, 'જુઓ માની અસીમ કૃપા, નન્દિનીની ઉપાસના અને તમારા બન્નેનો સાચા હૃદયનો પશ્ચાત્તાપ એ ત્રણેનો અહીં ત્રિવેણીસંગમ રચાશે ને તમારાં તમામ દુઃખો હવે ગણતરીની ઘડીઓમાં જ દૂર થશે. આવો, બેસો અને માની છાયામાં સ્વસ્થ થાઓ.'

પોતાને વિશે શાસ્ત્રીજીને બધી જ જાણકારી છે એ જોઇ આશ્ચર્ય અનુભવતો વ્રજભૂષણ ઘરમાં દાખલ થયો. કોઈ અલૌકિક પ્રકારની શાન્તિ, કંઈ અદ્‌ભુત એવી રાહત એ મનમાં અનુભવી રહ્યો હતો. વર્ષોનો બોજ જાણે કોઈએ એને માથેથી એકાએક લઈ લીધો હોય એમ જાણે એને કળ વળી રહી હતી. થોડીક મિનિટો આમ વીતી હશે. ત્યાં તો નન્દિની ઘરમાં પ્રવેશી અને સામે પડેલી ખુરશી પર એણે બેઠક લીધી. પોતાનો અહેવાલ આપવા ધસી આવેલી નન્દિનીને એની જ ઉત્કટતા હતી. એણે તરત જ શાસ્ત્રીજીને સંબોધીને બોલવાનું શરૂ કર્યું, 'મહારાજ, માળા બરાબર નિયમિત કરું છું. એક પણ દિવસ સહેજે ચૂકી નથી. મનને ખૂબ શાંતિ મળે છે...' આટલું એકીશ્વાસે બોલતી નન્દિનીની નજર અચાનક જ શાસ્ત્રીજીની બાજુમાં ચિત્રવત્ બેઠેલી વ્યકિત તરફ ગઈ. ઓહ ! આ શું ? બન્ને જાણે પૂતળાં હોય એમ સ્તબ્ધ થઇ ગયાં. બન્નેનાં મોં સહેજ ઉઘાડાં છે. બન્નેની આંખો વિસ્ફારિત છે. શરીરની સમસ્ત ચેતના જાણે આંખોમાં આવી વસી છે, ક્ષણ બે–ક્ષણ આમ વીતી હશે, ત્યાં બન્નેની આંખો સામે



Scanned by CamScanner

તરવરતાં ચિત્રો દોરાયાં ! આંખમાંથી ઉમટતાં આંસુઓને ચિત્રની જડતાને જાણે હચમચાવી મૂકી હતી.

અંદરની આગમાં શેકાતી હૃદયની આર્દ્રતા બાષ્પ બની અશ્રુરૂપે ઊભરી આવી હતી. રૂદનનો આ દોર પૂરો થયા પછી બન્નેએ એકમેકની તબિયતની પૃચ્છા કરી, વાતચીતનો આરંભ કર્યો, ત્યારે પૂજાખંડમાં ઊભેલા શાસ્ત્રીજીની આંખોમાંથી પણ એકધારાં આંસુ ઊભરાઈ આવતાં હતાં. મા ગાયત્રીનો પ્રસાદ લઈ શાસ્ત્રીજી બહાર આવ્યા ત્યારે બન્ને વચ્ચે પૂરેપૂરૂં સમાધાન થઈ ચૂકયું હતું. જુદું ઘર લઈ, પોતાનો સંસાર નવેસરથી વસાવી, વીતી ગયેલાં વર્ષોનું સાટુ વાળી બને એટલું સુખ લેવા અને દેવા માટે કૃતનિશ્ચયી બનેલ દંપતીએ શાસ્ત્રીજીને પ્રણામ કરી માની આશીષ યાચી.

શાસ્ત્રીજીએ એમને બન્નેને સજલ નેત્રે પ્રસાદ આપતાં એટલું જ કહ્યું કે, 'નવા ઘરમાં ગાયત્રીની છબીની સ્થાપના કરજો ને એનું સ્મરણ કરવાનું કદાપિ ભૂલશો નહિ. બન્નેએ વિદાય લીધી ત્યારે સૂરજ તો આથમી ચૂકયો હતો, પણ સામે આકાશમાં ચઢતા ચન્દ્રની કળા સૃષ્ટિને કંઇક રહસ્યમય રીતે રમણીયતા બક્ષી રહી હતી

卐

---

વિહ્વળ થતું બાળ દીઠું રઝળતું કૈં ગલી ગલી,
તરસી આંખે શોધતું 'તું કયાં માત છે મારી વળી !
ખીલતું મઝાનું પુષ્પ તો યે થાકયું હતું રડી રડી,
એક ક્ષણ તો થઈ ગયું, છે મારી જ કાં પ્રતિકૃતિ !

રહે ઊભો એ રાજમારગ ! છે બાળની ઓળખ કશી ?
છે મથામણ કયારની (તેને) દોરી જવા નિજ ધામની,
ઠીકઠીક પરિચિત આવિયા, પણ ઓળખ કશી યે ના મળી,
તો શું કરું, કોને કહું, છે આ પારકી થાપણ વળી.

લીધી શરણાગતિ, મઝધાર કિનારા થઈ ગયા,
ને ડૂબતા નાખૂદાને, કિનારા જડી ગયા.
આજની આ રંગતથી એક નવું ખાતું ખોલું છું,
અરે ! મન મનોરથ સઘળા મારા તારે ચરણે સોંપું છું.

આધ્યાત્મિક કેડી

Scanned by CamScanner

## મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી મનોરમાબહેનને મગજના ઓપરેશનમાંથી મુક્તિ મળી !



'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી...'

પરાપૂર્વથી શ્રદ્ધાનો એક ઊંડો સંસ્કાર લઈને જ એ કુટુંબની પ્રત્યેક વ્યક્તિએ આ પૃથ્વી પર જાણે ડગ માંડયા હતા. ચિત્તને પ્રમાદ પમાડે એવા વૈભવી વારસાની દોમદોમ સાહ્યબી વચ્ચે પણ એ કુટુંબમાં સુશિક્ષિતતા, સંસ્કારિતા ને ઈશ્વરપ્રીતિનો સમન્વય એની અદ્‌ભુત છટાથી લહેરાતો હતો. એ જ વૈભવી ઠાઠ ને છટાથી ઈશ્વરઅર્ચના પણ એ કુટુંબમાં થતી ને એવા વાતાવરણમાં ઈશ્વરને પણ સ્થાન પ્રાપ્ત કરવાનું સહજપણે જ રુચે એથી એ વૈભવી આવાસમાં ઈશ્વરની પ્રીતિની પાવક સૌરભ ભળી હતી ને એ કુટુંબ એ રીતે ઉત્તરોત્તર પ્રગતિ કરતું જતું હતું.

એમાં ય એ કુટુંબનું દમ્પતી શ્રી વિજયભાઈ અને મનોરમાબહેન તો ઈશ્વરની કૃપાનું વિશેષ ભાજન બનેલા. એમના સ્વભાવની સાલસતા, ઋજુતા ને સંવેદનશીલતા હૃદયસ્પર્શી હતા. પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીની વિરલ ઉપાસના ને એમના પ્રગટ થતા સાહિત્યના વાચનથી અભિભૂત થઈને એક વાર પૂ. શ્રીના દર્શને આવેલાં. પૂ. શાસ્ત્રીજીએ એ દમ્પતીની ઊંડા અન્તરની ભાવનાને ઓળખી જઈને પ્રેમપૂર્વક આશીર્વાદ પાઠવી આવકાર આપ્યો ને એમની રીત પ્રમાણે સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ દાખવીને પૂરી નિષ્ઠાથી મા ગાયત્રી ને ગાયત્રી-મહામંત્રની ઉપાસના કરવા સમજાવ્યું. એ મુજબ એ દમ્પતીએ ગાયત્રી-ઉપાસનાનો પ્રારંભ કર્યો.

અત્રે એક વાત ધ્યાનાર્હ બને છે કે પૂ. શાસ્ત્રીજીના સાન્નિધ્યનો જેને એક વાર પણ સંસ્પર્શ પામવા મળે છે એનું વ્યક્તિત્વ એમના આશીષનાં આંદોલનોથી આંદોલિત થઈ પ્રફુલ્લ રહે છે. એ વ્યક્તિના મનની શુચિતા ને શ્રદ્ધાના બળે એને શાસ્ત્રીજીની સંનિકટતાનો અદ્‌ભુત લાભ મળે છે. આ દમ્પતી વિજયભાઈ ને મનોરમાબહેનને પણ શાસ્ત્રીજીની મુંબઈની મુલાકાત વેળાએ આવી સંનિકટતાનો લાભ મળતો રહેતો.

માનવીના એવા પવિત્ર મનોપટ પર સ્વાભાવિક રીતે જ માનવકલ્યાણનો, માનવને સહાયરૂપ થવાનો વિચાર ઉદ્‌ભવે. ઈશ્વરે અનહદ વૈભવ અર્પ્યો હોય તો એનો યથોચિત માર્ગે વિનિયોગ શા માટે ન કરવો એવી ભાવના એ દમ્પતીના

Scanned by CamScanner

મનમાં જાગી ને એ જાગતાંની સાથે જ તેઓએ પૂ. શાસ્ત્રીજીને તેઓશ્રીની મુંબઈની મુલાકાત વખતે પોતાના ઘરે નિવાસ કરવાનું વિનમ્રપણે જણાવી, નિમંત્રણ આપી સેવાનો અનુપમ લહાવો લેવાનો અભિગમ પ્રદર્શિત કર્યો. માની અનુમતિ મેળવ્યા વગર કોઈને ઉંબરે પણ પગ ન મૂકનાર શાસ્ત્રીજીએ 'મા અજ્ઞા આપશે તો જરૂર આપને ત્યાં આવીશ.' તેમ જણાવ્યું. આ દમ્પતીની નિષ્ઠા, ભકિત અને શરણાગતિની ભાવનાને પામી જઇ મા ગાયત્રીએ આ દમ્પતીના ઘેર જવાનો આદેશ આપ્યો અને ત્યારથી મુંબઇની પૂ. શાસ્ત્રીજીની મુલાકાતના આયોજનમાં આ દમ્પતીનો અને તેના કુટુંબના સભ્યોનો ફાળો મહત્ત્વનો રહયો છે.

સંજોગવશાત્ શ્રી વિજયભાઈ અને રમાબહેનને તેમની દીકરી કનકને ત્યાં અમેરિકા જવાનું થયું. ખૂબ આનન્દપ્રદ બે મહિના પસાર કર્યા પછી વિજયભાઈ એકલા જ ભારત પાછા ફર્યા અને રમાબહેન દીકરી–જમાઈના આગ્રહથી ત્યાં રોકાયા.

'ન જાણ્યું જાનકી નાથ, કાલે સવારે શું થવાનું છે ?' આવતીકાલ કેવી ઊગશે તેની માનવીને કયાં ખબર હોય છે ! શ્રી વિજયભાઈ ભારતની ધરતી પર પગ માંડે છે તે જ દિવસે જમાઇ ભરતનો ટેલિફોન મળે છે કે રમાબહેનને બ્રેઈન હેમરેજ થયું છે અને હોસ્પીટલમાં દાખલ કર્યા છે.

વિજયભાઈ તો એમના ગુરુદેવ શાસ્ત્રીજીની આજ્ઞા વિના એક ડગલું પણ ન ભરે તેથી તેમણે અમદાવાદ ટેલિફોન કરી ગુરુદેવને આ વિગતની જાણ કરીને એમની સલાહ લઈ વળતી ફ્લાઇટમાં જ પાછા અમેરિકા જવા ઉપડી ગયા. ત્યાં જઇને જોયું તો મનોરમાબહેનની હાલત ખૂબ જ ગંભીર હતી. નિષ્ણાત તબીબોની સારવાર ચાલતી હતી અને ઓપરેશન કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકાતો હતો.

વિજયભાઈ અવારનવાર શાસ્ત્રીજીને ફોન કરી રમાબહેનની તબિયતના સમાચાર અને તબીબોના ઓપરેશન અંગેનાં મંતવ્યોથી વાકેફ કરતા હતા અને શાસ્ત્રીજીની સમ્મતિ અનુસાર જ અમલ કરતા. ઓપરેશન માટે પૂ. શાસ્ત્રીજીએ પોતાની સમ્મતિ દર્શાવી ન હતી. એક બાજુ નિષ્ણાત તબીબોનું ઓપરેશન અંગેનું મંતવ્ય, ત્રીજી બાજુ પૂ. શાસ્ત્રીજી–ગુરુદેવનું ઓપરેશન ન કરાવવા



Scanned by CamScanner

અંગેનો આદેશ અને ત્રીજી બાજુ રમાબહેનનું લથડતું જતું સ્વાસ્થ્ય. વિજ્ઞાન, શ્રદ્ધા અને લાગણીનો ત્રિવેણીસંગમ જામ્યો હતો. પૂ. શાસ્ત્રીજી એમની ઉપાસના દ્વારા રમાબહેનના સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયત્ન કરી રહ્યા હતા એટલું જ નહિ, તેઓશ્રીએ રમાબહેનના ફોટાને મંત્રજપનાં આંદોલનો અને શક્તિપ્રદાન આપવાનું પણ શરૂ કરી દીધું હતું. રમાબહેનની ગુરુદેવ અને મા ગાયત્રી પર અતૂટ શ્રદ્ધા, વિજયભાઈની ગુરૂદેવ અને મા ગાયત્રી પરની શ્રદ્ધા, સાથે પત્ની પરની લાગણી અને કનક અને ભરતભાઈની વૈજ્ઞાનિક સૂઝ. આમ ત્રણેના પોતપોતાનાં આગવાં મન્તવ્યોમાં કોની જીત પુરવાર થાય ! અમેરિકાની વૈજ્ઞાનિક ભૂમિ પર શ્રદ્ધાને સ્થાન ન હોય એ સાવ સ્વાભાવિક છે.



દિવસે દિવસે રમાબહેનની સ્થિતિ કથળતી જાય છે. નિષ્ણાત ડોકટરોના અભિપ્રાયો લેવાય છે. ઓપરેશનની તારીખ નક્કી થાય છે. વિજયભાઈના અંગત સ્નેહી શ્રી કીર્તિભાઈનો મુંબઈથી બહુ જ લાગણીશીલ રીતે ફોન આવે છે જેમાં તેઓશ્રી પૂ. શાસ્ત્રીજીને અમેરિકા જવા માટે વિનંતી કરે છે. ઘરના સભ્યો કહે કે પાસપોર્ટ સિવાય ગુરુદેવ અમેરિકા કેવી રીતે જઈ શકે ? પણ, 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે...' ઇશ્વર પોતાના ભક્તોની વહારે ધાય જ છે. પૂ. શાસ્ત્રીજીના આશીષ અને મા ગાયત્રીની કૃપાની પરાકાષ્ટાની ક્ષણો હવે આવે છે. જેણે મા ગાયત્રીનું શરણું સ્વીકાર્યું છે, અનન્ય ભાવે એને અભ્યર્થના કરી છે એવા પોતાનાં બાળકોનું મા કયારેય અહિત થવા દેતી નથી.

રમાબહેન અમેરિકાની વિખ્યાત હોસ્પીટલમાં પથારીવશ છે. પૂ. શાસ્ત્રીજી સૂક્ષ્મ સ્વરૂપે રમાબહેનના ઓરડામાં મા ગાયત્રીનો ફોટો લઈને પહોંચી જાય છે. પ્રફુલ્લિત ચહેરે તેમના સ્વાસ્થ્યના સમાચાર પૂછીને મા ગાયત્રીના ફોટા તરફ અંગુલિ-નિર્દેશ કરી શરણાગતિ સ્વીકારવાનું કહે છે. ઓપરેશન ન કરાવવાનું અને ભારત પોતાની સાથે પાછા આવવાનું કહે છે. આમ પાસપોર્ટ વગર શાસ્ત્રીજી અમેરિકામાં રમાબહેનને દર્શન આપી સાંત્વન આપી આવ્યા.

સ્વપ્નમાં થયેલ શાસ્ત્રીજી અને મા ગાયત્રીનાં દર્શનથી રમાબહેનની શ્રદ્ધા અને મનોબળ વધુ મજબૂત બન્યા. બીજે દિવસે વિજયભાઈએ રમાબહેનના સ્વપ્નની વાત પૂ. શાસ્ત્રીજીને ફોન દ્વારા જણાવી. પૂ. શાસ્ત્રીજીએ તેઓને કહ્યું

Scanned by CamScanner

કે ચિંતા ન કરશો અને અનુકૂળતાએ ભારત પાછા આવી જજો. ઓપરેશન કરાવવાની જરૂર નથી.

પૂરા સાડા પાંચ મહિના સુધી અમેરિકાની હોસ્પીટલમાં સારવાર લઇ રહેલાં રમાબહેન વૈજ્ઞાનિક વાતાવરણમાં પણ શ્રદ્ધાના તંતુને તૂટવા દેતા નહોતા. સપ્ટેમ્બર ૧૯૭૭માં પૂ. શાસ્ત્રીજીની મુંબઈની મુલાકાત હતી. લોકસેવાનું કાર્ય ચાલતું હતું. વિજયભાઇના લઘુબંધુ દિલીપભાઇ, તેમનાં પ્રેમાળ પત્ની સુધાબહેન અને માતુશ્રી શાસ્ત્રીજીની પૂરી નિષ્ઠાથી સેવા કરતા હતા અને રમાબહેનના સ્વાસ્થ્ય માટે વિનમ્રપણે વિનવતાં હતાં. એક દિવસ સવારે પૂજા વખતે શાસ્ત્રીજીને આદેશ મળ્યો કે રમાબહેનને ભારત પાછાં બોલાવી લેવાં અને તે પણ શાસ્ત્રીજીની પોતાની મુંબઈની હાજરી દરમ્યાન જ.

દિલીપભાઇએ અમેરિકા ફોન જોડયો. પૂ. શાસ્ત્રીજી સાથે વિજયભાઈ, રમાબહેન, દીકરી-જમાઈ બધાંએ વાત કરી. શાસ્ત્રીજીએ બધી જ જવાબદારી પોતાને શિરે લીધી હોય તેમ મક્કમ પરન્તુ પ્રેમાળ સ્વરે રમાબહેનને તાત્કાલિક ભારત આવવા જણાવ્યું. ગુરુદેવની આજ્ઞાને શિરોમાન્ય ગણતાં આ દમ્પતી શ્રદ્ધાની જ્યોતને પ્રજવલિત રાખી સપ્ટેમ્બરની ૨૪ મી એ ભારત પાછા આવ્યા. પૂ. શાસ્ત્રીજી અને મા ગાયત્રીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા.

આધુનિક તબીબી સારવારની જગાએ ફકત જીવનજળ અને ગાયત્રી-મંત્ર-જપ ચાલુ રાખ્યા. ધીરે ધીરે રમાબહેનના સ્વાસ્થ્યમાં સુધારો થતો ગયો અને આજે તો તેઓ સમ્પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી શકયાં છે. તેમના વ્યકિતત્વની ઋજુતા પુનઃ મ્હોટી ઊઠી છે. આ છે માનવીની શ્રદ્ધા અને ભકિતની તેમ જ ભગવાન અને ભકતના સમ્બન્ધની બલિહારી. સર્વ સમર્પણની ભાવનાથી મા ગાયત્રીના શરણે જનારને, ગાયત્રી-મંત્રની આરાધના કરનાર કેવી કટોકટીની પળોમાંથી પાર ઊતરે છે !

卐

Scanned by CamScanner

આધ્યાત્મિક કેડી

## મા ગાયત્રીની નિયમિત ઉપાસના વિદ્યાર્થીને મેધાવી બનાવે છે !

વિદ્યાભ્યાસ માનવીના જીવન ઘડતરમાં પાયારૂપ બની રહે છે. પોતાના વિષયમાં દિલચસ્પી રાખી અભ્યાસ કરનાર વિદ્યાર્થી એમાં સમ્પૂર્ણપણે સફળ થાય છે, એમાં તમામ રીતે એ પારંગત બને છે. પ્રતિવર્ષ એવા વિદ્યાર્થીઓ પ્રખર વિદ્યાભ્યાસ કરી પ્રથમ કક્ષાએ ઉત્તીર્ણ થાય છે. પારિતોષિકો પ્રાપ્ત કરે છે, ચન્દ્રકો મેળવે છે ને એમ પોતાની ચોક્કસ પ્રકારની કારકિર્દી ઘડે છે. વિભિન્ન પ્રકારની ડીગ્રીઓ મેળવી પોતાના વ્યકિતત્વનું અને આજીવિકાનું પણ નિર્માણ કરે છે ને એમ જીવનમાં સતત પ્રગતિ કરતા રહેવાનું એમનું ધ્યેય હોય છે. જો કે વર્તમાન યુગમાં આવા નિષ્ઠાવાન વિદ્યાર્થીઓ બહુ ઓછા જોવા મળે છે, પણ જે છે તેઓ તો પોતાની વિદ્યાકીય કારકિર્દીનું પ્રાણની પેઠે જતન કરે છે, એને જાળવવા પ્રબળ પુરુષાર્થ કરે છે.

કવચિત સંજોગવશાત લાંબી માંદગી કે અટપટા, ગૂંચવી દેતા પ્રશ્નપત્રને કારણે એકાદ પ્રશ્નપત્રના પ્રત્યુત્તર સંતોષપ્રદ ન નીવડે ત્યારે એના મનમાં એક આછો ભય પેદા થાય છે કે રખે ને હું કયાંક નિષ્ફળ નીવડીશ તો ? સફળ થઇશ તો કદાચ માર્કસ ઓછા પડશે ? મારા ડિસ્ટીંકશન માર્કસ નહિ આવે, મારો ધારેલ વર્ગ મને નહિ મળે, આવો અસફળ થવાનો એક છૂપો ભય કયારેક વિદ્યાર્થીઓને સતાવ્યા કરતો હોય છે. ને એવો વિદ્યાર્થી હતાશ–નિરાશ થઈ જાય છે.

પરીક્ષા એક એવી વસ્તુ છે જેનો હાઉ નબળા કે હોંશિયાર સર્વ વિદ્યાર્થી-ઓને ડરાવતો હોય છે. કોઈકને ઓછો કે કોઈકને વધુ, પણ દરેક વિદ્યાર્થીને પરીક્ષા ને તેનું પરિણામ ચિંતાતુર બનાવી દે છે, બહુ ઓછા વિદ્યાર્થીઓ એવા હોય છે જે ખૂબ સ્વસ્થતાથી, ખુમારીભેર પરીક્ષાના પ્રશ્નપત્રો લખી આપતા હોય છે. ને એની પાછળ કારણભૂત હોય છે સમગ્ર વર્ષ દરમ્યાન અભ્યાસમાં સેવેલી સમ્પૂર્ણ સંલગ્નતા ને નિષ્ઠા. બાકી પરીક્ષાનું સ્વરૂપ જ એવું હોય છે જે ભલભલા વિદ્યાર્થીઓને ભયભીત બનાવી દે છે.

ગાયત્રી ઉપાસના, ગાયત્રી–મહામંત્રના નિરંતર જપ વિદ્યાભ્યાસ માટે આશીર્વાદરૂપ નીવડે છે. કારણ ગાયત્રીમંત્ર એ બુદ્ધિનો મંત્ર છે. પોતાને સદ્‌બુધ્ધિ પ્રેરવાની પરમાત્માને પ્રાર્થના માત્ર છે. એવી ગાયત્રી કરનાર વિદ્યાર્થીની મેધા શકિત અતિ તીવ્ર હોય છે એ વિદ્યાર્થી ખૂબ તેજસ્વી ને હોંશિયાર બને છે. ગાયત્રી જપ દ્વારા એક પ્રકારનો આત્મવિશ્વાસ કેળવાય છે. યાદ શકિત ખીલે છે

Scanned by CamScanner

ને સ્વસ્થતાથી પરીક્ષા આપવાની હિમ્મત કેળવાય છે. એમાં પણ જ્યારે ગાયત્રી ઉપાસના નિયમિત બને છે ત્યારે તો પેલા એ યા અન્ય રીતે ભયભીત બનેલા વિદ્યાર્થીને એક નવી જ શકિત મળે છે, આશ્વાસન મળે છે ને સાચે જ એ સફળ થાય છે. એનો વિદ્યાભ્યાસ ઉત્કર્ષ પામતો જ રહે છે.

સતત વાચન કરવાને કારણે કે અન્ય કોઈ કારણસર આંખની તકલીફ, બળતરા, ઓછું–ઝાંખું દેખાવું કે ચશ્માના વધારે પડતા નંબરો એવી અનેક મુશ્કેલીઓ પણ વિદ્યાભ્યાસમાં અવરોધરૂપ બને છે. એવા વિદ્યાર્થીઓને ગાયત્રી મંત્રથી અભિમંત્રિત જીવન જળ અકસીર બની રહે છે. આવી જીવન જળની સાથે મા ગાયત્રી તરફથી પ્રાપ્ત થતાં અન્ય સૂચનોનો અમલ કરવા પણ શાસ્ત્રીજી જણાવે છે. સાથે પગના તળિયામાં કાંસાના વાડકા વડે ઘી ઘસવા કહે છે. એથી શરીરની આંખની ગરમી દૂર થઈ ઠંડક પ્રસરે છે. આંખના સ્નાયુઓ સતેજ ને કાર્યશીલ બને છે. દૃષ્ટિની ઝાંખપ દૂર થાય છે. ચશ્માનાં નંબરો પણ ધીમે ધીમે ઓછા થવા લાગે છે. ચશ્માના નંબરોમાં પણ જો માયનસ નંબર હોય તો તો તબીબી દૃષ્ટિએ એ નંબરો ઓછા થવાની કોઈજ શકયતા નથી હોતી. બલકે ઘણીવાર વધે પણ છે. જો પ્લસ નંબર હોય તો ઓછા થવાની શકયતા ખરી.

અત્રે એક એવો જ પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

મુંબઈના એક ભાઈ શ્રી નરેન્દ્રભાઇ સાંગાણી લખે છે.

૧૯૭૮માં હું મા ગાયત્રીની પ્રેરણાથી આપની પાસે આવ્યો. મેં ૭૮ના નવેમ્બરમાં સી. એ.ની પરીક્ષા આપી હતી. એસ.એસ.સી. તથા કોલેજના પ્રથમ વર્ષોમાં મેં સુવર્ણ ચંદ્રકો તથા અન્ય ઇનામો મેળવેલાં હોવાથી આ પરીક્ષા મારે મન અત્યંત મહત્વપૂર્ણ તથા પ્રતિષ્ઠા સમાન પ્રશ્ન હતો. પરન્તુ સંજોગવશાત મારી લાંબી માંદગીને કારણે તથા અંગ્રેજીના કડક પેપરને કારણે મારું મન ભાંગી પડ્યું. મને પાસ થવાની કોઇ આશા ન રહી. મારા મિત્ર વર્તુળમાં તથા કોલેજમાં મારું ખરાબ દેખાશે એવા વિચારથી હું ભયભીત બની ગયો. આ સંજોગમાં આપની આકસ્મિક આશ્ચર્યજનક માત્ર અડધી મિનિટની મુલાકાતે મને ઉગારી લીધો. મેં આપને સંશયથી પૂછયું હુ સી. એ. ની પરીક્ષામાં પાસ થઇશ? આપે ઉત્તર આપ્યો; 'થશે. થશે, થશે,'!!! તા. ૨૬ મી જાન્યુઆરી '૭૯ના રોજ પરિણામ

આવ્યું. આપના અક્ષરે અક્ષર સાચા પડયા. હું પાસ થયો. જીવનમાં મા ગાયત્રીની અસીમ કૃપાથી હું અભુતપૂર્વ આનંદ અનુભવું છુ. મા ગાયત્રીની આ પ્રથમ કૃપાપૂર્ણ દ્રષ્ટિએ મારો તેમની તરફ અનેક ગણો ભકિતભાવ જાગ્યો.

તદુપરાંત તે જ મુલાકાતમાં આપને મેં મારી ચશ્માના વધ્રી ગયેલા નંબર (–૯.૫) ઘટાડવા ઉપાય પૂછેલ, મા ગાયત્રીની આજ્ઞાનુસાર આપે ત્રણ માળા ગાયત્રી મંત્રથી કરવા કહી, સાત દાણા દ્રાક્ષના ખાવા કહ્યું, રાત્રે કાંસાના વાડકા વડે ઘી ઘસવાનું કહ્યું. જીવનજળ આપ્યું. આંખના નિષ્ણાત તબીબોના પણ આશ્ચર્ય વચ્ચે ચશ્માના એકથી દોઢ નંબર ઝડપથી ઘટી ગયા છે. ને તે પણ એકથી સવા મહિનાના ટુંકા ગાળામાં મા ગાયત્રીનું શરણુ શોધનારને પોતાના બાળકને મા દુઃખી કેમ થવા દે !



મા ગાયત્રીમાં મારી શ્રદ્ધા તથા ભકિતભાવ ઉત્તરોત્તર વધતા રહે એવા આશીર્વાદ આપ સતત આપતા રહો એવી હાર્દિક મારી અભ્યર્થના.

ભાઇ નરેન્દ્રભાઈએ સી. એ.ની પરીક્ષા આપી. એની સમગ્ર વિદ્યાકીય કારકિર્દી ખૂબ તેજસ્વી તેથી સી.એ.ની પરીક્ષાને તેનું પરિણામ એમને મન ખૂબ મહત્ત્વપૂર્ણ હતા. લાંબી માંદગી ને અંગ્રેજીના કંઇક કડક પેપરને કારણે એમણે સફળ થવાની શ્રદ્ધા ગુમાવી દીધી. પોતે જો સી.એ.ની પરીક્ષામાં નિષ્ફળ થશે તો એની સમગ્ર કારકિર્દી ધૂળમાં મળી જશે એવા વિચારોએ અત્યંત અસ્વસ્થ બની ગયા તેજ અરસામાં શાસ્ત્રીજી મુંબઇમાં પોતાના જપયજ્ઞનો કાર્યક્રમ આપી રહ્યા હતા. આકસ્મિક પ્રેરણાવશાત ભાઈ નરેન્દ્રભાઇ પૂ. શાસ્ત્રીજીને મળ્યા ને પોતાની મૂંઝવણ વ્યકત કરી. શાસ્ત્રીજીને પળભરમાં એ વિદ્યાર્થીની અભ્યાસનિષ્ઠા કે કારકીર્દીનો ખ્યાલ આવી ગયો ને માતાજી તરફથી સંકેત પ્રાપ્ત થતાં શાસ્ત્રીજીએ એનામાં સફળ થવાની શ્રદ્ધા જગાડી. 'થશે, થશે, થશે'ના સાદા સીધા શબ્દોમાં ત્રિઆવર્તનોએ નરેન્દ્રભાઈની સમગ્ર અસ્વસ્થતા ઓગાળી દીધી. જે નોંધપાત્ર હકીકત છે, તે એ કે પૂ. શાસ્ત્રીજી જે કાંઈ ઉચ્ચારે છે. તે ભાવિના ગર્ભનો તાગ મેળવીને જ તેથી એમની વાણી સત્ય હકીકત બનીને જ રહે છે. શાસ્ત્રીજીના એકાદ બે શબ્દો કે એકાદ વિધાન માત્ર પણ જે તે પરિસ્થિતિ પર સંપૂર્ણ પ્રકાશ રેલાવવા સમર્થ ને સહજ બની રહે છે. તદ્નુસાર ભાઈ નરેન્દ્રભાઈ સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

Scanned by CamScanner

તદ્દઉપરાંત એમના ચશ્માના માયનસ ૯.૫ નંબરો પણ શાસ્ત્રીજીનું જીવનજળ ને અન્ય સૂચનોથી એકથી દોઢ નંબર ઘટી ગયા. તે પણ એકથી સવા મહિનામાં આંખના રોગના નિષ્ણાત તબીબો પણ આ ઘટનાથી આશ્ચર્યચકિત થઈ ગયા છે.

મા ગાયત્રીની કૃપાના આવાં અનુભવથી જીવનનું એક નૂતન પરિણામ સિદ્ધ થતું જોઈ ભાઈ નરેન્દ્રભાઈ પ્રતિદિન મા ગાયત્રી પ્રત્યે શ્રદ્ધા ને ભક્તિભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હોય એવા આશીષની ઊંડી અભ્યર્થના કરે છે. એમાંથી શ્રદ્ધા ને ભક્તિનું મૂળભૂત સ્વરૂપ પ્રગટ થયા વિના રહેતું નથી.

શાળા–કોલેજમાં વિદ્યાભ્યાસ કરતા પ્રત્યેક વિદ્યાર્થી ભાઈબહેનો વિદ્યાભ્યાસની સાથે ગાયત્રીમંત્રની ત્રણમાળા નિત્યક્રમમાં વણી લે અને સંપૂર્ણશ્રદ્ધા ને શરણાગતિ ભાવે નિરંતર મંત્રજપ કરતા રહે તો બુદ્ધિ ઘણી પ્રખર બનશે. શિક્ષક અધ્યાપક વર્ગમાં પ્રવેશી ભણાવવાનું શરૂ કરે તે પહેલાં મનમાં મંત્ર જપે ને શિક્ષક–અધ્યાપક જે સમજાવે તે વિદ્યાર્થીઓ સહેલાઇથી ગ્રહણ કરી શકશે ઘરકામ કરતાં, નોટસ તૈયાર કરતાં, સવાલ-જવાબ તૈયાર કરતાં પહેલા મંત્રજપ કરવાથી જે તે સવાલની વિશદ છણાવટ કરવાનું આવડી જશે. પરીક્ષા વેળાનું પણ મંત્રજપ કરવાનું ચૂકવું નહિ. પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર હાથમાં આવે ત્યારે માતાજીનું સ્મરણ કરી મંત્ર જપી પછી પ્રશ્નપત્રના જવાબો લખવાનું શરૂ કરવું, ને ત્યારે પેન પાણીના રેલાની જેમ ચાલ્યા કરશે. ને આ બધું કેવી રીતે આવડી ગયું એનું ભારે અચરજ થશે. વિદ્યાર્થીએ પોતે કલ્પી પણ ન હોય એવી સફળતા એમાં પ્રાપ્ત થશે.

શુભેચ્છા સહ......

જે. એસ. મોટવાણી એન્ડ મોટવાણી

અમદાવાદ.

આધ્યાત્મિક કેડી

Scanned by CamScanner

# ગાયત્રી મંત્રજાપના સાતત્ય અને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી જીવનમાં નૂતનબળનો સંચાર થયો.



ઇશ્વરની લીલા અકળ છે. એની ગતિવિધિનો તાગ મેળવવાને સામાન્ય માનવીની બુદ્ધિ ઊણી ઉતરે છે.

વળી ઇશ્વર પર શ્રદ્ધા રાખનાર કદાપિ નિરાશ થતો નથી. ઈશ્વરની ઉપાસના દ્વારા માનવી પોતાના જીવનમાં સર્વ કંઈ સુખ શાંતિ પ્રાપ્ત કરી શકે છે. એનું જીવન ઊર્ધ્વ બને છે પણ ઇશ્વિર ઉપાસના અવિરતપણે કરવા છતાં પણ માનવીને જીવનમાં જ્યારે સરિયામ નિષ્ફળતા સાંપડે તોય તેણે હિંમત ન હારવી જોઈએ. એની સાથે એટલી વાત પણ સાચી ને ઇશ્વર ઉપાસના દ્વારા જિંદગીની નિષ્ફળતાઓને જીરવવાની શકિત પણ પ્રાપ્ત થાય છે. માનવી સ્વસ્થ બની શકે છે.

પ્રખર તપસ્વી પૂ. શ્રી શાસ્ત્રીજીનું દ્રઢ મન્તવ્ય છે. ઇશ્વર ભકિત સાથે ભૌતિક સફળતા નિષ્ફળતાને કોઇ જ સંબંધ નથી. ઇશ્વર ભકિત દ્વારા માનવીની આંતરિક સાત્વિક વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ સધાય છે. માનવ ઉન્નત જીવન પામે છે. આધ્યાત્મિક ક્ષેત્રે વિલક્ષણ પ્રગતિ કરે છે. ચિત્ત વધુ ને વધુ સુચિભૂંત બનતું જાય છે. જેમ જેમ નિષ્ફળતા આવતી જાય છે તેમ તેમ ઇશ્વરભકિતના સાતત્ય દ્વારા મનોબળ ખમીરવંતુ બનવા લાગે છે.

પૂ. શાસ્ત્રીજી કહે છે : ગમે તેવી વિષમ પળોમાં પણ નાસીપાસ થવું નહિ. મા ગાયત્રીનું રટણ કરવું ને મહામંત્ર ગાયત્રીનો જપ જપવો. માની જ ઈચ્છાને માથે ચઢાવવી.

કહેવાનું તાત્પર્ય એ કે મા ગાયત્રીનું શરણ સ્વીકારી ગાયત્રી–મહામંત્ર–નું રટણ આદરી અનેક આત્માઓએ પોતાની સંતપ્ત દશામાંથી મુકિત મેળવી છે. પરંતુ અત્રે એવો પ્રસંગ આલેખું છું કે જેણે બાલ્યકાળથી જ નિરંતર ઇશ્વિર–ઉપાસના કરવા છતાં ગાયત્રીની આરાધના કરવાં છતાં જિંદગીમાં સરિયામ નિષ્ફળતા જ પ્રાપ્ત કરી છે ને તે છતાં ઉપાસના બળે એક અજબ પ્રકારની અદ્‌ભુત સ્વસ્થતા સ્થિરતા, સાન્ત્વન ને ખુમારીથી જિંદગી વ્યતિત કરી રહ્યાં છે. એવા એક બહેન લખે છે.

મેટ્રિકમાં આવી તે વર્ષે એક કવિ લેખક–વાર્તાકારનો પરિચય થયો. મૈત્રી બંધાઈ બંને કુટુંબો વચ્ચે પણ મધુર સમ્બન્ધ સેતુ રચાયો. એ કુટુંબને એ

Scanned by CamScanner

લેખક સાથે પરિચય વધતો ગયો. નિકટતા કેળવાતી ગઇ. એમના જ માર્ગદર્શન ને અન્ય સહાય હેઠળ મેં કોલેજમાં પ્રવેશ કર્યો. એમના માર્ગદર્શન દ્વારા મારો અભ્યાસ સુપેરે પ્રગતિ કરી રહયો હતો. મારા અભ્યાસમાં કોઈ જાતની ઉણપ મને નહોતી નડતી. નિકટતા ને આત્મીયતાસભર અમારી ઉભયની મૈત્રી જામતી જતી હતી. અભ્યાસ આગળ વધતો જતો હતો. અકલ્પ્ય રીતે એ મૈત્રીએ વહેણ બદલ્યું. લાગણી સમ્બન્ધ બંધાયો ને વિકસ્યો. એમના જ સાન્નિધ્યમાં મારી ભાષાપ્રિયતાનો ઊંડો સંસ્કાર ખીલ્યો ને વિકસ્યો. મારી લેખન શકિત ઘડાઈ સાહિત્યિક અભ્યાસ વિસ્તરતો ગયો, સાહિત્યક અભિરુચિ ને રસ કેળવાતાં ગયાં, જે મને અભ્યાસ ને અભ્યાસેતર–બંને ક્ષેત્રમાં ખૂબ ઉપકારક નીવડયાં. ને એટલે અંશે હું એમની ઋણી છું, ને રહીશ... પણ એ સમ્બન્ધ આંતર જ્ઞાતીય હતો એ એની મોટામાં મોટી ઊણપ હતી. તેથી પરિણયને તબકકે એનો વિરોધ થવાનો સંભવ હતો જ પણ અમારી ઉભયની શ્રદ્ધાએ, ઇશ્વરકૃપાથી બધું પાર પડશે એવી દ્દઢ આશાએ અમે બંને દિવસો પસાર કરતા હતાં.

એક દિવસ, અચાનક જ સાથે હરતાં–ફરતાં, કોઈપણ જાતના લડાઈ-ઝઘડા-બોલચાલ કે કટુતા વિના એમની લાગણીમાં એકદમ ઓટ આવી ગઈ. કોઈ પણ જાતની સ્પષ્ટતા વિના એ મૌન થઇ ગયા. એનું કારણ પૂછતી તો તે ખૂબ ગુસ્સે થઈ જતા. મેં ખૂબ સમજાવવાનો પ્રયાસ કર્યો. મારી જિંદગીનો સવાલ હતો તેથી જાણ્યે–અજાણ્યે થયેલા મારા કોઈપણ અપરાધ બદલ મેં માફી માગી. પણ એનો કોઈ જ પ્રત્યાઘાત ન પડયો. ટૂંક સમયમાં જ ગુજરાતના એક ગામડાની કોલેજમાં લેકચરર તરીકે એમની નિમણૂક થતાં એઓ શહેર છોડીને ચાલ્યા ગયા હતા. સમાધાન માટે માફી માગતા અનેક પત્રો લખ્યા પણ એનો કોઇ જ પ્રત્યુત્તર ન મળ્યો.

આ તરફ એના માતા–પિતાને ને કુટુંબીઓને જાણ થતાં અમારા આ સમ્બન્ધનો ઘોર વિરોધ થયો. છતાં એની મક્કમતા હતી. પણ એના માતાપિતાને આ સમ્બન્ધ કોઈપણ ભોગે મંજૂર ન હતો. એમની મક્કમતાને લક્ષમાં લેતાં જપ તપ ને મંત્ર-તંત્રના તાંત્રિક પ્રયોગો થવા લાગ્યા. પણ મને મારી શિવ–ગણપતિ–દત્ત ને ગાયત્રીની સાત્ત્વિક ઉપાસનામાં અતૂટ શ્રદ્ધા હતી. વિશ્વાસ હતો છતાં દિન પ્રતિદિન એનો કશો જ પડઘો જાણે નહોતો પડતો. મારા શારીરિક–માનસિક સ્વાસ્થ્ય પર એની ઘેરી અસર થવા લાગી. પણ એમાં કયારેક કોઈપણ પ્રકારનો સુધારો ન થયો. ને આત્મીયતાભર્યો લગભગ દસેક વર્ષનો એ તંતુ

આધ્યાત્મિક કે

Scanned by CamScanner

તડાક દેતાં તૂટી ગયો.

આ બાજુ મારા કુટુંબીઓનું, સગાંવહાલાનું વલણ-વર્તન પણ બદલાઈ ગયું. મ્હેણાં-ટોણાં સાંભળતા પાર નહોતો આવતો. બધાંની નજરમાં હું નીચી ઊતરી રહી હતી. મેં મારી સમ્પૂર્ણ પવિત્રતા જાળવ્યા છતાં બધા મને અપરાધની નજરે જોઈ રહ્યા હતા.

'સંદેશ'ના અગોચર મનની અજાયબી'ના લેખો નિયમિત વાંચતી-વાંચતાં વાંચતાં મને પ્રેરણા થઈ! ને લગભગ ઈ. સ. ૧૯૭૭ના જાન્યુઆરીમાં મેં શાસ્ત્રીજીની મુલાકાત લીધી. તે વેળા પણ મારી ગાયત્રી-ઉપાસના તો ચાલુ જ હતી. પૂ. શાસ્ત્રીજીને મારી હકીકત જણાવી. તેમણે પણ મને પાંચ માળા ને બગલામુખી સ્તોત્રપાઠ કરવા જણાવ્યું. શાસ્ત્રીજીના ચરણોમાં પ્રણામ કરતી વેળાએ મારું હૈયું ભરાઈ આવ્યું હતું. કારણ, એની પાછળ ભૌતિક સુખ મળે કે ન મળે તેની ચિંતા નહોતી, પણ મારી સ્થિતિ એટલી બધી વિષમ ને અસહ્ય હતી કે જાણે જીવન જ અશકય થઈ પડયું હતું! હું હિમ્મત ખોઇ બેઠી હતી. શાસ્ત્રીજી તો વિશેષ કશું જ બોલ્યા નહોતા, પરન્તુ એમના આશીર્વાદ મેળવી પાછી ફરી.

મને એમનામાં શ્રદ્ધા-વિશ્વાસ હતા, છતાં પરિસ્થિતિ ન જ સુધરી. એમણે માતા-પિતા ને કુટુંબીઓની મરજી મુજબ, જે કન્યા બતાવી તેની સાથે, અનિચ્છાએ પ્રયત્નપૂર્વક લગ્ન કરી લીધું. એ આખોયે પ્રસંગ મારી સગી આંખે મેં વિલોકયો, પગ નીચેથી ધરતી ખસી જતી લાગી. સંસારસુખ ન મળ્યું તે તો ઠીક, પણ સમાજમાં જીવનભર આંગળી ચીંધામણું થયું હતું, વળી જેની છત્રછાયા હેઠળ યત્કિંચિત્ કારકિર્દી ઘડાઈ ગઈ હતી અભ્યાસ કર્યો હતો, લખતાં શીખી હતી તેની સાથેના આવા વિચ્છેદથી મારા ચિત્તે અસહય આઘાત અનુભવ્યો હતો, પણ તે વેળા કોઈક અગોચર સક્તિ મને શંભાળી રહી હોય એવું પ્રતીત થયું.

મારી હાલત વધુ કફોડી થઈ વિષમતામાં વૃદ્ધિ થઈ, મા ગાયત્રીને પૂ. શાસ્ત્રીજીનું સ્મરણ અખંડપણે કરી રહી હતી, ગાયત્રી-જપ તો હજી પૂરવેગે ચાલતા હતા, છતાં જીવન પ્રત્યે તિરસ્કાર આવી ગયો હતો. મારા મનોપટ પરથી એક અવાજ સતત સંભળાઈ રહયો હતો, પળે પળે ને ક્ષણે ક્ષણે કોઈક સમજાવી રહ્યું હતું. શાસ્ત્રીજીને મળ. એ શું કહે છે તે સાંભળ. પછી તારે જે કાંઈ કરવું હોય તે કરજે. ટૂંક સમયમાં ફરી શાસ્ત્રીજીને મળી. એમના ચરણોમાં

પ્રણામ કરી અત્યંત અસ્વસ્થ ચિત્તે ને ભીની આંખે શાસ્ત્રીજીને એક જ વાક્યમાં પરિસ્થિતિની જાણ કરી. પૂ. શાસ્ત્રીજીએ અદ્દભૂત શ્વેત સ્મિત વેરી આશીર્વાદ આપી સાંત્વન આપ્યું. હવે બીજે તો શો ઉકેલ આવવાનો હતો, પણ મારા પર જે કંઇ આક્ષેપો થયા છે, બદનામી થઈ છે એમાંથી મારી મુક્તિ થાય. મારું વાસ્તવ સત્ય ને પવિત્રતા સિધ્ધ થાય એટલી જ મારી મનોમન પ્રાર્થના હતી. પણ શાસ્ત્રીજીના આશિષથી મેં ચોકકસ રાહત અનુભવી. એમણે હસતાં હસતાં કહ્યું: મા ગાયત્રીની તમારા પર ખૂબ કૃપા છે. તમને કશું નહિ થાય, ચિન્તા ન કરશો. માતાજી કોઇક રસ્તો કાઢી આપશે.

દિનપ્રતિદિન ક્ષીણ થતા જતા મારા શારીરિક–માનસિક સ્વાસ્થ્ય માટે પૂ. શાસ્ત્રીજીએ સામે ચાલી અભિમંત્રીત જીવનજળ આપ્યું એ જળના નિયમિત સેવનથી મારા સ્વાસ્ચથ્યમાં અપૂર્વ ને અકલ્પ્ય તાજગી પ્રફૂલ્લતા આવતાં ગયાં. મેં સારી એવી સ્થિરતા ને સ્વાસ્થતા અનુભવવા માંડયા.

ભારતીય આર્યનારીના એક પતિવ્રતના સંસ્કારબળે ને સ્વકાય સિદ્ધાંતો, આદર્શો ને સત્યપ્રિયતાના આગ્રહને કારણે આજીવન કૌમાર્યવ્રત પાળવાના પોતાના દ્રઢ સંકલ્પમાં પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદ ને ગાયત્રી-ઉપાસનાએ અપૂર્વ અને અદ્વિતીય બળ પૂર્યું છે. પૂરતાં રહે છે.

મારા જીવનમાં એક જ પ્રશ્ન દોહરાયા કરે છે કે જો પૂ. શાસ્ત્રીજીના આશીષ ને વત્સલતાનું અવલંબન હુંફ પ્રાપ્ત ન થયાં હોત તો મારું જીવતર કયાં જઇને અટકતે? એની કેવી ગતિ થાત? એવા વિચાર માત્રથી હું કંપી ઊઠું છું. ડગમગ થતાં એ જીવનને શાંત ને સ્વસ્થ કરનાર તો પૂ. શાસ્ત્રીજી જ!

---

શુભેચ્છા સહ.......

નરેશકુમાર મોહનલાલ જરીવાલા

ઇન્દરપુરા, રાણાવોર્ડ,

સુરત.



Scanned by CamScanner

## મા ગાયત્રીની કૃપાથી
## હંસાબહેનના સૌભાગ્યનો સૂર્ય પુનઃપ્રકાશ્યો

ભારતીય સંસ્કૃતિમાં કુમકુમનું મહત્ત્વ અનેકગણું છે. ભારતીય હિંદુ નારીના સૌભાગ્યનું એ પ્રતીક મનાયું છે. નારીના જીવતરનું એ અમૂલ્ય–અપ્રતિમ આભૂષણ છે. કુંવારી કન્યાને સૌભાગ્યવતી થવા–સારો વર પ્રાપ્ત કરવા માટે હિંદુ ધર્મમાં અનેક વ્રતો આવે છે, તેમ જ પરિણીત સ્ત્રીને પતિ, બાળકો અને કુટુંબના ક્ષેમકુશળ માટે પણ અનેક વ્રતોનો નિર્દેશ મળી આવે છે. વડીલો પણ સ્ત્રીને 'અખંડ સૌભાગ્યવતી રહો !' એવા જ આશીર્વાદ આપે છે. કોઇ પણ દેવદેવીની ઉપાસના કરતાં સ્ત્રી ઊંડા અંતઃકરણથી એક જ પ્રાર્થના કરે છે : મારો ચુડીચાંલ્લો અખંડ રાખજે ! મારા સૌભાગ્યની રક્ષા કરજે. પતિ જ જીવનનું પરમ સૌભાગ્ય એ હિંદુ આર્યનારીનો એક ઊંડો સંસ્કાર છે.

જ્યારે નારીનું આ સૌભાગ્ય ડગમગવા લાગે છે, કટોકટીની પળોમાં મુકાય છે ત્યારે એનું હૈયું હામ ખોઈ બેસે છે. એનું અંતર પ્રભુને પોકારી પોકારીને કહે છે, પ્રભુ, મારા કુમકુમની લાજ રાખજે ને સાચે જ એના કુમકુમની રક્ષા થાય છે. આવો જ એક પ્રસંગ અત્રે પ્રસ્તુત કર્યો છે.

તા. ૨૮-૭-૭૭ ના રોજ હંસાબહેનના પતિદેવને દુઃખાવો ઉપડયો. આંતરડા છઠ્ઠી વખત ગૂંચવાઈ ગયા. ડોકટરોએ છઠ્ઠી વખત ઓપરેશન કરવાની સલાહ આપી. છઠ્ઠી વખત ઓપરેશનના નામથી ઘરનાં સૌનાં મોં ઉપર વેદનાની કાલિમા છવાઈ ગઈ. શંકા–કુશંકાનાં વાદળો છવાઈ ગયાં. હંસાબહેનના પતિદેવ મહેન્દ્રભાઈ આમ તો મનોબળના ખૂબ જ મજબૂત, પણ આ વખતે તેમની પણ હિંમત ખૂટી ગઈ. એમને પ્રતીતિ થઇ કે આ વખતે ઘર છોડું છું પણ કદાચ હંમેશને માટે ! આવા સંજોગોમાં તા. ૨જી ઓગસ્ટના રોજ મહેન્દ્રભાઇ ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી અને તે પણ લગભગ અઢી કલાક ! આંતરડાની ગૂંચ ઉકેલી. કંઈક આશ આવી પરંતુ તે લાંબો વખત ન ચાલી કારણ ત્યારબાદ બરોબર દસમે દિવસે, હજુ તો ટાંકા તોડયા પણ નહોતા અને પાછું દર્દ ઉપડયું. ડોકટરે સાતમી વખત ઓપરેશન કરવું પડશે એમ જણાવ્યું અને તે પણ માત્ર એક ટકાની આશા ઉપર–બાકી ઓપરેશન નહિ કરીએ તો સો ટકાનું જોખમ છે.

Scanned by CamScanner

આવા સંજોગોમાં મહેન્દ્રભાઈનું મનોબળ ભાંગી ગયું. હંસાબહેનની ધીરજ ખૂટી ગઈ. તેઓ પોતાના ભાવિના ઊંડા વિચારમાં ખોવાઈ ગયા. ઘરનાં સૌની આંખો અશ્રુ-ભીની બની ગઈ. એક ટકાની આશા ઉપર જોખમ કરવાની દ્વિધામાં પડયાં !

આ વખતે હંસાબહેનના ભાઈએ હંસાબહેનને હિંમત આપી, મા ગાયત્રી દેવી સૌ સારું કરશે. મહેન્દ્રભાઈને કંઈ નહિ થાય એમ શ્રદ્ધા રાખી મા ગાયત્રીની અગિયાર જપમાળા કરવા સંકલ્પ કરાવ્યો. માતાનઃ ખોળામાં માથું મૂકી મા ઉપર બધું છોડી દેવા સલાહ આપી.

તા. ૧૩-૮-૭૭ ના રોજ સાંજે છ વાગે મહેન્દ્રભાઈનું ઓપરેશન શરૂ થયું અને ખાસ્સા ત્રણ કલાક ઓપરેશન ચાલ્યું, અગાઉ કરતાં આંતરડા વધારે ગૂંચવાયેલાં હતા- ઓપરેશનની દ્રષ્ટિએ ઓપરેશન થયું ગણાય. પણ ડોકટરે મહેન્દ્રભાઈના નસીબ ઉપર બધી વાત છોડી દીધી !

તા. ૧૫-૮-૭૭ નો દિવસ તાવ અને વેદનામાં પસાર થયો. તા. ૧૬-૮-૭૭ ની સવારના મહેન્દ્રભાઈનાં ચક્ષુ સમક્ષ ચિત્રવિચિત્ર આકૃતિઓ દેખાવા લાગી અને એમના વર્ણન પરથી ધ્રાસકો પડયો કે આમને શું થાય છે ? મગજની સમતુલા ઓછી થતી લાગી. હંસાબહેનના ભાઈને માતાજીના પ્રખર ઉપાસક પૂ. શાસ્ત્રીજીનો સુપેરે પરિચય હતો તેથી તેમની સલાહ લેવા જણાવ્યું. આવી કપરી પરિસ્થિતમાં મા ઉપરની પૂરી શ્રદ્ધાના જોરે હંસાબહેન પૂ. શાસ્ત્રીજી પાસે ગયા અને ચોધાર આંસુએ રડતાં પોતાના પતિની જીવલેણ માંદગીની હકીકત કહી સંભળાવી.

શાસ્ત્રીજી ખૂબ જ અનુકંપાશીલ છે. મા ગાયત્રીને શરણે જવા ઈચ્છુક ઉત્સાહિત ભાવિકને પોતાનું માર્ગદર્શન આપવા હંમેશ તત્પર રહે છે. હંસાબહેનના મુખે 'સાતમી વખત ઓપરેશન'ની વાત સાંભળી પૂ. શાસ્ત્રીજીની આંખોમાં પણ આંસુ ધસી આવ્યાં, પણ વળતી પળે સ્વસ્થ થઈ તેઓએ હંસાબહેનને હિંમત આપી : 'બહેન, મા સૌ સારું કરશે. માને આશ્રયે આવેલને મા કદી નિરાશ નથી કરતી.

Scanned by CamScanner

એ તમને જરૂર મદદ કરશે.' એમ સાન્ત્વન આપી અભિમન્ત્રિત જળ આપ્યું. સાથે મા ગાયત્રીની તસવીર આપી.

શાસ્ત્રીજીએ આપેલું અભિમન્ત્રિત જળ મહેન્દ્રભાઈને પીવડાવ્યું અને મહેન્દ્રભાઈ ખાસ્સા ત્રણથી ચાર કલાક ઘસઘસાટ ઊંઘી ગયા. (આવી ઊંઘ આ પહેલાં તેમને કયારેય નહોતી આવી.) સાંજે છ વાગ્યે એકાએક તેમના શ્વાસોચ્છવાસ અને આકુળવ્યાકુળતાથી ઘરનાં બધાં ગભરાયાં. ઘરનાં સર્વને શંકા ગઈ કે મહેન્દ્રભાઈનો અંતિમ સમય નજીક આવી રહ્યો છે. દોડાદોડ શરૂ થઈ. હંસાબહેનના સૌભાગ્યનો સૂરજ નિસ્તેજ થઈ ગયો. જે વખતે મહેન્દ્રભાઈની તબિયત સિરિયસ થઈ ગઈ તે વખતે હોસ્પીટલમાં અન્ય બે દરદીઓની તબિયત પણ ગંભીર થઈ. તેઓનાં સગાંવહાલાં પણ ભેગાં થઈ ગયાં. હોસ્પીટલનું વાતાવરણ ગંભીર ને ગભરાટયુક્ત બની ગયું.

આ સંજોગોમાં માતાજીએ પોતાની કૃપાનો પ્રકાશ પાથર્યો. મા ઉપરની અનન્ય શ્રદ્ધાએ જોર કર્યું અને માતાજીની શીળી છાયાએ હોસ્પીટલમાં સૂતેલા માત્ર મહેન્દ્રભાઈને જ નહિ પણ અન્ય બંને દરદીની તબિયતમાં પણ સુધારો થયો.

અભિમન્ત્રિત જળના નિયમિત પાનથી મહેન્દ્રભાઈની તબિયત દિનપ્રતિદિન સુધરતી ગઈ. ડૉક્ટરને આશ્ચર્ય થતું ગયું કે, આટલી ગંભીર માંદગીમાં તેમની ગણતરી કરતાં પણ વધુ ઝડપથી સુધારો થઈ રહ્યો છે, એટલું જ નહિ, ડૉક્ટરે જણાવ્યું પણ ખરું કે, હવે મહેન્દ્રભાઈ ભયમુકત છે. પણ હવે ફરી પાછા આંતરડાં ચોંટે નહિ તે જોવાનું. પછી તો મહેન્દ્રભાઈ ઘેર આવી ગયા. હરતા–ફરતા થઈ ગયા. આંતરડાં સરળતા–સહજતા–સ્વાભાવિકતાથી કાર્ય કરતાં થઈ ગયા. હંસાબહેની શ્રદ્ધા વધુ દ્રઢ થઈ. એમને સંપૂર્ણ પ્રતીતિ થઈ કે માએ મારા કુમકુમની લાજ રાખી છે. હવે મારા પતિને આવી માંદગી કયારેય નહિ આવે. હવે માના આશરે છીએ. મારી ચિંતા માને સોંપી છે. તેમના ઉપર અસીમ શ્રદ્ધા છે. મા હંમેશ મારા સૌભાગ્યના સૂર્યને ઝળહળતો રાખશે !

*



Scanned by CamScanner

## ગાયત્રી ઉપાસનાથી
## ભૌતિક સુખ અને આધ્યાત્મિક આનંદ બંને સિદ્ધ થાય છે

દીપકભાઇને વાઈનું દર્દ હતું, ઘણા બધા સતત ઉપચારો છતાં એ દર્દ ન મટયું ત્યારે એમણે ઇશ્વરી શકિતનો આશ્રય લેવાનું વિચાર્યું. ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજી વિષે તેમણે વાંચ્યું-સાંભળ્યું હશે એટલે એમનો એમણે સંપર્ક સાધ્યો. શાસ્ત્રીજીએ એમની કાયમી રીતિ અનુસાર મા ગાયત્રીનું શરણું સ્વીકારવાનો આદેશ આપ્યો.

ગાયત્રીમંત્રનું રટણ અને પૂર્ણ શરણાગતિને પરિણામે દીપકભાઈનું વાઈનું દર્દ મટી ગયું અને એમણે સ્વસ્થતા પ્રાપ્ત કરી. દીપકભાઇને થયેલો આ અનુભવ વર્ણવવાની સાથે એમણે મહામંત્ર ગાયત્રીની મહત્તા અને અસરકારકતા વિષે જે વિચારો વ્યકત કર્યા છે, તે રોચક હોઇ અત્રે રજૂ કર્યા છે.

આપણા પૂર્વાચાર્યોએ ગાયત્રી મંત્રને વેદનો સાર કહ્યો છે. જે પ્રાણનું રક્ષણ કરે તે ગાયત્રી. તે માણસના જીવનનું રક્ષણ કરી જીવનના વિજ્ઞાનનું દર્શન કરાવે છે. ગાયત્રીમંત્રની ત્રણ વ્યાહૃતિઓનો સંબંધ વિસ્તૃત અર્થમાં બ્રહ્માંડના એકેએક પદાર્થ, સ્થળકાળ, પંચમહાભૂતો, માનવીની અવસ્થાઓ, ગુણો, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યો છે. વેદ અને ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે વેદમાતા ગાયત્રી પાપોનો નાશ કરી પવિત્ર કરવાવાળી છે. વેદકાળમાં બ્રાહ્મણો આ લોકમાં આયુષ્ય, પ્રાણ, પ્રજા, પશુ, કીર્તિ, દ્રવ્ય અને વેદજ્ઞાન પ્રાપ્ત કરવા તેમજ પરલોકમાં મોક્ષસુખ પ્રાપ્ત કરવા ગાયત્રી-ઉપાસના કરતા. આમ, ગાયત્રી-ઉપાસનાથી ભૌતિક સુખ અને આધ્યાત્મિક આનંદ-એમ બન્ને હેતુઓ સિદ્ધ કરી શકાય છે.

સળગતા કોલસા ઉપર રાખ બાઝી જાય છે ત્યારે કોલસાની ગરમી ઓછી થઇ જાય છે. અને ફરીથી કોલસાને પ્રજ્વલિત કરવા માટે એને સહેજ સંકોરવો પડે છે. જીવની સ્થિતિ પણ એવી જ હોય છે. એની સાથે જોડાયેલી પ્રકૃતિગત વાસનાઓ અને પૂર્વકર્મોની રાખ આત્માની અસલ શકિત અને સ્વરૂપને ઢાંકી દે છે. ગાયત્રી ઉપાસનાથી એ કર્મબંધનોથી મુકત થવાય છે. આત્માની શકિત અને



Scanned by CamScanner

સ્વરૂપને ઓળખી શકાય છે. ગાયત્રી–ઉપાસકે નીતિશાસ્ત્ર કે સદાચારના પાઠ શીખવા પડતા નથી, પરંતુ ઉપાસનાની સાથે સાથે આપોઆપ આચારશુદ્ધિ જળવાય છે. એટલું જ નહિ પરંતુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ માનવજીવનના ચાર પુરુષાર્થો સહેલાઈથી સિદ્ધ થાય છે.

હું ગાયત્રી–શકિતમાં ઘણાં વર્ષોથી શ્રદ્ધા ધરાવું છું. મને એપીલેપ્સી (વાઈ)નું દર્દ હોવાથી દવા ચાલુ હતી. પરંતુ દવાથી એ દર્દમાં સંપૂર્ણ સુધારો જણાતો ન હતો. દોઢેક વર્ષ પહેલાં મેં પૂ. શાસ્ત્રીજીને એ વિશે લખી જણાવ્યું હતું. એના જવાબ રૂપે તેમણે મને માત્ર ગાયત્રી માતાનો ફોટો મોકલ્યો હતો. અને હું સંપૂર્ણ સ્વસ્થ છું.

પૂ. શાસ્ત્રીજીએ ગાયત્રી–ઉપાસનામાં વિધિવિધાન કરતાં પણ સંપૂર્ણ શરણાગતિની ભાવનાને વધારે મહત્ત્વ આપ્યું છે. મંત્રની અસરકારતા માટે એ ખૂબ જરૂરી છે.

ખરેખર, માનવની શ્રદ્ધા–શરણાગતિ અને ઇશ્વરની અપાર કરુણાનું સુભગ સંયોજન થવાથી ચમત્કાર સર્જાય છે. સામાન્ય માણસને એ ચમત્કારો આશ્ચર્યજનક લાગે છે, પરંતુ ઉપાસકને પોતાને માટે એ ચમત્કારો તુચ્છ–તુણવત્ હોય છે. કારણ કે એને માટે ચમત્કારો કરતાં પણ ઉપાસનાને પરિણામે થતી આનંદની અનુભૂતિ સૌથી મોટી પ્રાપ્તિ છે. ચમત્કારોના મોહમાં પડી જવાથી બ્રહ્માનંદની પ્રાપ્તિમાં અવરોધ ઊભો થાય છે.

ગાયત્રી–ઉપાસના એ શબ્દબ્રહ્મના રૂપમાં ઈશ્વરની પરાત્પર શકિતની ઉપાસના છે. ગાયત્રીમંત્ર એ વ્યકિત, સમાજ અને સમષ્ટિનો કલ્યાણમંત્ર છે. એટલું તો ચોકકસ છે કે એની ઉપાસનાથી આખી દુનિયાને હચમચાવી નાખનારી આત્માની કલ્યાણમયી અણુશકિત પ્રપ્ત થાય છે.

Scanned by CamScanner

## ગાયત્રી–મહામંત્ર
## માનવીનું કવચની જેમ રક્ષણ કરે છે !

સામ્પ્રતકાળમાં માનવીના જીવનની કોઇ સલામતી નથી, કોઈ નિશ્ચિતતા નથી. માનવીની જીવન–પદ્ધતિ ને માનવમન પણ એવાં સંકુલ થતાં જાય છે કે એ સંકુલતાં માનવીના જીવનમાં કયારે ને કેવી આપત્તિ ઊભી કરશે એ વિશે કશું કહી શકાય નહિ. આવી સંકુલતાને કારણે સીધાસાદા માણસો પણ એવી આપત્તિમાં આવી પડે છે કે એમાંથી મુકત થવા માટે માનવીના સર્વ પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. આવી વેળા ભકિત માત્ર માનવીનું કવચની જેમ રક્ષણ કરે છે. કોઇક સંત–સિદ્ધ મહાપુરુષના સાન્નિધ્યનું સાતત્ય, એના આશિષ માનવીને આવી પળોમાંથી ઉગારી લે છે !

સૂરતના હીરાના વેપારી શ્રી હીરાભાઈના દીકરા ભાઈ નીતિનભાઇ આકસ્મિક આવી આપત્તિમાં આવી પડયા. પછી શાસ્ત્રીજીના માર્ગદર્શનથી એઓ સ્વસ્થ બન્યા.

શ્રી હીરાભાઈ તો શાસ્ત્રીજીના સૂરતના કાર્યક્રમ દરમ્યાન સતત એમની સેવામાં, આયોજનમાં વ્યસ્ત રહે એમના દીકરા ભાઈ નીતિનભાઈ વેપારનું બધું કાર્ય સંભાળી લે. અચાનક જ નીતિનભાઇની તબિયત બગડી. તબીબી સારવાર ચાલુ કરી. પૂ. શ્રીના આદેશ અનુસાર 'જીવનજળ' પણ ચાલુ કર્યું. પરન્તુ એમની તબિયત દિનપ્રનિદિન વધુ ને વધુ કથળતી ગઈ. પ્રતિષ્ઠિત તબીબોની સારવાર શરૂ થઈ. તબીબોએ 'વા'નું નિદાન કર્યું. નીતિનભાઈની ઘૂંટી ઘૂંટણ ને કમ્મર સજ્જડ થઇ ગયા. કમ્મર ને કરોડજજુના ઉપરના ભાગમાં અતિશય દુઃખાવો થવા માંડયો. પથારીવશ બની ગયા. તબીબોએ 'વા'ના દર્દમાં લેવાતી ગોળીઓ આપી. તબીબી અભિપ્રાય મુજબ 'વા'ના દર્દની આ ગોળીઓ સાઠની સંખ્યામાં લેવી જોઈએ. એથી વધુ નહિ જો એથી વધુ લેવાય તો આંતરડામાં ચાંદા પડે પણ દર્દમાં ફરક પડવાને બદલે એમાં વૃદ્ધિ જ થતી ગઈ. નીતિનભાઈ હવે સાવ પથારીવશ બની ગયા. એમનું આખું શરીર જાણે જકડાઈ ગયું, અરે, એમના શરીરને અડકી પણ ન શકાય. હીરાભાઈ મૂંઝાયા. એટલામાં કોઈએ એમને વા ઉંજાવવાની સલાહ આપી. એક પારસીભાઈ પાસે એઓ વા ઉંજાવવા ગયા. બે દિવસ ઉંજ્યા પછી ત્રીજે દિવસે તો દરદી હરતો–ફરતો થઈ જવો જોઇએ. પણ નીતિનભાઈને તો

એથી યે ફરક ન પડચો. ત્રીજે દિવસે ઉંજાવવા જતાં પેલા પારસીભાઈએ આશ્ચર્ય વ્યકત કરી હીરાભાઈને કહ્યું, 'આમાં મને કોઈક તાંત્રિક પ્રયોગનો પ્રભાવ હોય એમ જણાય છે. બાકી દર્દમાં સહેજ પણ ફરક ન પડે એવું તો બને જ નહિ. તમે જો કહેતા હો તો તાવીજ બનાવી આપું. એકત્રીસ રૂપિયાનો ખર્ચ થશે. ....' હીરાભાઈને એકત્રીસ રૂપિયાની કોઈ વિસાત નહોતી. એમણે તો તાવીજ પણ બનાવડાવ્યું. એ પહેર્યા પછી પણ નીતિનભાઈની તબિયતમાં કોઈ ફરક ન પડયો. નીતિનભાઇનું દર્દ વધતું જ ગયું. પથારીમાંથી ઊભા થવાની પણ એમનામાં શક્તિ ન રહી. હીરાભાઇની મૂંઝવણનો કોઈ પાર ન રહયો. પથારીવશ પુત્રને જોઈને, પુત્રવધૂને જોઈને, એમનાં નાનાં ટાબરિયાંને જોઇને, પુત્રની કુતેહ-બુદ્ધિ, વ્યવહાર–કુશળતાવાળો પુત્ર પથારીવશ જોઈને હીરાભાઈની આંખો આંસુથી ભરાઈ આવી. એમને મા ગાયત્રીનું સ્મરણ થયું. કોઈક અગોચર પ્રેરણાએ હીરાભાઈના મનમાં ઝબકાર થયો. ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીને મળી આ વાતની જાણ કરવી. એમનો આદેશ માથે ચઢાવવો. અલબત્ત, ત્યારે પણ 'જીવનજળ' તો ચાલુ જ હતું. હીરાભાઈ અમદાવાદ પહોંચ્યા. પ્રણામ કરીને ઊભા થતાં તો હીરાભાઈ રડી પડયા. ભીની આંખે શાસ્ત્રીજીને કહ્યું, 'શાસ્ત્રીજી, નીતિનની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. કોઇ ફરક નથી. હું મારો છોકરો ગુમાવી બેસીશ. હીરાભાઇને ગળે ડૂમો બાઝી ગયો હતો. શાસ્ત્રીજીએ એમની હંમેશની પ્રણાલી અનુસાર હસતાં હસતાં કહ્યું, 'હીરાભાઈ, ગભરાવ નહિ. માતાજી બધું જ સારું કરી દેશે !'

એક ડગલું પણ ચાલી ન શકનાર નીતિનભાઈને ઊંચકીને ટાંગાટોળી કરીને શાસ્ત્રીજીના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યા. માતાજીના ઓરડામાંથી બહાર નીકળી શાસ્ત્રીજીએ આ જોયું ને કહ્યું : 'હીરાભાઇ, તમે એને ઊંચકીને કેમ લાવ્યા ?' હીરાભાઈએ કહ્યું, 'એનાથી એક ડગલું ચાલી નથી શકાતું, પછી ઊંચકીને ન લાવું તો શું કરું ? બંગલાના કમ્પાઉન્ડના કૂટિરમાં બિછાવેલા પલંગ પર નીતિનભાઈને બેસાડયા. શાસ્ત્રીજી ઓટલો ઊતરી કમ્પાઉન્ડમાં આવ્યા. નીતિનભાઇ પાસે જઇ માથે હાથ ફેરવી, ઘૂંટણે હાથ પસવારી નીતિનભાઈને

Scanned by CamScanner

શાસ્ત્રીજીએ કહ્યું, 'ચાલ ઊભો થા જોઉં, તારી મેળે પગથિયાં ચડી અંદર ઓરડામાં જા. કોઈ એને પકડશો નહિ.' શાસ્ત્રીજીના હાથના સ્પર્શનો કોઇ જાદુ થયો હોય એમ એક પળ પહેલાં તો જમીન પર પગ ન મૂકી શકતા નીતિનભાઇ એની મેળે ચાલીને શાસ્ત્રીજી સાથે માતાજીના ઓરડામાં ગયા. નીતિનભાઈના બધા જ સગાંવહાલાં આશ્ચર્યચકિત થઇ ગયા. કારણ, તેઓ પણ આત્મબળ, ધીરજ ને સહનશકિત ખોઇ બેઠા હતા. એમની માંદગી દરમ્યાન બે થી અઢી મહિનામાં તો નીતિનભાઇનું ૧૫ કીલો વજન ઊતરી ગયું હતું, પણ શાસ્ત્રીજીએ ૨૮ મી જૂને સારવાર શરૂ કરી ૪થી જુલાઈએ પૂરી કરી તે અઠવાડિયા દરમ્યાન તો તેમનું ૩ કીલો વજન પણ વધી ગયું !

નીતિનભાઈની શ્રદ્ધા ને શરણાગતિમાં એક નવો જુવાળ આવ્યો છે ને મા ગાયત્રીના અનન્ય ભકત બન્યા છે. એવા જ અનન્યભાવે શાસ્ત્રીજીને ગુરુપદે પ્રસ્થાપિત કર્યા છે.

કેટલીકવાર શારીરિક માનસિક માંદગી પાછળ આવી હીન પ્રકારની ક્રિયાઓ-તાંત્રિક પ્રયોગો જ કારણભૂત હોય છે. એને કારણે જ માંદગીનું-દર્દનું કોઈ નિદાન નથી થઈ શકતું. તબીબો પણ સાચું નિદાન કરવા આ કે તે પ્રયોગો-દવાઓ અજમાવ્યા કરે છે. પણ એની કોઈ અસર થતી નથી અને ત્યારે આવા હીન પ્રકારના પ્રયોગો સામે ભકિત માત્ર રક્ષણ આપે છે. ગાયત્રી મહામંત્રના જપ અકસીર ઈલાજ રૂપ પુરવાર થાય છે. કારણ ગાયત્રી ઉપાસના અતિ સાત્ત્વિક છે. ગાયત્રી મંત્ર વેદોકત છે. એ પ્રખર સૂર્યમંત્ર છે. એના અવિરત જપ-રટણ દ્વારા માનવીને અખૂટ શકિત સમ્પ્રાપ્ત થાય છે. એ શકિત દ્વારા એ આવા પ્રયોગો સામે રક્ષણ મેળવી શકે છે.

આવા પ્રયોગો અજમાવવા પાછળ પણ માનવમનની સંકુચિતતા જ જવાબદાર હોય છે. કારણ, પોતાનું કોઇ કાર્ય સિદ્ધ ન થતાં સંકુચિત મન આવા નિમ્ન કોટિના પ્રયોગો અજમાવવા પ્રેરાય છે, ને આવો હીન પ્રકારનો માર્ગ ગ્રહણ કરે છે. માનવમનની આવી સંકુચિતતા ને જટિલતાનું પણ ગાયત્રી-જપ દ્વારા નિવારણ થઈ શકે છે ને માનવી સન્માર્ગે પ્રેરાય છે.

卐



卐

Scanned by CamScanner

# ગાયત્રી મંત્રની સંનિષ્ઠ આરાધનાથી વર્ષો જૂના મુકદ્દમામાં સમાધાન થયું

આધ્યાત્મિક કેડી

પોતાના સત્–અસત્ કર્મોનાં ફળો દરેકે ભોગવવાં જ પડે છે. તદનુસાર ભૌતિક જીવન ગતિ કરે છે. કયારેક કયારેક જીવનમાં એવો સમય આવે છે કે ચારે બાજુથી વિષમતાઓ હુમલો કરે છે. ચોતરફ માનવીને અંધકાર જ અંધકાર દેખાય છે. એને કશું સૂઝતું નથી, એ ખૂબ અકળાય છે, મુંઝાય છે, ગુંચવાય છે, પણ ઇશ્વર ખૂબ કૃપાળુ છે. એ માનવીને દુઃખ આપે છે, તો એ દુઃખ સહન કરવાની શકિત પણ આપે જ છે. તેથી પ્રત્યેક જીવતરની વિષમતાઓથી અકળાઇને નાસીપાસ થવું ના જોઈએ, પણ ઇશ્વરને સહનશકિત આપવા માટે પ્રાર્થના કરવી જોઈએ.

આપણા હિંદુ ધર્મ સાહિત્યમાં અનેક પ્રાર્થના, સ્તોત્રો, મંત્રો મળી આવે છે. અનેક દેવ–દેવીઓના સ્તોત્રો ને મંત્રો મળી આવે છે, દરેક વ્યકિત પોતાના ઇષ્ટદેવની એ દ્વારા સ્તુતિ કરે છે, પરંતુ આપણા વૈદિક સાહિત્યમાં ગાયત્રી–મહામંત્રને સર્વોત્કૃષ્ટ મંત્ર કહ્યો છે. અભૂતપૂર્વ ને વિલક્ષણ એવી એ મંત્રની રચના છે. પ્રચંડ કિરણોથી દેદિપ્યમાન એવા સૂર્યદેવતાની એ પ્રાર્થના છે. ગાયત્રી મંત્ર એ સૂર્યનારાયણની સ્તુતિ છે. આજના કળિયુગમાં પણ અનેક સિદ્ધ એવા ગાયત્રી ઉપાસકોએ આ ગાયત્રી મહામંત્રની આરાધના કરી અપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આધ્યાત્મિક ક્ષેત્રે અદ્‌ભુત ક્રાંતિ સર્જીને એમણે સ્વકીય પ્રદાન કર્યું છે. અનાદિકાળથી ચાલી આવેલી ને લુપ્ત થયેલી આ ગાયત્રી સાધનાનું પુનરુત્થાન કર્યું છે. આ મંત્રની આરાધના કરતાં મા ગાયત્રીની કૃપાનું માધ્યમ બની મા તરફથી આદેશ–સંકેત પ્રાપ્ત કર્યો છે કે ગાયત્રી મંત્રનું રટણ–જપ ગાય મનુષ્ય માત્ર માટે કોઈપણ જાતના ભેદભાવ વિના–કલ્યાણકારી અને અભ્યુદય સાધનારો છે. ગાયત્રી મહામંત્રની સાધના દ્વારા મનુષ્ય ભૌતિક તેમજ આધ્યાત્મિક બન્ને સુખ પ્રાપ્ત કરે છે.

ગાયત્રી ઉપાસક પૂ. શાસ્ત્રીજી પણ જીવનની એવી સમવિષમ સ્થિતિમાં પણ મા ગાયત્રીનું શરણું સ્વીકારવાની ને ગાયત્રી મહામંત્રનું રટણ કરવાની જ સલાહ આપે છે. એ દ્વારા માનવી ઉત્તરોઉત્તર શાંતિ–સુખનો અનુભવ કરી શકે છે. આથી જે કોઈ વ્યકિત તેમની પાસે જાય છે, પોતાની મુશ્કેલીઓ રજૂ કરે છે, તેમને પણ તેઓ સંપૂર્ણ પ્રપત્તિ ભાવે ને નિષ્ઠાપૂર્વક શ્રદ્ધા દાખવીને ગાયત્રી જપ કરવાનું કહે છે.

Scanned by CamScanner

આપત્તિગ્રસ્ત બનેલ એક સજ્જનની વાત અત્રે રજૂ કરી છે, એઓ કહે છે :

"કુટુંબ પર દુષ્કર્મના ફળ રૂપે અનેક મુશ્કેલીઓ આવવી શરૂ થઇ, ભાગીદારીમાં ખટપટ થઇ, કેસ થયો, બાર વર્ષનાં વહાણાં વાર્યાં છતાં, લવાદો નિમાયા છતાં, એનો અંત આવતો નહોતો. નાણાં અને સમયનો વ્યય થઈ રહ્યો હતો, રોજબરોજના કાર્યમાં પણ અનેક ગુંચવણ અને ઉપાધિ આવ્યા કરતી હતી. કુટુંબમાં અવારનવાર માંદગી પણ પ્રવેશ કરતી, દરેક રીતે જીવન કષ્ટમય બની રહ્યું હતું અને પૂ. સદ્ગુરુમાં અનંત શ્રદ્ધાબળે ટકી રહ્યું હતું. એ અરસામાં એમની જ કૃપાથી કે અન્યથા, અમદાવાદના પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર 'સન્દેશ'માં ગાયત્રી ઉપાસક પૂ. શાસ્ત્રીજીની મા-ગાયત્રીની અનુભૂતિઓનું આલેખન વાંચ્યું. પ્રારંભથી જ ગાયત્રીમાં અખૂટ ને અતૂટ શ્રદ્ધા હતી તેમજ ગીતા વગેરે ધાર્મિક વાચનમાં પણ અભિરુચિ હોવાથી શાસ્ત્રીજીને મળવાની પ્રેરણા જાગી. એક દિવસ પૂ. શાસ્ત્રીજીને અમારા કુટુંબના જ્યેષ્ઠ પુત્રે દર્શન કરી અમારી હકીકત જણાવી, એમણે પ્રેમપૂર્વક સાંભળી દરરોજ ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવા તેમજ એક પણ દિવસ ચૂકયા વિના શ્રીલક્ષ્મી નારાયણ પાઠ અને શ્રી બગલામુખી સ્તોત્રનું પઠન કરવા સૂચવ્યું. એ પ્રમાણે મારા મોટા પુત્રે માળા-પાઠનો પ્રારંભ કર્યો. આખા કુટુંબે ગાયત્રી માતાના જપ, અનુષ્ઠાન ધાર્મિક પ્રવૃત્તિ સાથે શરૂ કર્યાં એના ફળ રૂપે ધીમે ધીમે બાર વર્ષથી ચાલતા કેસમાં આકસ્મિકપણે સમાધાન થયું, ઉપરાંત જગ્યા ભાડે અપાતી નહોતી તે ભાડે આપવાના સંજોગો ઉપસ્થિત થયા અને દરેક કાર્યમાં યથોચિત ફેરફાર અનુભવ્યો. મનને શાંતિ મળી અને એ રીતે ઉત્તરોત્તર સુધારો થતો જ ગયો. આ બાબત સ્વાનુભવની અને અંતરની શ્રદ્ધામાં અભિવૃદ્ધિ કરે એવી બની છે અને અન્ય દુઃખી અને નિરાશ-હતાશ આત્માઓને ઉપયોગી નીવડે એમ છે.

આમ પૂ. શાસ્ત્રીજીનું માર્ગદર્શન, આશીર્વાદ, સ્તોત્રપઠનનો નિર્દેશ ને માનવીની નિજી શ્રદ્ધા જીવનના દુર્ગમ પથને પાર કરવા માટે શ્રેયસ્કર ને સમર્થક નીવડયાં છે.

આપણાં હિંદુ ધર્મની પ્રાર્થનાઓમાં સ્તોત્રનું સ્વકીય મહત્ત્વ છે. આપણા ધાર્મિક સાહિત્યમાં અસંખ્ય સંસ્કૃત સ્તોત્રો મળી આવે છે. સ્તોત્રો ચોક્કસ છંદ-રાગ-ઢાળ-લયમાં ઢાળેલા હોય છે. એ છંદ-લય અનુસાર સ્તોત્રનું ગાન-પઠન

Scanned by CamScanner

કરવાથી માણસની ચેતના સૂક્ષ્મ અને વિલક્ષણ સ્પંદનોની અનુભૂતિ કરે છે. એ સ્પંદનો એના મન-પ્રાણ-આત્મા સુધી ગતિ કરીને પહોંચે તે પળો દરમ્યાન એ અભૂતપૂર્વ શાંતિ ને શુચિતાનો અનુભવ કરે છે. એક ચોક્કસ પ્રકારના સ્પંદનોથી માનવીના ચિત્તને સ્પંદિત કરે છે. આહ્લાદકતાની અનુભૂતિ કરાવે છે.

આ સજ્જન દ્વિતીય અનુભવ વર્ણવતાં લખે છે. "મારી પત્નીને ગળામાં ગાંઠ હતી અને ઓપરેશન કરાવ્યું. ત્યાર બાદ ફરી ગાંઠ નીકળી પણ ડિસેમ્બર '૭૭ માં અમારા કેસના સમાધાનની વાત કરવા આવ્યા ત્યારે પૂ. શાસ્ત્રીજી પાસેથી જીવનજળ લીધું હતું. જે જાન્યુઆરીથી ડાકટરની કોઈ પણ જાતની દવા લીધા વગર ચાલુ કર્યું, એક મહિના બાદ લોહીનો રીપોર્ટ તદ્દન નોર્મલ આવ્યો ને હવે ઘણું સારું છે, હજી અનેક મુશ્કેલીઓ આવે છે. પણ પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદ અને માતા ગાયત્રીની કૃપાથી દૂર થાય છે. શકિત મળે છે, અને મનને શાંતિ રહે છે. પૂ. શાસ્ત્રીજીના સૂચવ્યાનુસાર નિયમિતપણે માળા અને શ્રીલક્ષ્મી નારાયણ પાઠ અને શ્રી બગલામુખી સ્તોત્રનું પઠન કરું છું.

પ. પૂ. માતા ગાયત્રીના અને શાસ્ત્રીજીના આશીર્વાદ મારા પર અને મારા કુટુંબ પર ઉતરો અને અમારું કલ્યાણ કરો એ જ પ્રાર્થના.

જીવનની આધિ વ્યાધિ ઉપાધિમાં અટવાતા મૂંઝાતા લોકોને ગાયત્રી મહામંત્રનું રટણ માર્ગદર્શન આપે છે, એટલું જ નહિ, પણ અસાધ્ય એવા અનેક શારીરિક-માનસિક રોગો માટે અભિમંત્રિત 'જીવનજળ' કાર્યસાધક નીવડે છે. આ 'જીવનજળ' દ્વારા મનુષ્ય પોતાના રોગમાંથી મુકિત મેળવે છે. તબીબોના નિદાન પણ જ્યારે રોગોને સારા કરવા માટે વામણાં ઉતરે છે, ત્યારે આ 'જીવનજળ' માનવીને નૂતન જીવનનું પ્રદાન કરે છે.

---

કુ. પૂર્ણિમા ભગતજી

દેશાઈ પોળ એનીબેસન્ટ રોડ,

સુરત.

યાત્મિક કેડી

Scanned by CamScanner

આધ્યાત્મિક કેડી

# ગાયત્રી આરતી

( રાગ–જય જગદીશ હરે )

ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા, મા ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા
ચોવીસ અક્ષરે વસિયાં, ગાયત્રી માતા—ૐ

શંખ ચક્ર કમળ પાશાંકુશ ધારી (૨) ૐ
કમલાસને બિરાજતાં પંચમુખ ધારી—ૐ

સતો ગુણે સરસ્વતી રજો ગુણે લક્ષ્મી (૨) મા
તમો ગુણે મા કાલી ત્રણે ગુણ વાળી—ૐ

શ્રીંકારી સોનવર્ણે ધવલે હ્રીં કારી (૨) મા
ક્લીં રૂપે મા કાલી, ત્રિપદા ભયહારી—ૐ

પ્રાતઃ બાલારૂપે, મધ્યાહ્ને યુવતી (૨) મા
સાંજે વૃદ્ધા સ્વરૂપે, ચિંતવે ઋષિ મુનિ—ૐ

શાસ્ત્ર શ્રુતિ ગીતા વેદોની માતા (૨) મા
મહામંત્રમાં વસિયાં, ગાયત્રી માતા—ૐ

ત્રણે લોકનાં પાલક, ભકતોની માતા (૨) મા
લક્ષ્મી બુદ્ધિ શકિત સર્વની દાતા—ૐ

દુઃખ દારિદ્ર, રોગ ગ્રહ કલેશ ચિંતા (૨) મા
નાસે સર્વે વ્યાધિ, જપે મંત્રમાળા—ૐ

મા ગાયત્રીની આરતી જે ભાવે ગાશે
દુઃખ દરિદ્ર હરશે, સુખ શાંતિ થાશે—ૐ

卐

Scanned by CamScanner

# પરિચય પૂર્વે અને પશ્ચાત્....



વેદોના પુરાતનકાળથી આપણા ભાવજગતમાં સન્તો–સિદ્ધપુરુષો–ઋષિ-મુનિઓ વિશે એક રૂઢ ખ્યાલ સ્થિરતા જમાવીને બેઠો છે. કોઈપણ સિદ્ધપુરૂષ–સન્ત વિશે વિચાર કરતાં, સાંભળતાં જ ભગવાં વસ્ત્રો, લાંબી દાઢી, લાંબા વાળ, શરીરે ભસ્મ, કપાળમાં તિલક, હાથમાં દંડ, ભિક્ષાપાત્ર, આધ્યાત્મિક ફિલ્સૂફી, ઈશ્વરવિષયક તત્ત્વજ્ઞાનને અભિવ્યક્ત કરતો એમનો વાણીપ્રવાહ, વગેરે વગેરે બાબતો, એમનો આખો યે પરિવેશ આપણા ભાવજગતમાં ઊપસી આવે છે. પરન્તુ સન્તો–સિદ્ધપુરુષો વિશેના વેદકાલીન પરંપરાગત ખ્યાલનું ખંડન પૂ. શ્રી શાસ્ત્રીજીમાં જોવા મળે છે. સામાન્ય જનસમાજને પૂ. શ્રી શાસ્ત્રીજીનો પરિચય સૌ પ્રથમ 'સન્દેશ'ની શુક્રવારની કોલમ 'અગોચર મનની અજાયબી' દ્વારા જ થાય છે. એમાં પૂ. શ્રીના આશીષ એમનું માર્ગદર્શન, માતાજીની આરાધના અને ગાયત્રી–મંત્રજપના અનેકવિધ અનુભવોના લેખોથી લોકો એમને મળવા પ્રેરાય છે ત્યારે એમના મનમાં પૂ. શ્રી શાસ્ત્રીજી વિશે પેલો જ રૂઢિગત ખ્યાલ હોય છે. 'શાસ્ત્રીજી' શબ્દ વાંચી શાસ્ત્રીજી વિશે પોતાના ચિત્તમાં રૂઢ ખ્યાલ મુજબ પૂર્વભૂમિકા રચે છે. એ રૂઢ ખ્યાલ મુજબ, એમને મળતાંની સાથે જ પ્રથમ છાપ સન્ત ન હોવાની પડે છે. ફક્ત એમના મુખારવિન્દની ભવ્યતા, તેજસ્વિતા અને સૌમ્યતાની આભા રેલાવતી એમની પ્રતિભા આકર્ષક ને પ્રભાવકારી લાગે છે. એમનો બાહ્ય પરિવેશ આપણી ચીલચાલુ સન્ત હોવાની, સિદ્ધપુરુષ હોવાની કાલ્પનિક છાપનું ખંડન કરે છે. એમને સન્ત તરીકે જાણીએ છીએ, છતાં એમનો બાહ્ય પરિવેશ અને આપણા રૂઢ ખ્યાલ સાથે કોઈ મેળ જામતો નથી ને તેથી મન દ્વિધા અનુભવે છે કયારેક શંકા–આશંકા પણ પળભર માટે ઝબકી જાય છે, એ દ્વિધા–શંકા–આશંકા શાસ્ત્રીજી વિશે કુતૂહલ ને જિજ્ઞાસા પ્રેરે છે. એમની સાચી ઓળખ મેળવવા, એમનો સાચો પરિચય પામવા, એમની પાસેથી કંઈક જાણવા–સમજવા હૃદય તત્પર બને છે. સામાન્ય મનુષ્ય એમના પ્રથમ પરિચયમાં આવે છે, એમની પાસેથી ગાયત્રી–મંત્ર અંગે, માતાજીની આરાધના વિશે તદ્દન સરળ ને સચોટ માર્ગદર્શન મેળવે છે. એમના આશીર્વાદ પ્રાપ્ત કરી, માની કૃપાપ્રસાદી પ્રાપ્ત કરે છે, ને ત્યાર પછી ઉત્તરોત્તર મુલાકાતમાં શાસ્ત્રીજી સાથે નિકટતા કેળવાતી જાય છે, જેમ જેમ પુષ્પથી યે મૃદુ ને પ્રેમાળ, અનુકંપાશીલ, વાત્સલ્યસભર એમના હૃદયનો પરિચય થાય છે ત્યારે તેમનામાં સાચા સન્તનાં સાચ્ચી સાધુતાનાં દર્શન થાય છે. એમના આશીર્વાદ, એમનું માર્ગદર્શન, એમનું સાન્નિધ્ય, સત્સંગ પ્રાપ્ત કરી મનુષ્ય પોતાના સંસ્કાર મુજબ, પોતીકી શ્રદ્ધા, શરણાગતિને સમર્પણની ભાવના મુજબ ભકિત પ્રત્યે વિશેષ

Scanned by CamScanner

અભિમુખતા કેળવી શકે છે. જીવન ને સંસારના પ્રશ્નો સુલઝાવી શકે છે, એટલું જ નહિ, જીવનની વિષમતા ને વિસંગતતા પ્રત્યે ટક્કર ઝીલવાની શકિત, ધીરજ ને સ્વસ્થતા પણ પ્રાપ્ત કરી શકે છે. આવી કેટલીક વ્યક્તિઓના અનુભવ અહીં પ્રસ્તુત કર્યા છે, જે વાચકોને પ્રેરણાદાયક ને માર્ગદર્શક નીવડશે.

ઈ. સ. ૧૯૭૬ નો મે માસ. સૂર્ય તો જાણે આગ વરસાવી રહ્યો હતો. સૂરતના વરાછારોડ પર આવેલી સૂરત ટેક્ષટાઇલ મિલના મેનેજિંગ ડિરેકટર મુ. શ્રી ભૂપેન્દ્રભાઈ કાપડિયા ને એમનું આખું ય કુટુમ્બ એવા જ પરિતાપમાં શેકાતું હતું. કારણ ભૂપેન્દ્રભાઈના નાનાભાઈ દિલીપભાઈનો, કેટલાંક કારણોસર એક પગ આખો કાપી નાખવો પડયો હતો ને એઓ મુંબઈની હોસ્પીટલમાં જીવનની અસહ્ય વેદના ને લાચાર પળો વિતાવી રહ્યા હતા. તે જ અરસામાં ભૂપેન્દ્રભાઈએ 'સન્દેશ'ના લેખો દ્વારા શાસ્ત્રીજીની પ્રખર ઉપાસનાનો પરિચય મેળવ્યો હતો ને અમદાવાદમાં શાસ્ત્રીજીની શોધ કરવાનો વિચાર કરતા હતા ત્યાં જ, દિલીપભાઇને ઓપરેશન કરી પગ કાપ્યો તેના ચોથા જ દિવસે, અચાનક મુંબઈના એક દૈનિકમાં શાસ્ત્રીજીની મુલાકાતની જાહેર ખબર વાંચી. તે દિવસે તો છેલ્લો દિવસ હતો. જેની શોધમાં હતા તે તો સામે આવી મળ્યું. ત્યારે શાસ્ત્રીજી વરલી ખાતે લોકોને મુલાકાત આપતા હતા. ભૂપેન્દ્રભાઇ ભ્રાતૃભાવનાને હૈયે ધરીને દોડયા. ત્યાં જઈને જુએ છે તો લોકોની ઠઠ જામી હતી. એમણે ત્યાં નામ નોંધાવ્યું. ને બેઠા. પોતાનો વારો આવવાની રાહ જોતા. પા કલાક.... અડધો કલાક... કલાક.... બે કલાક.... સાડા પાંચ કલાકને અંતે એમની પ્રતીક્ષાનો અન્ત આવ્યો. એઓ શાસ્ત્રીજીના ઓરડામાં ગયા. બે હાથ જોડી ભાવાર્દ્ર હૈયે શાસ્ત્રીજીને પોતાના નાનાભાઈનો પગ કાપ્યાની સમગ્ર હકીકત જણાવી અને કહ્યું કે 'આપ આશીર્વાદ આપો કે એને ઝટ સારૂં થઈ જાય.' શાસ્ત્રીજીએ ગાયત્રી–મંત્રની ત્રણ માળા કરવા કહ્યું અને જણાવ્યું કે 'જો ઓપરેશન કરાવતાં પહેલાં તમે મને મળ્યા હોત તો હું પગ કપાવાની સલાહ ન આપત.' પણ કર્મની ગતિ ગહન છે. કોઈક કર્મવશાત્ જ એઓ તે પૂર્વે શાસ્ત્રીજીને મળી ન શકયા. એમનું માર્ગદર્શન મેળવી ન શકયા. બીજી વાર શાસ્ત્રીજીએ અભિમંત્રિત જીવનજળ આપ્યું ને એમ શાસ્ત્રીજીના પ્રયત્નોનો



Scanned by CamScanner

પ્રારંભ થયો.

પૂ. શ્રી શાસ્ત્રીજીના પ્રથમ દર્શને, સામાન્ય વેશધારી, સાધુતાનાં બાહ્ય આવરણોથી વેગળા રહેલા શાસ્ત્રીજી એક પળ તો ભૂપેન્દ્રભાઈને, સામાન્ય માનવી જેવા લાગ્યા ન લાગ્યા ત્યાં તો વળતી પળે જ એમની અસાધારણ ઉપાસનાના એમના ચહેરા પર વિલસતી પરમ તેજસ્વિતાથી કોઈ અદ્ભુત હૈયાધરપત મેળવી ને એમની વિરલતાનો પરિચય થયો. ભૂપેન્દ્રભાઈએ પોતાની સાડા પાંચ કલાકની પ્રતીક્ષા દરમ્યાન ત્યાં બેઠેલા અનેક પાસેથી શાસ્ત્રીજીની ઉપાસના ને એમણે આદરેલ કાર્યપ્રણાલી અંગે સાંભળ્યું ને એમના ચિત્તતંત્રમાં એક ઝબકાર થયો : 'સૂરતમાં પણ આવો આધિ–વ્યાધિ–ઉપાધિથી સંતપ્ત થતો વિશાળ જનસમુદાય છે, તો શાસ્ત્રીજી સુરત આવી એમના ગાયત્રી–મહામંત્રના નિદર્શનનું કાર્ય હાથ ધરે તો અનેક લોકોને એનો લાભ મળે. એનું સમગ્ર આયોજન હું સંભાળી લઈશ. સુરતની જનતાને આવો અમૂલ્ય લાભ મળવો જોઈએ. ભૂપેન્દ્રભાઈ અવારનવાર શાસ્ત્રીજીના દર્શને જતાં. બીજી વાર એઓ જ્યારે એમનાં દર્શને ગયા ત્યારે એમણે પોતાનો વિચાર શાસ્ત્રીજી સમક્ષ રજૂ કર્યો. શાસ્ત્રીજીને આ વિચાર ગમ્યો તો ખરો. પણ મા ગાયત્રીના આદેશ વિના ક્યાંય ન જતા શાસ્ત્રીજીએ સ્મિત વેરી કહ્યું : તમારી વાત તો સાચી છે, પણ હું તો માતાજીના આદેશ વિના ક્યાંય જતો નથી. જો માતાજીનો આદેશ થશે તો જરૂર હું સુરત આવીશ. એક પ્રખર સિદ્ધપુરૂષના આ શબ્દોને ભૂપેન્દ્રભાઈએ નતમસ્તકે ઝીલી લીધા. છતાં શાસ્ત્રીજીને સુરત નિમંત્રીને સુરતની સંતપ્ત જનતાને આવો અમૂલ્ય લહાવો મળે એવી પ્રબળ ને પ્રખર ભાવના ભૂપેન્દ્રભાઈ એમના અન્તરપટ પર ધારણ કરીને બેઠા હતા એઓ વારંવાર શાસ્ત્રીજીને વિનંતી કરવાનું તો ચૂકતા જ નહિ. પછી તો શાસ્ત્રીજીએ દિલીપભાઇને શકિતપ્રદાનની સારવાર આપવાનું શરૂ કર્યું હોવાથી શાસ્ત્રીજીના નિવાસસ્થાને જવાની તક સાંપડી તે દરમ્યાન શાસ્ત્રીજી અને ભૂપેન્દ્રભાઈનો પરિચય વધતો ગયો. શાસ્ત્રીજીના સ્નેહવાત્સલ્યથી ભૂપેન્દ્રભાઇ ખૂબ પ્રભાવિત થયા. આત્મીયતાનો-નિકટતાનો તંતુ સંધાઈને કંઈક દીર્ઘ બન્યે જતો હતો. શાસ્ત્રીજીને ભૂપેન્દ્રભાઈનો આ પરોપકારી વિચાર ગમ્યો તો ખરો, પણ એઓ માતાજીના આદેશની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

....આખરે પ્રતીક્ષાનો અન્ત આવ્યો. ભૂપેન્દ્રભાઈની પેલી ભાવનાનો વિજય થયો. માતાજીએ શાસ્ત્રીજીને સુરત જવાનો આદેશ આપ્યો. શાસ્ત્રીજીએ ભૂપેન્દ્રભાઈને માતાજીના આદેશની જાણ કરી. ભૂપેન્દ્રભાઈ ને એમનાં સમગ્ર



Scanned by CamScanner

કુટુંબીજનોનાં અસ્તિત્વ સાત્ત્વિક આહ્લાદથી નાચી ઊઠયાં. ભૂપેન્દ્રભાઈ માતાજીની કૃપા ને શાસ્ત્રીજીની સહૃદયતા સમક્ષ નત મસ્તકે ઝૂકી પડયા. લોકકલ્યાણનું એક કાર્ય કરવાની તક માતાજીની કૃપાથી મળી તે બદલ એમનું મન કૃતકૃત્યતાની લાગણીથી ભરાઈ આવ્યું. ઈ. સ. ૧૯૭૭ ને ૨૪ મી જાન્યુઆરીનો દિવસ ભૂપેન્દ્રભાઈ ને એમનાં કુટુંબીઓ માટે પરમ ધન્યતાનો દિવસ હતો. અન્તર ને જીવનના સમસ્ત વૈભવી ઠાઠથી ગાયત્રી-સંત-પ્રખર તપસ્વી પૂ. શ્રી શાસ્ત્રીજીનો એમણે સત્કાર કર્યો. એમનું સમસ્ત જીવન આવી પ્રખર સન્તકૃપાથી આલોકિત થઈ ઊઠયું. આજ ભૂપેન્દ્રભાઈ ને એમનાં કુટુંબીજનોને હૈયે હરખ માતો નહોતો. ગાયત્રીના સાક્ષાત્ અવતાર સમા શાસ્ત્રીજીના પુનિત પગલે આજ સમસ્ત જીવન ધન્ય બની ગયું હતું. ભૂપેન્દ્રભાઈએ તો તેમના સમસ્ત વૈભવી ઠાઠથી શાસ્ત્રીજીના સમગ્ર કાર્યનું વ્યવસ્થિત આયોજન કરી દીધું હતું.

પૂ. શાસ્ત્રીજીના ગાયત્રી-મહામંત્રના નિદર્શનકાર્યમાં ભૂપેન્દ્રભાઈએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું ને એમ. પૂ. શ્રીના સાન્નિધ્યના, આત્મીયતાના, એમના સ્નેહ-વાત્સલ્યના એઓ અધિકારી બન્યા.

પૂ. શ્રીની પરમ શીળી છત્રછાયા હેઠળ, એમના પ્રખર આશીષ ને અનેરા માર્ગદર્શન હેઠળ ભૂપેન્દ્રભાઈની શ્રદ્ધાએ એક નવું પરિણામ સર્જ્યું છે. આધ્યાત્મિકતામાં-ઈશ્વરભક્તિમાં તો પ્રથમથી જ દિલચશ્પી હતી, પણ પૂ. શ્રીના સાન્નિધ્યમાં, એમની ભક્તિમાં નવો જુવાળ આવ્યો. નૂતન વળાંક આવ્યો. આજ એઓ સમ્પૂર્ણ શરણાગતિ ને સમર્પણ ભાવનાથી ગાયત્રી કરી રહયા છે. શાસ્ત્રીજીને એમણે ગુરુપદે પ્રસ્થાપિત કરીને એઓ જીવન પ્રત્યે નરી નિશ્ચિતતા અનુભવી રહયા છે. કયારેક પણ જીવન કે વેપારમાં કોઈપણ પ્રકારની મૂંઝવણો ઉપસ્થિત થતાં, માતાજી ને ગુરુદેવનું સ્મરણ કરતાં આપોઆપ કલ્પનાતીત એવો ઉકેલ આવી જાય છે. જીવનના પાંચેક દાયકા વીતાવી ચૂકેલા ભૂપેન્દ્રભાઈ જીવન ને વેપાર ધંધામાંથી નિવૃત્ત થવાની પ્રતીક્ષા કરી રહયા છે. નિવૃત્ત થઈને મા ગાયત્રીને ચરણે, પ. પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીને શરણે, એમના લોકસેવાના કાર્યમાં જીવનનો ઉત્તરાર્ધ ને શેષકાળ વ્યતીત કરવાની પ્રબળ ભાવના સેવી રહયા છે.

*

ભૂપેન્દ્રભાઈના નાના ભાઇ અને સૂરત ટેક્ષ્ટાઈલ મિલના મેનેજિંગ ડિરેકટર



Scanned by CamScanner

સ્વ. શ્રી દિલીપભાઈ કાપડિયાએ જણાવ્યું હતું કે,

"મુંબઈમાં પૂ. શાસ્ત્રીજીની પ્રથમ મુલાકાત વખતે એમને અંગે કંઇક જુદા જ ખ્યાલો હતા. પરંતુ મુલાકાત પછી લાગ્યું કે તેઓશ્રી ખૂબ સરળ, સાદા અને માયાળુ છે. આપણા સ્વજન જ હોય એમ લાગ્યું.

એમના વધુ સંપર્કમાં આવ્યા પછી એમના વ્યકિતત્વનાં વિવિધ પાસાઓ જોયાં તેનાથી તેમના તરફ માન વધ્યું. એઓશ્રી અત્યંત મિતભાષી છે. વળી પોતાના માર્ગદર્શન કે આશિષ દ્વારા માનવી જે કંઈ સફળતા પ્રાપ્ત કરે તેને તેઓ 'મા ગાયત્રીની કૃપા' કહી ઓળખાવે છે. પોતાને તો એકમાત્ર માધ્યમ– નિમિત્ત ગણે છે. એ એમની ઉપાસનાની વિનમ્રતા છે, પણ એમની વાણી અત્યંત ગૂઢ હોય છે. તેઓ સર્વને મા ગાયત્રીની ભકિત કરવા કહે છે–પોતાની નહીં.

તેઓ સામી વ્યકિતની મુશ્કેલી સમજી તેને અનુકૂળ થઇ માર્ગદર્શન આપે છે. તેઓ હંમેશા કહે છે કે વિધિવિધાનમાં પડવાની જરૂર નથી. સંપૂર્ણ શરણાગતિથી ભકિત કરો.

એમના મુખ ઉપર હંમેશ સ્મિત ફરકતું જ રહે છે કદી ગુસ્સે થયેલા જોવામાં આવતા નથી. એમનું અમૂલ્ય માર્ગદર્શન લોકોને વિનામૂલ્યે મળે છે.

એમના જીવનના ઘણા પ્રસંગો પરથી જાણવા મળ્યું કે ઘણી વિકટ પરિસ્થિતિમાં પણ કોઈની સામે એઓ હાથ ધરતા નહીં.

જુદા જુદા સ્થળોના એમના પ્રવાસ દરમ્યાન તેમજ નિવાસ દરમ્યાન ત્યાંની પરિસ્થિતિમાં તેઓ અનુકૂળ થઈ જાય છે અને પોતે અંગત તકલીફ પણ હર્ષથી સ્વીકારી લે છે અને એ અંગે એમની કાંઈ ફરિયાદ હોતી નથી. એ પણ એમના સ્વભાવની વિશિષ્ટતા છે.

એમને મળવા આવનાર વ્યકિતઓની પણ એઓ ચિંતા રાખે છે અને પોતે પોતાની મર્યાદા બહાર જઈને એમને માર્ગદર્શન આપે છે.

એમની પાસે જરૂરી સાંત્વન અને માર્ગદર્શન મેળવવા દિવસ રાત અસંખ્ય

આધ્યાત્મિક કેડી

Scanned by CamScanner

મનુષ્યો આવતા જતા રહે છે.

તેમનામાં હનુમાનજીની નમ્રતા છે તો માતાજીની પ્રદીપ્યમાન તેજસ્વિતા છે. કૃષ્ણની પ્રસન્નતા પણ છે. કોઇપણ પ્રકારના ડોળ કે દંભ વિનાના આટલા સરળ, સાદા અને નિખાલસ સંતપુરુષ ભાગ્યે જ જોવા મળે. તેમના સંપર્કમાં આવનાર વ્યકિતઓના જીવનમાં તેઓ વ્યકિતગત રસ લે છે. ઉપદેશ આપવવાનું તેઓ હંમેશા ટાળે છે. પ્રવચનો અને વ્યાખ્યાનો આપવાનું તેમને પસંદ નથી. વાદવિવાદ અને ચર્ચામાં તેઓ ઉતરતા નથી, છતાં મુલાકાતીઓની શંકાનું વાતચીતથી સમાધાન કરે છે. તેમને ગમે છે ફકત પોતાના અનુયાયીઓ સાથે વાત કરવાનું તથા સાદી અને સરળ ભાષામાં તેમના જીવનમાં રસ લઈને તેમને મદદરૂપ થવાનું અને માગદર્શન આપવાનું. તેમના વ્યકિતત્વમાં એક એવું આકર્ષણ છે કે તેમના સાનિધ્યથી આપણને હૂંફ મળે છે.

તેઓ દરેક સંપ્રદાયને માને છે. કોઈમાં કંઈ ભેદ જોતા નથી. ફકત, વૈમનસ્ય, અહંકાર, ઈર્ષા સાથે તેઓ સંબંધ ધરાવતા નથી.

શંકાકુશંકા, તર્કવિતર્ક કરતા મનુષ્યોને તેમની આધ્યાત્મિક શકિતનો અનુભવ થતાં સત્ય વાતની પ્રતીતિ થાય છે.

સંતપુરુષની પરખ ખૂબ જ કઠિન છે. જે માર્ગ અને વ્યકિત આપણને અયોગ્ય અને નાપસંદ હોય તે માર્ગ કે વ્યકિતનો ત્યાગ કરવો, છતાં એટલું તો ચોકકસ છે કે કોઈ પણ મહાપુરુષને પોતાની બુદ્ધિ અને માપથી ઓળખવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. ખરું પૂછો તો મહાપુરુષોનાં ચરિત્રોમાં, એમના ગુણકીર્તનમાં, એમનાં કાર્યોમાં સંશય કરવો સારો નહીં. એમનાં કાર્યોને પાપપુણ્યની દ્રષ્ટિથી ન મૂલવવાં.

જગતના કલ્યાણ માટે ગાયત્રી મંત્રનો પ્રચાર કરવાનો એમને આદેશ મળેલ છે. તેમનો સેવાનો કાર્યક્રમ વિશ્વના સર્વ ધર્મોને અનુરૂપ છે અને તેથી સેવાના આ વિશિષ્ટ કાર્યક્રમમાં સહભાગી થવા એમને સુરત આવવા અમે નિમંત્રણ આપ્યું હતું.

એમના સાન્નિધ્ય, સાથ, સહકાર અને માર્ગદર્શન હેઠળ ગાયત્રી ફાઉન્ડેશન

Scanned by CamScanner

ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. એનો ઉદ્દેશ લોકોમાં ધાર્મિકતાને જાગૃત કરી ધર્માભિમુખ બનાવવા ઉપરાંત સેવાના એમના વિશિષ્ટ કાર્યક્રમથી લોકોને મદદરૂપ થવાની છે.''

ભકિતપરાયણ માતાપિતાની કૂખે-કુટુંબમાં જન્મી-ઉછરીને સ્નાતિકા થયેલી ઉદવાડાની એક બહેન કુ. મીનાક્ષી મોદીને માતાજીની કૃપાની ને પૂ શ્રી શાસ્ત્રીજીની આશીષની જે અનુભૂતિ પ્રાપ્ત થઈ છે તેને શબ્દશઃ અહીં પ્રસ્તુત કરી છે. મીનાક્ષીબહેન કહે છે :

''સર્વજનકલ્યાણપ્રદાત્રી પરમ મંગલસ્વરૂપા મા ભગવતી ગાયત્રી પ્રતિની નિષ્ઠા, શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ તેનામાં જ પ્રાપ્ત થઇ શકે છે કે જેઓએ પૂર્વજન્મમાં કોઇક સારાં કાર્યો કર્યાં હોય અને અંશતઃ અપૂર્ણ રહેલ કાર્યો તેઓ પૂર્વજન્મનાં કરેલ સારાં કાર્યોના બળે જ આગળ વધી પૂર્ણ કરી શકે છે. મા ગાયત્રીના ભકિતરૂપી માર્ગ પર જે માનવી ચાલે છે તેને કોઇપણ પ્રકારે વહેલું યા મોડું પરિણામ પ્રાપ્ત થયા વિના રહેતું નથી. તેને અવશ્ય ફળ પ્રાપ્ત થાય જ છે. જરૂરત છે માત્ર નિષ્કામ ભકિતની, જરૂર છે સંપૂર્ણ શરણાગતિની. આપણી બુદ્ધિમાં એટલી પવિત્રતા હોવી જોઈએ કે તે માની ભકિત કરવામાં, માનું નામ લેવામાં સ્થિર થાય. અને એ રીતે જો પ્રાર્થના કરવામાં આવે તો માનું સ્મરણ કરતાંની સાથે જ તે સર્વ જીવોના ભયને હરી લે છે. સ્વસ્થ મનુષ્ય એનું ચિંતન કરે તો તેમને અત્યંત શુભ મતિ પ્રાપ્ત થાય છે. સાચે જ મા દારિદ્રય, દુઃખ અને ભયને હરનારી છે. એના સિવાય બીજું કોણ દયાળુ હોઈ શકે ? એને માટે તો જેઓને એમનો અનુભવ થયો હોય તે જ તેની ગહનતાને પામી શકે છે. અન્યથા એની શકિતને પામવાને માટે આ પામર માનવીની શકિતનું તો કોઈ જ ગજું નથી. મને પણ પૂજ્યશ્રી ગુરુદેવે મા ગાયત્રીના ભકિતરૂપી રાહ પર ચાલવા માટેનો પવિત્ર માર્ગ ચીંધ્યે અને પરિણામરૂપે મને અનેક અનુભવો થયા. બધા પૂજ્યશ્રીના પ્રતાપે જ થયા છે એમ હું માનું છું.

........ત્યારે મને બરાબર યાદ છે કે મારી S Y. B. Com ની final Exam ખૂબ જ નજીક આવી રહી હતી. આથી પરીક્ષાની તૈયારી ચાલી રહી



Scanned by CamScanner

હતી. થોડો ભય પણ હતો જ કે પરીક્ષા કેવી જશે? આથી વાંચવાનું પૂરજોશમાં ચાલતું હતું. બીજે જ દિવસે પરીક્ષા હોવાથી આગલી રાત્રે હું જુદા જ રૂમમાં એકલી બેસીને વાંચતી હતી. લગભગ ૧૨ વાગ્યા, એકાએક જ રાત્રીની નીરવ શાંતિમાં મને કંઈક અવાજ સંભળાવા લાગ્યો. પહેલાં તો મને થયું કે હશે કંઈક જીવજંતુ! રાત્રિના શાંત વાતાવરણમાં તો સંભળાય જ. પરંતુ સતત મારા કાનમાં સંભળાવા લાગતા અને તે અવાજ પણ કેવો! કોઇક વ્યક્તિ ઝાંઝર પહેરીને ચાલતી હોય એમ છમ્....છમ્....છમ્ બસ એક જ લયમાં એક સરખા અંતરે સતત અવાજ સંભળાવા લાગ્યો. ખરેખર, પછી તો મને ઘણો જ ભય લાગ્યો. આથી હું મારી બા પાસે ગઈ અને એમને પૂછી જોયું કે તમને કંઈ સંભળાય છે એમણે સાંભળવાની કોશિશ કરી પરંતુ વ્યર્થ....મારા સિવાય કોઇને પણ આ અવાજ સંભળાતો જ નહોતો. મને તો ખૂબ જ બીક લાગી. જેમ તેમ કરીને સવાર પડી. વાંચવામાં ચિત્ત નહોતું લાગતું. પરીક્ષામાં પણ મને થતું કે શું હશે? ગમે તેમ કરીને પરીક્ષા પસાર કરી મારો તો રોજનો ક્રમ થઈ ગયો. સાંજે સાત વાગે એટલે છમ્....છમ્.... અવાજની શરૂઆત થઈ જતી તે સવારે ૫ વાગ્યા સુધી સતત સંભળાતું. ધીમે ધીમે એની અસર મારી તબિયત પર થવા માંડી, મારું શરીર કાળું પડવા માંડયું અને ભય સતત મારી સાથે જ રહેવા લાગ્યો મને થતું કે રાત જ ન પડે તો સારું. મારા ઘરની દરેક વ્યક્તિને મારી ચિંતા થવા માંડી, પહેલાં તો મારી મશ્કરી કરતા. મારી વાતને હસવામાં કાઢી નાંખતા અને કહેતા કે એ તો મેન્ટલી ઈફેકટને લીધે આવું થાય છે. પરંતુ જ્યારે દરરોજ મારી સ્થિતિ કફોડી થતી જતી જોઈને તેઓ પણ વિચારમાં પડી ગયા કે શું હશે? ડોકટરને બતાવી જોયું. પરંતુ નિરાશા જ પ્રાપ્ત થઈ. છેવટે દોરાધાગા કરનારને પણ કે જેમાં હું તો બિલકુલ માનતી જ નહોતી છતાં પણ મારે તેઓ કહે તેમ કરવું પડતુ. એમાં પણ નિરાશા—આખરે એક દિવસ મારી નજર સંદેશના "અગોચર મનની અજાયબી" વિભાગ પર પડી અને તેમાં પરમપૂજ્યશ્રી શાસ્ત્રીજીનો લેખ વાંચવામાં આવ્યો. મારા મનમાં વિચાર ઝબકી ગયો કે શા માટે હું આ બધા ઉપાયો કરું છું તો એક ઉપાય વધારે ન કરું? સંદેશ કાર્યાલય પરથી એડ્રેસ મંગાવ્યું. અને પૂજ્યશ્રીને પ્રથમ પત્ર લખ્યો. તે વખતે તેઓશ્રી બહુમાળી બિલ્ડીંગની ઓફીસમાં હતાં. અમે તો શોધતા શોધતા ગયા. પૂજ્યશ્રી શાસ્ત્રીજીના મુખની તેજરેખા જોતાંની સાથમાં જ મેં મનોમન નક્કી કરી લીધું કે જો મને સારું થશે તો એમના થકી જ થશે. નહિતર થવાનું નથી અને હું બીજા કોઈ ઉપાય કરીશ પણ નહિ. એમના સ્મિતવદન ને નિરખતા અમારા મનમાં પૂજ્યભાવ ઉત્પન્ન થયો અને અનાયાસ



Scanned by CamScanner

જ હાથ જોડાઈ ગયા. એમને પ્રણામ કર્યા. અમને સાંજે ઘરે મળવા માટે કહ્યું– આગળ પત્ર લખ્યો હતો તે જ તમે છો કે ? એમ પૂછતા જ મેં તરત જ હા ભણી દીધી. એમણે મને મા ગાયત્રીની ત્રણ માળા કરવા કહ્યું અને "મા બધું સારું કરી દેશે" એમ કહ્યું. સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિભાવથી મેં માનું નામ લેવાનું શરૂ કર્યું. કોઇ દિવસ માળા તો કરી નહોતી. મા ગાયત્રીનો ફોટો પણ મારા ઘરમાં નહોતો. ખૂબ જ તપાસ કરતાં તો મને માનો ફોટો પ્રાપ્ત થયો. એક મહિનો ગયો તો પણ અવાજ તો સંભળાતો જ હતો. મને થયું કે મારી ભક્તિમાં કંઈક ત્રુટિ હશે. આથી મેં સંપૂર્ણ શરણાગતિપૂર્વક માનું નામ લેવાનું શરૂ કર્યું. પૂજ્યશ્રીના એક વાક્યે 'મા બધાનું સારું જ કરી દેશે." મને જીવવાનું બળ, નામ લેવાનું બળ પ્રાપ્ત થતું હતું. ધીમે ધીમે ચાર મહિના થયા, છ મહિના થયા. અંતે અવાજ બંધ થયો. અને મારું મસ્તક માનાં ચરણોમાં અશ્રુસહિત ઝૂકી ગયું. વહેલું યા મોડું, જો આપણી ભક્તિમાં એકાગ્રતા. નિષ્કામના હશે તો ફળ પ્રાપ્ત થયા વિના રહેવાનું નથી જ તેની પ્રતીતિ મને પ્રત્યક્ષ થઈ. મારી શ્રદ્ધામાં પૂજ્યશ્રી પ્રત્યેની, મા ગાયત્રી પ્રત્યેની આરાધનામાં એટલો બધો વધારો થયો કે એની શબ્દ દ્વારા પ્રતીતિ કરાવવા માટે મારી કલમમાં સામર્થ્ય નથી જ. ધીમે ધીમે મારા ઘરની દરેક વ્યક્તિને માનું રટણ કરવાની અને ગુરુદેવની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરવાની ટેવ પડવા માંડી, માનો કે એક વ્યસન જેવું જ બની ગયું કે જેને છોડવું અશક્ય અને અસંભવ જ છે. જો મને રાત્રે ઝાંઝરનો અવાજ ન સંભળાત તો પૂજ્યશ્રી ગુરુદેવ અને મા ગાયત્રીને હું પ્રાપ્ત કરી શકી ન જ હોત. આથી હું તો મારું સદ્દભાગ્ય સમજું છું કે દુઃખીથવાની સાથે સાથે મને અત્યંત કીંમતા માર્ગની પ્રાપ્તિ થઈ. મને બીક તો એવી લાગતી હતી કે મારી બાને મારે વળગીને સૂઈ જવું પડતું. એક રૂમમાંથી બીજા રૂમમાં જવું મારે માટે મુશ્કેલ હતું. ભય સતત મારો પીછો કરતો હતો કે છોડવાનું નામ લેતો નહોતો. મા ગાયત્રીની કૃપાથી, પૂજ્યશ્રીના આશીર્વાદથી ભય દૂર થયો એટલું જ નહિ, મારા જેવી અતિ સામાન્ય વ્યક્તિને મહામૂલા માર્ગની પ્રાપ્તિ થઈ!

ધીમે ધીમે મારું મન મા ગાયત્રીમય બનવા લાગ્યું. ડગલે-પગલે પંથ અને ધ્યેયમાં ઇચ્છિત, સરલતા, સ્થિરતા, શાંતિ, સફળતા અને પ્રકાશ પ્રગટવા લાગ્યા. સર્વ રીતે આનંદ પ્રવર્તવા લાગ્યો. નિરંતર એની ગોદમાં બેસી જપ, ધ્યાનના દિવ્યામૃત પીતાં સદૈવ મન સ્વસ્થ અને પ્રસન્ન રહેવા લાગ્યું. હું જ્યારે પણ માનું નામ લેવા બેસું કે તરત જ મન એકાગ્ર બની એમની આંખોમાં સ્થિર



Scanned by CamScanner

રહેવા લાગ્યું. મારા મનના સમગ્ર વિચારો આપમેળે બહાર નીકળતા અને મન સ્થિરતા પ્રાપ્ત કરવા લાગ્યું. માનું નામ લેતાં આંખમાંથી દડ દડ અશ્રુઓ પડવા માંડતા છતાં મનમાં તો બસ માનું રટણ ચાલુ જ રહે છે. ધીમે ધીમે એમના પરચાઓ પ્રાપ્ત થવા લાગ્યા. એક માળા પૂરી થાય અને બીજાની શરૂઆત થાય છે કે છબી પર ધુમ્મસ છવાઈ જાય છે. કંઈ જ દશ્યમાન થતું નથી. બસ અંધકાર જ હોય છે. અચાનક એક પ્રકાશ થાય છે. ખૂબ જ અલૌકિક અને અદ્‌ભુત પ્રકાશ અને તે સાથે જ માની છબી ઉપસી આવે છે. એમનું અલૌકિક રૂપ, દિવ્યતેજ અને સ્મિતવદન બસ જોયા જ કરું છું. આંખો જરા પણ હટતી નથી અને એ બધામાં એમની બે આંખો નહિં પરંતુ આમતેમ ફરતી આંખો ! ચેતનવંતુ શરીર ! હું ખરેખર રડી પડું છું કે મા તારું તેજદર્શન મારા જેવી સામાન્ય બાળકીને કરાવો છો તે માટે મારી જાતને હું ધન્ય માનું છું. માના પંચમુખો પૈકીનું માત્ર માનું વચ્ચેનું જ મુખ મને દશ્યમાન થાય છે કે જે ધીમે ધીમે જમણી બાજું ખસે છે, ત્યારબાદ માનું સમગ્ર શરીર માત્ર એક જ મુખ સાથે ડાબી બાજુ ખસે છે, વળી પાછું વચ્ચે આવીને સ્થિર થાય છે અને મને જાણે કહે છે કે. 'બેટા હું તારી સાથે જ છું. તું કંઈપણ ચિંતા કરીશ નહિ મારી નિરંતર ભકિત કર્યે જા." મારા કોઈપણ પ્રશ્નનો ઉકેલ મને મળી જ જાય છે. મારું મસ્તક માનાં ચરણોમાં નમી પડે છે અને પૂજ્યશ્રી ગુરુદેવ કે જેઓના થકી ભકિત શું ? આસ્તિકતા શું ? પૂજા શું ? ધ્યાન શું ? જપ શું ? કે પછી માળા શું ? બધા જ પ્રશ્નોના જવાબ મળી ગયા છે. એમનું ઋણ તો હું કોઈપણ જન્મે ચૂકવી શકવા માટે અસમર્થ છું. પૂજ્યશ્રીના જીવનજળમાં જે મીઠાશ છે, જે માધુર્ય છે એ તો અમૃત જ છે. કેટલી અપાર શકિત ભરી છે એ જીવનજળમાં કે જેના થકી લાખો લોકો જિંદગીથી કંટાળેલા દુઃખી લોકોએ તેનું પાન કરીને નવજીવન પ્રાપ્ત કર્યું છે અને કરી રહ્યા છે. એમને તો જો કે એ શકિત અને સંકેત માએ બક્ષ્યા જ છે છતાં પણ માને હું પ્રાર્થના કરું છું કે પૂજ્યશ્રીની શકિતમાં સતત વધારો થતો જ રહે અને દુઃખીઓના દુઃખ દૂર કરવાની વધુને વધુ શકિત પ્રાપ્ત થાય. મા ગાયત્રી કે એમનામાં મને તો કાંઈ જ જુદાપણું દેખાતું જ નથી. પૂજ્યશ્રી તો શાસ્ત્રીજીરૂપે છે એટલું જ પરંતુ મા ગાયત્રી જ હકીકતમાં પૂ. શાસ્ત્રીજી રૂપે છે એવું મારું દઢપણે માનવું છે.

લગભગ રાત્રીના બીજા પ્રહરમાં હું સતત ઊંઘમાં હોઉં છું તેવે સમયે એકાએક જ મારો હાથ મારા બા કે જે મારી નજીક સૂતા હોય છે એમના પર



Scanned by CamScanner

પડે છે અને તેઓ જાગી જાય છે. તેઓ મારા મોં પર જુએ છે અને તેમના જ શબ્દોમાં કહુ તો,

"મીના, તને તો કંઈ જ ખબર હશે નહિ પરંતુ તારા મોં પર કેસરના ઝીણા ઝીણા ટીપા બાઝી ગયા હોય છે. પહેલી જ વખત મેં જોયું તો મને થયું કે મીનાને આટલો બધો પરસેવો કેમ થયો ? એમ કરી હું સાફ કરવા માટે પ્રયત્ન કરું છું પરંતુ મારા હાથ તો સ્થિર થઈ ગયા હોય છે. માત્ર હું તો તારા મોં પર જ નજર સ્થિર કરીને જોયા કરું છું. ગુલાબી મોં અને તે પણ મા ગાયત્રીના વચ્ચેના મુખ જેવું જ. એટલું બધું સામ્ય કે મને થાય છે કે મા ગાયત્રી છે કે મીના તે કહેવું મુશ્કેલ છે. જો બીજી બાજુ સૂતા હોય તો હાથ મારીને પણ તું મને જગાડે છે અને દર્શન થાય છે. થોડા સમય પછી હું જોઉં છું તો કંઇ જ હોતું નથી. ખરેખર પહેલાં મને ઘણી જ બીક લાગી પરંતુ માના દર્શનમાં બીક કેવી ?"

આ બધી વાત જ્યારે હું સવારે જાણું છું ત્યારે મને મારા બા કરે આવો એમણે લગભગ કેટલીય વખત અનુભવ કર્યો. મનોમન મને થયું કે મા, તારી કૃપા તો અપરંપાર છે. તારા નાના શા અદ્ભુત દિવ્યમંત્રમાં અપાર શકિત અને સામર્થ્ય ઓતપ્રોત છે. એની આરાધના સર્વ કંઈ ભરવા-કરવા સમર્થ છે.

મારા અનુભવોમાં કાંઈ જ અતિશયોકિત નથી પરંતુ એક હકીકત જ છે કે મારા હૃદયના ભાવોને શબ્દો દ્વારા અંકિત કર્યા છે.

પૂજ્યશ્રી ગુરુદેવના કાર્યમાં પૂજ્યશ્રી બહેનનો ફાળો તો નાનોસૂનો તો નથી જ. પૂજ્યશ્રીની જેમ જ સદાય સ્મિત એમના ચહેરા પર વિલસતું જોવા મળે છે. થાક કે કંટાળો તો એમના મુખ પર જોવા મળતો જ નથી અને અવિરતપણે એઓ ગુરુદેવના કાર્યમાં સાથ આપી રહ્યા છે એ જોઈ જાણીને મારું હૃદય પુલકિત અને ગદ્ગદ્ થયા વિના રહેતું નથી. પૂજ્યશ્રીના અને મા ગાયત્રીના સાન્નિધ્યમાં રહેવાનો એમને જે મોકો મળ્યો છે એ ખરેખર નસીબવંતાને જ મળે છે અને પૂજ્ય બહેનશ્રી તેઓમાંના એક છે !

અંતમાં પૂજ્યશ્રી ગુરુદેવને હું કોટિકોટિ વંદન કરું છું. પૂજ્યશ્રી બહેનને

Scanned by CamScanner

મારા લાખો પ્રણામ !

મારું જીવન સરળતા અને સફળતાપૂર્વક પસાર કરું, જીવનને અંતે મને મા ગાયત્રી એમના અને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં રાખે એટલું જ નહિ. પરંતુ જન્મોજન્મ હું એઓની સાથે રહું એટલી જ મારી નમ્ર અરજ, લાગણીપૂર્વક પ્રાર્થના અને ઉત્કટ ઈચ્છા છે.''

ૐ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય
ધીમહિ ધિયો યોન: પ્રચોદયાત્ ૐ ॥

અત્રે મીનાક્ષીબહેન પાસેથી સાંભળેલી એક બીજી વાત પણ મારા સ્મરણપટ પર ઊપસી આવે છે. મીનાક્ષીબહેનને જ્યારે છમ્....છમ્... અવાજ સંભળાતો હતો તે દરમ્યાન સ્વપ્નમાં એમને એક અતિ તેજસ્વી, દિવ્ય સ્વરૂપના પુરુષનું 'દર્શન' થતું હતું. સૂટ–ટાઇ અને આંખે ચશ્મા–એ એમનો બાહ્ય પરિવેશ, મીનાક્ષીબહેન સામે જોઈ એઓ દિવ્ય સ્મિત કરતા ને મીનાક્ષીબહેન કંઈક સમજે–વિચારે એ પહેલાં સ્વપ્નદશ્ય પૂર્ણ થઈ જતું. મીનાક્ષીબહેનના મુખમાંથી શબ્દ સરી પડતો : 'ગુરુદેવ...' ને એમની આંખો ઊઘડી જતી. અનેક મથામણોને અન્તે પણ એ સ્વપ્નદર્શનનો તાગ ન મેળવી શકાતો, કારણ આવું સ્વપ્ન એમને અનેકવાર આવતું. 'સન્દેશ'ના લેખો વાંચી, એમનું સરનામું મેળવી, બહુમાળી મકાનમાં એઓ જ્યારે એમના માતા–પિતા સાથે શાસ્ત્રીજીને મળવા ગયા, ''શાસ્ત્રીજી વિશે પૃચ્છા કરતાં એક પટાવાળાએ એમની કેબીન દર્શાવી કહ્યું 'અન્દર જાઓ.' મીનાક્ષીબહેને કેબીનનું બારણું ઉઘાડ્યું. પેલા સ્વપ્નનું 'દર્શન' મીનાક્ષીબહેનની સન્મુખ સદેહ મૂર્તિમંત સ્વરૂપે સ્મિત વેરતું હતું. મીનાક્ષીબહેને સ્વપ્નમાં કરેલ તેજસ્વી દિવ્ય પુરુષના 'દર્શન' ને આ શાસ્ત્રીજીની તેજોમય મુખાકૃતિ વચ્ચે કોઇ ભેદ નહોતો !

આમ, જેમણે શાસ્ત્રીજીનાં એકવાર પણ દર્શન નથી કર્યાં, જેમણે એમની છબી પણ ક્યારેય જોઈ નહિ હોય, એમને વિશેનો કોઈ ખ્યાલ પણ મનમાં ન હોય એવી શ્રદ્ધાન્વિત–સાત્ત્વિક પ્રકૃતિની વ્યક્તિઓને આ રીતે શાસ્ત્રીજીનાં સ્વપ્નમાં કે 'સૂક્ષ્મ સ્વરૂપે સાક્ષાત્' દર્શન થાય છે, એ શાસ્ત્રીજીની ઉપાસનાની સિદ્ધિના દ્યોતક છે !

卐

Scanned by CamScanner

આવા પ્રખર સન્ત–સિદ્ધપુરુષનો સમાગમ, એમના આશીર્વાદ, એમનું માર્ગદર્શન, એમનો એક જ દૃષ્ટિપાત માનવજીવનનું કેવું સત્ત્વશીલ પરિવર્તન કરવા સમર્થ છે તે મીનાક્ષીબહેનના પિતા અને શાસ્ત્રીજીના કૃપાપાત્ર એવા મુ. શ્રી જમનાદાસભાઈની વાતો પરથી પ્રતીત થશે.

શાસ્ત્રીજી એટલે વયોવૃદ્ધ, દાઢીવાળા એવો તેમનો ખ્યાલ હતો. તેથી પટાવાળાએ જ્યારે શાસ્ત્રીજીની કેબીન બતાવી ત્યારે કેબીનને બારણેથી જ એઓ પાછા વળી ગયા અને કેબીનની બહાર આમતેમ આંટા મારવા માંડયા. એવામાં પેલા પટાવાળાએ પૂછયું, 'સાહેબ, શાસ્ત્રીજીને મળ્યા કે નહિ?' જમનાદાસભાઈએ કહ્યું : આ તો કોઈ ઓફિસર હોય એવું લાગે છે. પટાવાળાએ જવાબ આપ્યો, 'એજ શાસ્ત્રીજી !' જમનાદાસભાઈ કેબિનમાં ગયા એમની દીકરી મીનાબહેન તો શાસ્ત્રીજીને જોતાં જ ભાવ વિભોર બની ગયા. એમના સ્વપ્નદર્શનનો ભેદ અહીં પ્રત્યક્ષ થઇ ચૂકયો હતો. એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આ અગાઉ એઓ કયારેય શાસ્ત્રીજીને મળ્યા નથી, જોયા નથી ને છતાં શાસ્ત્રીજીએ સામેથી કહ્યું : 'તમારું નામ મીનાબહેન ને ? ઝાંઝરનો અવાજ સંભળાય છે તે તમે જ ને ? તમે જ પત્ર લખ્યો હતો ને?...' આ શબ્દો સંભળી મીનાબહેનની આંખો ફરી ભીની થઈ ગઈ. શાસ્ત્રીજીએ પ્રેમપૂર્વક આવકાર આપી ત્રણેને બેસાડયા ને કહ્યું : 'અત્યારે તો મારો સમય થઈ ગયો છે તેથી સાંજે સાત વાગ્યે તમે ઘેર આવજો ! શાસ્ત્રીજીએ એમને સરનામાનું કાર્ડ આપ્યું. આ બાજુ જમનાદાસભાઈના ચિત્તમાં શાસ્ત્રીજી પ્રત્યે અણગમો જાગ્યો, એમના ચારિત્ર્ય વિશે શંકા જાગી. અહીં વાત ન કરતાં ઘેર શા માટે બોલાવે છે એવો સંશય જમનાદાસભાઈને થયો. 'શાસ્ત્રીજી' નામધારી આ વ્યક્તિનો સૂટ–બૂટ–ટાઈનો બાહ્ય પરિવેશ જમનાદાસભાઈના ચિત્તના સંશયને દ્વિગુણિત કર્યો. શાસ્ત્રીજી તો સરનામાનું કાર્ડ આપી ઓફિસ બંધ કરી ઘેર જવા નીકળી ગયા. જમનાદાસભાઈએ તો દીકરીને ખૂબ ઠપકો આપ્યો ને કહ્યું 'મીના, તું તો ભળતે જ રસ્તે લઇ આવી. આ માણસ કોણ હશે ? કેવો હશે...?''

છતાંય દીકરીના પ્રેમને ખાતર એઓ સાંજે સાત વાગ્યે એમના નિવાસ-સ્થાને પહોંચ્યા. સૂટ બદલાઇ ગયો હતો ને એને સ્થાને કફની ને પાયજામો પરિધાન કર્યાં હતાં. નાનકડો અપ ટુ ડેટ ફ્લેટ, બહેન વગેરેને જોઈને જમનાદાસ ભાઈને લાગ્યું, આ તો સંસારી છે. એમને અનેકગણું વિસ્મય થયું. એમના મનમાં કશો તાગ ન બેઠો. શાસ્ત્રીજીની ઉપાસનાનો એમને કોઇ પરિચય ન થયો.



Scanned by CamScanner

શાસ્ત્રીજીએ મીનાબહેન સાથે થોડીક વાતો કહી. એમની મુશ્કેલીઓ વિશે જાણી લીધું ને બીજે દિવસે સવારે પુનઃ દસ વાગ્યે શાસ્ત્રીજીએ એઓને બોલાવ્યા. અહીં મને એક વાતની પ્રતીતિ થાય છે ને તે એ કે મુ. શ્રી જમનાદાસભાઇને શાસ્ત્રીજીની ઉપાસના, એમના ચારિત્ર્ય વિશે જે જાતનો સંશય જાગે છે તે કંઈક વધારે પડતો લાગે છે. કારણ કે આ રીતે એકદમ કોઈકના ચારિત્ર્ય માટે શંકા સેવવી એ બહુ મોટો અવિનય લેખાય સૂટ-બૂટ-ટાઈમાં કે કફની-પાયજામાના સામાન્ય સાદા પરિવેશમાં સિદ્ધ ઉપાસક તરીકે કોઇ વ્યક્તિ શાસ્ત્રીજીને ન ઓળખી શકે, છતાં એ પરિવેશ-એમનું વ્યક્તિત્વ એક સદ્‌ગૃહસ્થની છાપ તો પાડે જ છે. વળી એમના મુખ પર જે તેજ, સ્મિતની જે આભા વિલસી રહે છે તે સાચે જ વિલોકનીય ને શાતાકારી નીવડી રહે તેવી છે. છતાં સન્તોની, સિદ્ધપુરૂષોની પરંપરા, એમના બાહ્ય પરિવેશથી આપણે જે રીતે સુપરિચિત છીએ તે પરંપરાનું શાસ્ત્રીજીમાં સમ્પૂર્ણ ખંડન થયેલું જોવા મળે છે ને તેથી એ પરમ્પરાના ખ્યાલમાં જમનાદાસભાઇએ શાસ્ત્રીજીના ચારિત્ર્ય વિશે, એમની ઉપાસના વિશે શંકા સેવી ને આજે સમાજના આવા ઊજળા કહેવાતા લોકો પણ બહુ મોટી છેતરપીંડી, ગેરરીતિ, અનીતિઓ આચરતાં હોય છે તેથી જમનાદાસ-ભાઇની ગણતરીબાજ વેપારીબુદ્ધિ શાસ્ત્રીજીનો પરિવેશ સ્વીકારી ન શકી. ગમે તે... બીજે દિવસે સવારે જ્યારે એઓ શાસ્ત્રીજીના નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે શાસ્ત્રીજી તરત જ પૂજામાંથી ઊઠેલા હતા. શરીર પર અબોટિયું, ઉપરણું, શાસ્ત્રીજી પૂજાખંડમાંથી બહાર જ નીકળતા હતા ને એઓ જઈ પહોંચ્યા. શાસ્ત્રીજીનું એ 'દર્શન' જમુભાઈ પર અસર કરી ગયું. શાસ્ત્રીજી ધર્મિષ્ઠ ને સાત્ત્વિક પ્રકૃતિના જણાયા. શાસ્ત્રીજીએ માતાજીનો પ્રસાદ આપ્યો. મીનાબહેનને માર્ગદર્શન આપ્યું. ઝાંઝરના અવાજે એમના ચિત્તમાં જે ભય પ્રેર્યો હતો ને ભયને લીધે એમની તબિયત લથડી હતી તેને માટે શાસ્ત્રીજીએ 'જીવનજળ' આપ્યું. શક્તિપ્રદાન સારવાર આપી. આઠ-દસ દિવસમાં તો મીનાબહેન એકદમ સ્વસ્થ બની ગયા. વધુ ને વધુ શરણાગતિભાવે, શ્રદ્ધાપૂર્વક ગાયત્રી-ભક્તિ કરવા લાગ્યા. મીનાબહેને તો અનન્ય ભાવે શાસ્ત્રીજીને ગુરુપદે પ્રસ્થાપિત કર્યા.

શાસ્ત્રીજીની ઉપાસનાની, એમના આશીર્વાદની, એમના સાન્નિધ્યની, એમના સત્સંગની પરાષ્ઠા તો હવે આવે છે. દીકરી મીના તદ્દન સારી થઇ એટલે તો પછી એઓ અવારનવાર શાસ્ત્રીજીના દર્શને અમદાવાદ જવા લાગ્યા. એમના સાન્નિધ્ય ને સત્સંગમાં રહેવા લાગ્યા. મુ. શ્રી જમુભાઈ આમ તો એમની તેર

Scanned by CamScanner

વર્ષની ઉમ્મરથી માતાજીની અનન્યભાવે ભક્તિ કરતા હતા. પણ કદાચ એમના કોઈક પાપબળે જ એઓ કુછંદે ચડી ગયા હતા. સીગારેટ, દારૂ, માંસાહાર, દાણચોરોની દોસ્તીમાં એઓ રચ્યાપચ્યા રહેતા હતા. આ ક્ષણે એમને શાસ્ત્રીજીનો ભેટો ન થયો હોત તો કદાચ, એમના કહેવા મુજબ, એઓ મોટા દાણચોર બની ગયા હોત. શાસ્ત્રીજી પોતાની ઉપાસનાની સિદ્ધિના બળે જમુભાઇના આ અને આવા આંતરિક ચારિત્ર્યનો તાગ મેળવી ચૂકયા હતા. એઓ કદી કોઈને સામે ચાલી કશું કહેતા નહિ. એમના દર્શનથી, એમના આશીષથી એમના સત્સંગથી અનેકોનું જીવન સન્માર્ગે પલટાયું છે તેમ જમુભાઇનું માનસ પૂ. શ્રીના દર્શનથી, એમના સાન્નિધ્ય–સત્સંગથી પલટાયું. એમણે એમનાં આ સર્વ વ્યસનોનો ત્યાગ કર્યો. દાણચોરોની દોસ્તી છોડી દીધી ને પવિત્ર ને સાત્ત્વિક જીવન જીવવા લાગ્યા. અનન્યભાવે શાસ્ત્રીજીને ગુરૂપદે પ્રસ્થાપિત કરી ગાયત્રી કરવા લાગ્યા. પહેલેથી જ એઓ તો માતાજીના ભકત હતા. વચ્ચે થોડાક ગાળો એવો આવ્યો કે જેમાં એમણે આવો પ્રમાદ સેવ્યો, પણ મા કદી પોતાના બાળકને કુમાર્ગે જવા નથી દેતી. એ હંમેશ એનું રક્ષણ કરતી રહે છે. જમુભાઈ પોતાના અનન્ય ભકત છે એ જાણીને જ માએ એમના આ કુમાર્ગે ગમનના સમયે એમને શાસ્ત્રીજીને સોંપી દીધા. એમનું જીવનનુ અતિ પવિત્ર બન્યું. એમની ભક્તિએ વિલક્ષણ ગતિ આરંભી. મા ભગવતીના આ પ્રખર ભકતને ત્યાં ભગવતી સાક્ષાત્ સદેહે પધાર્યાં. જમુભાઈએ તો કદી શાસ્ત્રીજીને ઉદવાડા એમના 'ભગવતી'ના આવાસે પધારવાનું નિમંત્રણ નહોતું આપ્યું. શાસ્ત્રીજીએ કદી માતાજી પાસે આદેશ માગ્યો પણ નહોતો, પણ માતાજીએ જમુભાઈની અનન્ય ભક્તિથી અને પૂ. શાસ્ત્રીજી પ્રત્યેના અતિ પૂજ્ય અને આદરભાવથી સામેથી જ શાસ્ત્રીજીને ઉદવાડા જમુભાઇને ત્યાં જવાનો આદેશ આપ્યો. ધરમપુરના શાન્તભાઈ દ્વારા શાસ્ત્રીજીએ જમુભાઈ ને આ વાતની જાણ કરી. ૧૯૭૭ના મે માસમાં મા ભગવતીના સિદ્ધભકત શાસ્ત્રીજીનાં પરમ પુનિત ચરણકમળોથી જમુભાઇનો 'ભગવતી' આવાસ, એમનું ભકતહૃદય, એમનું સમસ્ત અસ્તિત્વ, એમનું સમગ્ર જીવન પવિત્ર સુવાસથી આલોકિત થઇ ઊઠયાં. મને તો લાગે છે કે બહેન મીનાની ભાવપ્રચુર ભક્તિ અને પૂ. શ્રી પ્રત્યેનો અત્યંત આદર અને પૂજ્યભાવ જ એમના આવાસને આવા પ્રખર સન્તનાં ચરણકમળોની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરાવી શકયાં હશે. ભગવાન તો ભકતને આધીન હોય ને ? શાસ્ત્રીજીના ચારિત્ર્ય વિશે એમની ઉપાસના વિશે શંકાશીલ બનનાર જમુભાઈ આજ અધીર બની શાસ્ત્રીજીના દર્શને દોડી જાય છે. આ જ જમુભાઇ એમનાથી વિખૂટા પડતાં નાના બાળકની

Scanned by CamScanner

જેમ ડૂસકે ડૂસકે રડી પડે છે, એમણે એક દિવસ કહેલું : 'હું મિલનો માલિક છું, મારો વેપાર ધમધોકાર ચાલે છે. આજ હું કરોડપતિના રૂપમાં છું એટલી સમ્પત્તિ મારી પાસે છે, છતાં વેપારનું કે અન્ય કોઈ પ્રકારનું ટેન્શન નથી મને કદી કોઈ મૂંઝવણ નથી, થાય તો આપોઆપ એનું નિરાકરણ થઈ જાય છે. શાસ્ત્રીજીના આશીષથી ને માની કૃપાથી બધું જ યોગ્ય રીતે ચાલ્યા કરે છે. જમુભાઈના આ શબ્દોમાં માની અનન્ય શ્રદ્ધા ને શરણાગતિપૂર્વકની ભક્તિ ને વિશ્વાસ જ પ્રગટ થાય છે. શાસ્ત્રીજીના માર્ગદર્શનમાં, એમના આશીષમાં એમને અજબ આસ્થા છે !

卐



卐

ખભે ઝોળી ધરી ભાથા તણી મા ગાયત્રીના નામની,
એવા ભેખધારી મસ્ત કલંદર, અવનિ ઉપરે આવિયા.
નરેન્ નામ ધારણ કીધું, કીધી યાત્રા શરૂ સંસારની,
જે પળોજણ છોડવા, અંતે તો નામ અને કામની.

તે જ્યાં જ્યાં ફરે, જ્યાં જ્યાં વદે, ત્યાં એક વાત ઉચ્ચારતા,
કે, જાપ મા ગાયત્રી તણા, હર દુઃખને નિવારતા.
'શ્રદ્ધા અને શરણાગતિ' વળી હોય જો જીવન મહીં,
તો કરી જ દે છે પાર બેડો માત મારી સર્વદા.

સ્મિતવદન જેનું સર્વથા ને જેના મિલન થકી શાતા વળે,
તેવા સર્વદા એ સર્વને માનની નજરે જુએ.
મિનિટ દોઢેકના સમ્બન્ધમાં તેઓ હંમેશ વદે.
કે શરણ માનું શોધનારો કદી નિરાશાને ના વરે.

દુ:ખને સુખમાં ફેરવતાં પણ અહંકાર અડતો નથી,
જશ ગાય છે અહર્નિશ જે માત ગાયત્રી તણો
અંતર એટલે જ કહે છે કે પયગમ્બરી લાધી છે છતાં,
નરેન્ ! ભાર પયગમ્બરી તણો લેશ માત્ર સાલતો નથી.

*

Scanned by CamScanner

જગાડયાં આપ્તજન સૌને, ઠરીને વાત કરવાને
કે, કે'વા રાતમાં વાતો, જગતની માત આવી 'તી.
(ને) કહેતાં કંઠ રૂંધાયો, ન હૈયું હાથ રે'તું 'તું
હતો આનંદ હૈયામાં પરન્તુ આંખ રડતી 'તી.

સામટું સાતે સૂરજનું તેજ ઝળક્યું'તું
જન્મોજન્મનું પુણ્ય આજે સૌ સાથ પ્રગટ્યું'તું.
નિરાંત હૈયે માત મારી પાસ આવ્યાં'તાં
હતો આનન્દ હૈયામાં પરન્તુ આંખ રડતી'તી.

હે અલવિદા આ નોકરીને, તુજ શ્રેય તો મુજ પાસ છે,
સૌ કસોટી પાર ઊતર્યો બસ હવે કલ્યાણ છે.
ને તને જો મોક્ષ જોઈએ, ચાલ મારી સાથમાં
તો, ભક્તિ માગી શાસ્ત્રીજીએ સેવા સકળ સંસારની.

શુભરાત એ છોંતેરની સિતમ્બર પાંચમી તારીખ
રોશની ઝબકાર થાતાં, માત પ્રગટયાં તત્ પળે.
તો ઝૂકી ગયું મસ્તક ને ભાન તનનું ના રહ્યું
ને તર્જની માતની જોતાં, સમાધિ સહેજે સાંપડી.

મા ! મળે મને વણઝાર રોજ દીન દુખિયાઓ તણી
તો કરી દેશો પાર તેની આધિ–વ્યાધિ–ઉપાધિઓ.
વરદ હસ્ત ફેલાવીને આશીર્વચન સૌ આપિયાં
ને છોડી આંખ ભીની શાસ્ત્રીજી તણી,મા અંતર્ધ્યાન થયાં.

*

નથી ભગવાં નથી માળા ન વેશ જોગીનો
ચીલાચાલુ રસમ તોડી છતાં હૃદય ભગવું બનાવો છો !

દેખાય છે કે રોજ જનની વાત તમ સાથે કરે
કોક દિ' તો કહો એને કે અમ સાથ અણસારો કરે !



Scanned by CamScanner

# ગાયત્રી સ્તોત્ર

સુકલ્યાણીં વાણીં સુરમુનિવરૈઃ પૂજિતપદામ્ ।
શિવામાદ્યાં વન્દ્યાં ત્રિભુવનમયીં વેદજનનીમ્ ॥
પરાં શકિત સ્રષ્ટું વિવિધવિધિરૂપાં ગુણમયીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમ શુભગાનન્દ જનનીમ્ ॥ ૧

વિશુદ્ધાં સત્ત્વસ્થામખિલદુરવ થાદિહરણીમ્ ।
નિરાકારાં સારાં સુવિમલ તપોમૂર્તિમતુલામ્ ॥
જગજ્જયેષ્ઠાં શ્રીષ્ઠામસુરસુરપૂજ્યાં શ્રુતિનુતામ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૨

તપોનિષ્ઠભીષ્ટાં સ્વજનમનસન્તાપ શમનીમ્ ।
દયામૂર્તિં સ્ફૂર્તિં યતિતતિ પ્રસાદૈકસુલભામ્ ॥
વરેણ્યાં પુણ્યાં તાં નિખિલ ભવબન્ધાયહરણીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૩

સદારાધ્યાં સાધ્યાં સુમતિમતિ વિસ્તાર કરણીમ્ ।
વિશોકામાલોકાં હૃદયગત મોહાન્ધ હરણીમ્ ॥
પરાં દિવ્યાં ભવ્યામગમભવસિન્દવેક તરણીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૪

અજાં દ્વૈતા ત્રૈતાં વિવિધગુણરૂપાં સુવિમલામ્ ।
તમોહન્ત્રીં તન્ત્રીં શ્રુતિમધુરનાદાં રસમયીમ્ ॥
મહામાન્યાં ધન્યાં સતતકરુણાશીલ વિભવામ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૫

જગદ્ધાત્રીં પાત્રીં સકલવસંહાર કરણીમ્ ।
સુવીરાં ધીરાં તાં મુવિમલતપો રાશિસરણુમ્ ॥
અનેકામેકાં વૈ ત્રયજગદધિષ્ઠાન પદવીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૬

પ્રબુદ્ધાં બુદ્ધાં તાં સ્વજનમતિજાડ્યાપહરણીમ્ ।
હિરણ્યાં ગુણ્યાં તાં સુકવિજન ગીતાં સુનિપુણામ્ ॥
સુવિદ્યાં નિરવદ્યામમલગુણગાયાં ભગવતીમ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૭

Scanned by CamScanner

અનન્તાં શાંતાં યાં ભજતિ બુધવૃન્દઃ શ્રુતિમયીમ્ ।
સુગેયાં ધ્યેયાં યાં સ્મરતિ હૃદિ નિત્યં સુરપતિ ॥
સદાભકત્યા શકત્યા પ્રણુતતિભિઃ પ્રીતિવશગામ્ ।
ભજેઽમ્બાં ગાયત્રીં પરમસુભગાનન્દ જનનીમ્ ॥ ૮

શુદ્ધચિત્તઃ પઠેદ્યસ્તુ ગાયત્ર્યા અષ્ટકં શુભમ્ ।
અહોભાગ્યો ભવેલ્લોકે તસ્મિન્માતા પ્રસીદતિ ॥ ૯

卐

## ગાયત્રી કવચ

તત્પદં પાતુ મે પાદૌ જંઘે તુ સવિતુ પદમ્ ।
વરેણ્યં કટિદેશન્તુ નાભિં ભર્ગસ્તથૈવ ચ ॥

દેવસ્ય મે તુ હૃદયમ્ ધીમહિની ગલં તથા ।
ધિયો મે પાતુ જિહ્વાયાં યઃ પદં પાતુ લોચને ॥

લલાટે નઃ પદં પાતુ મૂર્ધાનં મે પ્રચોદયાત્ ।
તદ્વર્ણઃ પાતુ મૂર્ધાનં સકારઃ પાતુ ભાલકમ્ ॥

ચાક્ષુષી મે વિકારસ્તુ શ્રોત્રે રક્ષેતુકારકઃ ।
નાસાપુટેર્વકારો મે રેકારસ્તુ કપાલયોઃ ॥

ણિકારસ્ત્વધરોષ્ઠે ચ યકારસ્તૂર્ધ્વ ઓષ્ઠકે ।
આસ્યમધ્યે ભકારસ્તુ ગોકારસ્તુ કપાલયોઃ ॥

દેકારઃ કંઠદેશે ચ વકારઃ સ્કન્ધદેશયોઃ ।
સ્યકારો દક્ષિણં હસ્તં ધીકારો વામહસ્તકમ્ ॥

મકારો હૃદયં રક્ષેધિકારો જઠરં તથા ।
ધિકારો નાભિદેશં તુ યોકારસ્તુ કટિદ્વયમ્ ॥

ગુહ્યં રક્ષતુ યોકાર ઉરુમેનઃ પદાક્ષરમ્ ।
પ્રકારો જાનુની રક્ષેચ્ચોકારો જંઘદશયોઃ ॥

દકારો ગુલ્ફદેશે તુ યાત્કારઃ પાદયુગ્મકમ્ ।
જાતિવેદેતિ ગાયત્રી ત્ર્યમ્બકેતિ દશાક્ષરા ॥

આધ્યાત્મિક કેડી

卐

Scanned by CamScanner

# ગાયત્રી-ચાલીસા

દોહા–હ્રીં શ્રી કલીં મેધા, પ્રભા જીવન જયોતિ પ્રચંડ ।
શાન્તિ, ક્રાન્તિ જાગૃત પ્રગતિ રચના શકિત અખંડ ॥ ૧
જગતજનની મંગલ કરનિ, ગાયત્રી સુખધામ ।
પ્રણવો સાવિત્રી, સ્વધા સ્વાહા પુરન કામ ॥ ૨

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુત જનની, ગાયત્રી નિત કલિમલ દહની
અક્ષર ચોવીસ પરમ પુનીતા, ઈનિમેં બસે શાસ્ત્ર શ્રુતિ ગીતા
શાશ્વત સગુણી સતરૂપા, સત્ય સનાતન સુધા અનુપા
હંસારૂઢ સિતમ્બર ધારી, સ્વર્ણ કાન્તિ શુચિ ગગન વિહારી
પુસ્તક પુષ્પ કમંડલુ માલા, શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા
ધ્યાન ધરત પુલકિત હિય હોઈ, સુખ ઉપજત દુઃખ દુરમતિ ખોઈ
કામધેનુ તુમ સુર તરુ છાયા નિરાકાર કી અદ્દભુત માયા
તુમ્હારી શરણ ગ્રહૈ જો કોઈ, તરૈં સકલ સંકટ સોં સોઈ
સરસ્વતી લક્ષ્મી તુમ કાલી, દિપૈ તુમ્હારી જયોતિ નિરાલી
તુમ્હારી મહિમા પાર ન પાવૈ, જો શારદ શતમુખ ગુણ ગાવૈ
ચાર વેદકી માતુ પુનીતા, તુમ બ્રહ્માણી ગૌરી સીતા
મહામંત્ર જિતને જગ માંહી, કોઉ ગાયત્રી સમ નાહી
સુમરિત હિયમેં જ્ઞાન પ્રકાસૈ, આલસ પાપ અવિદ્યા નાસૈ
સૃષ્ટિ બીજ જગજનનિ ભવાની કાલરાત્રિ વરદા કલ્યાણી
બ્રહ્મા વિષ્ણુ રુદ્ર સુર જે તે તુમ સોં પાવેં સુરતા તે તે
તુમ ભકતન કી, ભકત તુમ્હારે, જનનિહિ પુત્ર પ્રાણ તે પ્યારે
મહિમા અપરમ્પાર તુમ્હારી, જય જય જય ત્રિપદા ભયહારી
પુરિત સકલ જ્ઞાન વિજ્ઞાના, તુમસમ અધિક ન જગમેં આના
તુમહિં જાનિ કછુ રહૈં ન શેષા, તુમહિં પાય કછુ રહૈ ન કલેશા
જાનત તુમહિ તુમહિં હૈ જાઈ, પારસ પરિસ કુધાતુ સુહાઈ
તુમ્હારી શકિત દિપૈ સબ ઠાઇ, માતા તુમ સબ ઠૌર સમાઈ

ધ્યાત્મિક કેડી

Scanned by CamScanner

ગ્રહ નક્ષત્ર બ્રહ્માણ્ડ ઘનેરે, સબ ગતિવાન તુમ્હારે પ્રેરે
સકલ સૃષ્ટિકી પ્રાણ વિધાતા પાલક પોષક નાશક ત્રાતા
માતેશ્વરી દયાવ્રત ધારી તુમ સન તરે પાતકી ભારી
જાપર કૃપા તુમ્હારી હોઈ, તાપર કૃપા કરેં સબ કોઇ
મંદ બુદ્ધિ તે બુદ્ધિ બલ પાવૈ, રોગી રોગ રહિત હો જાવેં
દારિદ્ર મિટે કટેં સબ પીરા, નાશૈ દુખ હરૈ ભવ ભીરા
ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી, નાશૈ ગાયત્રી ભયહારી
સંતતિ હીન સુસન્તતિ પાવૈ, સુખ સમ્પતિ યુદ મોદ મનાવેં
ભૂત પિશાચ સબૌ ભય ખાવેં, યમ કે દૂત નિકટ નહિં આવેં
જો સધવા સુમિરે ચિત લાઇ, અક્ષત સુહાગ સદા સુખદાઇ
ઘરવર સુખ પ્રદ લહૈં કુમારી વિધવા રહેં સત્યવ્રત ધારી
જયતિ જયતિ જગદમ્બા ભવાની તુમ સમ ઔર દયાલુ ન દાની
જો સદ્ગુરુ સોં દીક્ષા પાવેં, સો સાધન કો સફલ બનાવેં
સુમિરન કરે સુરુચિ બડભાગી, લહૈં મનોરથ ગૃહી વિરાગી ॥
અષ્ટ સિદ્ધિ નવનિધિકી દાતા સબ સમર્થ ગાયત્રી માતા
ઋષિ મુનિ જતિ તપસ્વી જોગી આરત અર્થી ચિન્તિત ભોગી
જો જો શરણ તુમ્હારી આવે, સો સો મનવાંછિત ફલ પાવેં
બલ બુદ્ધિ વિદ્યા શીલ સ્વભાઉ, ધન વૈભવ યશ તેજ ઉંછાઉં
સકલ બઢે ઉપજે સુખ નાના, જો યહ પાઠ કરે ધરિ ધ્યાના

યહ ચાલીસા ભકિતયુત પાઠ કરે જો કોઇ
તાપર કૃપા પ્રસન્નતા ગાયત્રી કી હોય ॥

卐

Scanned by CamScanner

ખાત્રી છે અમ કર્મ સંચિત ભાગ્યમાં પલટાય છે
ત્યાં લેખ ઉપર મેખ છે જ્યાં નામ એનું ગવાય છે.

છો, મા કસોટી પાર ઊતર્યાં આ સકળ સંસારથી
તો, કરો અમ આધિ–વ્યાધિ, ઉપાધિને કે જાય કામથી.

છે બધા દાતાર જગમાં હરકોઇ ભિક્ષુક રૂપમાં
દાતાર સાચી માત છે એવી સૂઝ દીધી તમે.

સમજાયું કારણ હવે તુજ મુકામ શેં નિલોષા મહીં
તો, શીખ દેવા સૌ કોઈને કે તારનારી માત છે.

ભૂલું નહીં હે માત ! તુજને, આ શાસ્ત્રીજી જામીન છે
તો લાજ મારી રાખજે, આ લાજ પણ તારી જ છે.

છે શાસ્ત્રીજી જો લાડકા આ વાતથી સહમત થાઉં છું
પૂછું છું હું પાય લાગી કે તારો હું શું થાઉં છું ?

❊

ત્યાં સૌમ્યમૂર્તિ એક સજ્જન વા'ર કરતા આવિયા
એહું હૈયું હેઠું જાણે, વિશ્વાસ થોડો લાધિયો,
છે બાળની કંઈ ભાળ તુજને છે પિછાન તેની માતની ?
ક્યારનું યે લવલવે છે, પોકાર છે એક માતનો.

સમજાય ના કે બાળ ઉપર કયમ વહાલ આવે છે અધિક
ધ્યાન કીધું, નક્કી કીધું, છે બાળ તો મારી નજીક
પછી, હાથે લીધું, કાંધે કીધું, જતન કરવાને અધિક,
(ને) ખાતરી સાથે કોલ દીધો, સોંપું હું માતની નજીક.

લાવ્યો છું આ બાળ તારો, મા ! રાખ તારી પાસમાં
જોજે વિખૂટું થાય ના, રાખ હાથમાં ને હાથમાં
પછી ચાર આંખો જ્યાં મળી, માતની ને બાળની
ત્યાં નિહાળી શાસ્ત્રીજીએ મૂર્તિ મનોહર માતની.

Scanned by CamScanner

નમ્રભાવે વિનવું, હે દયા તણી સાગર તને !
ભોળી ભવાની માત છું, ને વળી ત્રિભુવન પાળ છું
કે આશ મારી પૂરજે આ શાસ્ત્રી ઊભા સન્મુખ તું
હેતે કરી આરોગ્ય દે, વળી આયુષ્ય દે માર્કંડનું.

*

કલેવરને બદલવા આજ મહેફિલ છે મારી
તમાશો ન્હોય, છે શિરસાટેની રમત મારી,
પતાના સોદો સસ્તો આવતો નહિ દુનિયાદારી
છે દરબાર આ કલંદરનો, ઉઘાડી રાખજે બારી.

ફૂલ જેવું ફૂલ પણ કંટકો સહી જાય છે
સિંહણ કેરું દૂધ કો' શાસ્ત્રીજી જ જીરવી જાય છે,
છે તારનારો મરજીવો, અન્યથા જાણ્યો નથી
તો માફ કરજો આ ગીત મારાં કાયરો માટે નથી.

કિતાબ મારી કોરી છે ન કો' ડાઘ છે દુનિયા તણો
હિસાબ મારો એ જ છે, જયમ એક ને એક બે જ છે,
શીખું, ભણું હું શબ્દ સાચા મન-વચન-વાણી એક છે
એવા શાસ્ત્રીજી બસ સાથ છે તો જખ મારે છે જગત.

મા ! ગીત તારાં આગવાં છે, કોઈની દોલત નથી
આ શાસ્ત્રીજી છે ટ્રસ્ટી સાચા, કોઈની તાકત નથી,
ધનભાગ્ય મારાં આજ છે, ગીત તારાં ગવડાવતી
તો હાજર રહેવા નોતરું છું, તક રખે ગુમાવતી.

મારી ને એની આવ-જામાં કંઇ ભેદ લાગે શાસ્ત્રીજી ?
તે માગે છે મામ ને વળી હું માગું છું તેમને.
દાતારી જો કરવી જ છે તો લૂંટાવી દો દામન
આ ભિખારી, હું ભિખારી ને ભિખારી સઘળે બધે.

*



Scanned by CamScanner

મા ! તારા નામને અનાયાસે ય ભૂલી નથી શકતો
ને પીધા પછી એક ઘૂંટ, એ જામને ય મૂકી નથી શકતો
ગણું છું ગુણુ ત્હારા રોજ સરવાળોય નથી કરી શકતો
ને મથું છું ક્યારનો ત્હોયે, કંઈ યે પાર પામી નથી શકતો

(ને) તુજ સમીપે આવતાં, હવે પાયને રોકી નથી શકતો
(ને) તુજ સત્કારના કોઈ શબ્દો પણુ શોધી નથી શકતો
ને શાહજોગ લીધેલ તવ મૂડીનું, શાસ્ત્રીજી ! વ્યાજ પણુ આપી નથી શકતો
(હવે) પડી છે બેડીઓ એવી કે ખખડાવી નથી શકતો



શાસ્ત્રીજી ! તમ દોસ્તી તો ભારે પડી ગઈ
બિચારા આ અહમ્‌ની હસ્તી મટી ગઇ
ને બધાએ રોગની રામબાણુ દવા મળી ગઈ
જાણે હવે તો કોઈ એ માસ્ટર કી મળી ગઈ.

નિહાળી તારા રૂપને, જીવન કે' કવન થઇ ગયું
મળી આપસમાં દૃષ્ટોદૃષ્ટ, હૃદયનું નમન થઈ ગયું.
વિખૂટા બાળનું ને માતનું આમ મિલન થઈ ગયું
અનાયાસે જીવન સંગીતને આમ આવાહન થઇ ગયું.

*

મા ! જાપ તારો જાપતાં હજુ ચિત્તવૃત્તિ સ્થિર ના
આસન લગાવી બેસું છું, પણુ ભાવ મારો ભેદમાં
શ્રદ્ધા અને શરણાગતિ હજુ કેવળ રહી છે જીભમાં
તું શાસ્ત્રી બધાં કાં ભાળતી ! જો કે છીએ તેની જ જમાતના.

અહીં ધર્મ કે વિધર્મના કોઇ ભેદભાવ છે નહિ
ના વળી કોઈ નાત જાતો લિંગનાં બંધન નથી
અહીં ધર્મ માનવ એક ને કોઈ નાતના વાડા નથી
અહીં સીધો સંબંધ છે એટલો, એક માત ને સૌ બાળ છે.

Scanned by CamScanner

કેવળ ઝોળી ભરી તું દોડને અહીં નિલોષા ઉપર
ફક્ત માથું નમાવી બોજને તું નાખને શાસ્ત્રી ઉપર
જરૂર ફેલાવશે નિજ હસ્તને, તારા આ મસ્તક ઉપર
કે શરમાળ છે, એ સ્મિતવદન, ભીડ ભાંગશે કંઈ લીધા વગર.

જ્યારે ધન અને દોલત તણી અહીં માનહાનિ થાય છે
ને જગતનું જ્ઞાન, સાથે બુદ્ધિ પણ વમળ મહીં અટવાય છે
આ તબીબી જ્ઞાન સઘળું પૂર્ણવિરામમાં પરોવાય છે
ત્યારે ભાગતાના ભેરુ આ શાસ્ત્રીજી બની જાય છે.

ઘોડાપૂર આવે રોજ અહીં, કેવળ યાતના ને દુઃખ થૈ
ને આવતા એ ભદ્ર લોકો બસ દર્દમાં ચકચૂર થૈ
સૌ જાતા જણાતા સ્વસ્થ થૈ, આશ્ચર્ય થૈ, હસતા થઇ
કીધી કરામત શાસ્ત્રી થઈ? તમે દેવ થૈ કે લાલ થૈ?

આ શૂન્યમાં શબ્દો બની ગીત ગૂંજતી પણ તું જ છે
ને ફૂલમાં ફોરમ બની જગત પમરાવતી પણ તું જ છે
વેદો મહીં મહામંત્ર રૂપે મહાલતી પણ તું જ છે
સાચું કહ્યું! આ ભરસભામાં શાસ્ત્રીરૂપે શોભતી પણ તું જ છે

જાણી શકું ના મર્મ, હવે વાત સમજાતી નથી
ના ભુલવાની વાત અહીં ભૂલી જવાય છે
જ્ઞાના, બુદ્ધિ, તર્ક ને પૂછું છું એક વાત
અહીં આવતાં પલવાર કેમ 'હું' ભૂલી જવાય છે?

કુતર્ક ને કુબુદ્ધિ જો સાથ ભેગાં મળે
ભેગાં થતાં કુકર્મ જો, દિશા ઊંધી જડે
સદ્ભાગ્ય તારું હોય જો, શાસ્ત્રીજીનું શરણુ મળે
સૌ દુઃખ જાતાં, સુખનું સ્વાગત નકી મળે.

કંઈ આવતા સમરથ અહીં ખાલી વિધિને જણવા
કોઈ માગવા સંસાર સુખો કોઈ વ્યાધિને નિવારવા
જયાં મંત્ર ફૂંકે શાસ્ત્રીજી, આ તર્જની સીધી કરી
ત્યાં દુઃખને પણ ભાગવા, દિશા એકે ના જડી.

**શ્રી સતીશભાઇ ભટ્ટ**

આધ્યાત્મિક કેડી

卐

Scanned by CamScanner